ક્રમાંક :જી/સીપી/વિ.શા./મુદ્રક પ્રકાશક/૩૦૧૪/૨૦૨૫.-રાજય ચૂંટણી આયોગ દ્વારા તા.૨૮/૦૫/૨૦૨૫ ની અખબારી યાદી ક્રમાંક: ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક થી રાજયની ગ્રામ પંચાયતોને સામન્ય/વિભાજન/મધ્યસત્રની બેઠકો તેમજ પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની ચૂંટણી યોજવા કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે. તે મુજબ વડોદરા જીલ્લાની કુલ-૩૩૧ જેટલી ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાનાર છે. સદરહું ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ અન્વયે તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ મતદાન યોજાનાર છે. અને મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ યોજાનાર છે.

તેમજ ચૂંટણી પ્રક્રિયા તા.૨૭/૦૫/૨૦૨૫ ના રોજ પૂર્ણ થનાર છે. સદરહું ચૂંટણી કાર્યક્રમ મુજબ અત્રેના વડોદરા શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં ગ્રામ પંચાયતની સામાન્ય તેમજ પેટા ચૂંટણી કપુરાઈ, નંદેસરી, જવાહરનગર, છાણી, અટલાદરા, મકરપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં યોજાનાર છે. રાજય ચૂંટણી આયોગના તા.૨૮/૦૫/૨૦૨૫ ના ક્રમાંક: ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૧૨૦૨૫-ક થી ચૂંટણી જાહેર થયેલ વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે. જે મુજબ શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ/વહીવટી તંત્ર ધ્વારા/કાયદો અને વ્યવસ્થાની જાણવણી અંગે સંબંધિતોએ રાજય ચૂંટણી આયોગનાં આદેશ ક્રમાંક: રાચપ-ચટણ-સી.ઓ.સી.-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા.૧૭/૧૧/૨૦૨૧ મુજબ આદર્શ આચાર સંહિતાનો અમલ કરવાનો થાય છે.

ચુંટણીઓના પ્રચાર માટે ચોપાનીયા, ભીંતપત્રો, હેન્ડબીલ, ઉમેદવારો/રાજકીય પક્ષો તરફથી ઉમેદવારોની ઓળખ તેમજ અન્ય બાબતો વિવિધ છાપકામ કરાવી પ્રસિધ્ધ કરવામાં આવે છે તથા લોકોમાં વહેંચણી કરવામાં આવે છે. આવા દસ્તાવેજોમાં ધર્મ, જાતિ, જ્ઞાતિ, કોમ કે ભાષાને આગળ ધરીને મતદારોને અપીલ કરવા અથવા વિરોધી ઉમેદવારના ચારીત્ર ખંડન કરવા જેવી કોઈ ગેરકાનુની વાંધાજનક બાબત કે લખાણનો સમાવેશ થતો હોય તો સબંધિત વ્યકિત સામે આવશ્યક શિક્ષાત્મક કે નિયંત્રક પગલા લેવા જરૂરી જણાતા હોય,

વાસ્તે હું નરસિમ્હા કોમાર, પોલીસ કમિશ્નર (I.P.S.), વડોદરા શહેર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની આથી ફરમાવું છું કે, ઉકત જાહેર કરવામાં ચૂંટણી હેઠળના વડોદરા શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં,

૧. કોઈપણ વ્યકિત કે સંસ્થા જેના પર તેના મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામા ન હોય એવા ચુંટણીને લગતા ચોંપાનીયા ભીંતપત્રો છાપી કે પ્રસિધ્ધ કરી શકશે નહીં અથવા છપાવી કે પ્રસિધ્ધ કરાવી શકશે નહીં.

૨. કોઈપણ વ્યકિત કે સંસ્થા ચુંટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો છાપી શકશે નહીં કે છપાવવાની વ્યવસ્થા કરી શકશે નહીં. સિવાય કે,

(એ) તેની સહીવાળા અને તેને અંગત રીતે ઓળખતી હોય તેવી બે વ્યકિતઓએ શાખ કરેલ પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ તેણે મુદ્રકને આપી હોય અને,

(બી) લખાણ છપાયા પછી મુદ્રકએ ત્રણ દિવસમાં લખાણની એક નકલ સાથે એકરારપત્રની એક નકલ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીની કચેરીને તથા સબંધિત ચુંટણી અધિકારીશ્રીની કચેરીને મોકલી હોય. આ જોગવાઈ પુરતું,

(સી) હાથે નકલો કરવા સિવાય લખાણની વધુ નકલો કાઢવાની કોઈપણ પ્રક્રિયા મુદ્રણ ગણાશે અને મુદ્રકએ શબ્દના તે પ્રમાણે અર્થ થશે.

૩. ચુંટણી અંગેના છાપેલા કોઈ ચોપાનીયા કે ભીંતપત્રો કે આવી અન્ય સામગ્રી પર મુદ્રક પંકિતમાં મુદ્રક અને પ્રકાશકના પુરા નામ, સરનામા અને ફોન, મોબાઈલ નંબર દર્શાવવાના રહેશે.

૪. મુદ્રકે પ્રકાશક પાસેથી મેળવેલ એકરારપત્ર જોડાણ-ક અને જોડાણ-ખ ના નિયત નમુનામાં છાપકામ કર્યાના ત્રણ દિવસની અંદર જિલ્લા મેજીસ્ટ્રેટ કચેરી તથા સબંધિત ચુંટણી અધિકારીશ્રીને રજુ કરવાની રહેશે.

:: શિક્ષા::

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનામ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

:: અમલવારીનો વિસ્તાર અને સમયગાળો ::

વડોદરા શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના જે વિસ્તારમાં ચૂંટણી થનાર છે તે હદ વિસ્તારમાં આ હુકમ જાહેરનામાની તારીખથી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ :-૦૩/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

ક્રમાંક :જી/સીપી/વિ.શા./વિશ્રામ ગૃહ/૩૦૦૯/૨૦૨૫.-રાજય ચૂંટણી આયોગ દ્વારા તા.૨૮/૦૫/૨૦૨૫ ની અખબારી યાદી ક્રમાંક: ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક થી રાજયની ગ્રામ પંચાયતોને સામન્ય/વિભાજન/મધ્યસત્રની બેઠકો તેમજ પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની ચૂંટણી યોજવા કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે. તે મુજબ વડોદરા જીલ્લાની કુલ-૩૩૧ જેટલી ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાનાર છે. સદરહું ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ અન્વયે તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ મતદાન યોજાનાર છે. અને મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ યોજાનાર છે. તેમજ ચૂંટણી પ્રક્રિયા તા.૨૭/૦૫/૨૦૨૫ ના રોજ પૂર્ણ થનાર છે. સદરહું ચૂંટણી કાર્યક્રમ મુજબ અત્રેના વડોદરા શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં ગ્રામ પંચાયતની સામાન્ય તેમજ પેટા ચૂંટણી કપુરાઈ, નંદેસરી, જવાહરનગર, છાણી, અટલાદરા, મકરપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં યોજાનાર છે. રાજય ચુંટણી આયોગના તા.૨૮/૦૫/૨૦૨૫ ના ક્રમાંક: ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૧૨૦૨૫-ક થી ચુંટણી જાહેર થયેલ વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે. જે મુજબ શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ/વહીવટી તંત્ર ધ્વારા/કાયદો અને વ્યવસ્થાની જાણવણી અંગે સંબંધિતોએ રાજય ચુંટણી આયોગનાં આદેશ ક્રમાંક: રાચપ-ચટણ-સી.ઓ.સી.-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા.૧૭/૧૧/૨૦૨૧ મુજબ આદર્શ આચાર સંહિતાનો અમલ કરવાનો થાય છે.

ભારતીય ચુંટણી પંચના પત્ર ક્રમાંકઃ-૪૩૭/૬/૩૮/૨૦૦૪-પીએલએન-૩, તા.૦૬/૦૪/૦૪ ની સુચના અનુસાર વિશ્રામગૃહ, ડાક બંગલા, સરકારી રહેણાંક વિગેરેના વપરાશ બાબતે નિયંત્રણ રાખવા સુચના આપેલ છે.

વાસ્તે હું નરસિમ્હા કોમાર (I.P.S.) પોલીસ કમિશ્નર, વડોદરા શહેર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, ઉકત જાહેર કરવામાં આવેલ ચૂંટણી હેઠળના વડોદરા શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં,

૧. વિશ્રામ ગૃહ, ડાક બંગલા અને સરકારી રહેણાંકના ઉપયોગનો સત્તા પક્ષના સભ્યો કે ઉમેદવારો એક હથ્થુ અધિકારો ભોગવશે નહી અને આવા રહેણાંકનો ઉપયોગ બીજા પક્ષના સભ્યો કે ઉમેદવારોને પણ કરવા દેશે.

૨. કોઈપણ પક્ષ કે ઉમેદવારો આવા રહેણાંક (તેની સાથે જોડાયેલ આંગણુ-વરંડા સહિત) નો ઉપયોગ પ્રચાર કચેરી કે અન્ય ચુંટણી વિષયક હેતુ માટે કરી શકશે નહી. સરકારી વિશ્રામગૃહ, અતિથીગૃહ વિગેરેમાં રાજકીય પક્ષોના સભ્યોની પ્રાસંગીક મીટીંગ પણ યોજી શકાશે નહી.

૩. ચુંટણી પ્રચારમાં આવેલ જે મહાનુભાવોને સરકારી વિશ્રામ ગૃહ-અતિથી ગૃહ વિગેરેમાં રહેવા માટે રૂમ ફાળવવામાં આવી હોય તે મહાનુભવોને લાવતા-લઈ જતાં વાહનને જ સરકારી વિશ્રામગૃહ/અતિથીગૃહ વિગેરેના કમ્પાઉન્ડમાં રાખી શકાશે. જો તેઓ આ માટે એક કરતા વધારે વાહનોનો ઉપયોગ કરતા હોય તો બે થી વધારે વાહનોને વિશ્રામગૃહ/અતિથીગૃહ વિગેરેના કમ્પાઉન્ડમાં રાખી શકાશે નહી.

૪. એક જ વ્યક્તિને ૪૮ કલાકથી વધુ સમય માટે રૂમ ફાળવી શકાશે નહી તેમજ ચુંટણી પ્રચાર માટે આવતા કોઈ પણ મહાનુભવો મતદાન પુરૂ થવાના ૪૮ કલાક પહેલા વિશ્રામગૃહ/ અતિથીગૃહ વિગેરેમાં રહેવા માટે રૂમનો ઉપયોગ કરી શકશે નહી.

:: શિક્ષા::

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

:: અમલવારીનો વિસ્તાર અને સમયગાળો ::

વડોદરા શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના જે વિસ્તારમાં ચૂંટણી થનાર છે તે હદ વિસ્તારમાં આ હુકમ જાહેરનામાની તારીખથી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ :-૦૩/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

ક્રમાંક :જી/સીપી/વિ.શા./ચૂંટણી હથિયાર બંધી/૩૦૨૪/૨૦૨૫.-રાજય ચૂંટણી આયોગ દ્વારા તા.૨૮/૦૫/૨૦૨૫ ની અખબારી યાદી ક્રમાંક: ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક થી રાજયની ગ્રામ પંચાયતોને સામન્ય/વિભાજન/મધ્યસત્રની બેઠકો તેમજ પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની ચૂંટણી યોજવા કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે. તે મુજબ વડોદરા જીલ્લાની કુલ-૩૩૧ જેટલી ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાનાર છે. સદરહું ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ અન્વયે તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ મતદાન યોજાનાર છે. અને મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ યોજાનાર છે. તેમજ ચૂંટણી પ્રક્રિયા તા.૨૭/૦૫/૨૦૨૫ ના રોજ પૂર્ણ થનાર છે. સદરહું ચૂંટણી કાર્યક્રમ મુજબ અત્રેના વડોદરા શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં ગ્રામ પંચાયતની સામાન્ય તેમજ પેટા ચૂંટણી કપુરાઈ, નંદેસરી, જવાહરનગર, છાણી, અટલાદરા, મકરપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં યોજાનાર છે. રાજય ચૂંટણી આયોગના તા.૨૮/૦૫/૨૦૨૫ ના ક્રમાંક: ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૧૨૦૨૫-ક થી ચૂંટણી જાહેર થયેલ વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે. જે મુજબ શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ/વહીવટી તંત્ર ધ્વારા/કાયદો અને વ્યવસ્થાની જાણવણી અંગે સંબંધિતોએ રાજય ચૂંટણી આયોગનાં આદેશ ક્રમાંક: રાચપ-ચટણ-સી.ઓ.સી.-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા.૧૭/૧૧/૨૦૨૧ મુજબ આદર્શ આચાર સંહિતાનો અમલ કરવાનો થાય છે.

જાહેર થયેલ કાર્યક્રમના કારણે ઉમેદવારો તથા રાજકીય પક્ષો દ્વારા તથા તેમના કાર્યકરો ધ્વારા ચુંટણી લક્ષી પ્રચાર માટે તીવ્ર સ્પર્ધા થનાર છે. જેનાં કારણે જાહેર સુલેહશાંતિનો તથા કોમી એખલાસનો ભંગ થવાના પ્રસંગો બનવા સંભવ હોઈ, આવા સંજોગોમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે યોગ્ય પગલાં લેવાં ઈચ્છનીય છે.

વાસ્તે હું નરસિમ્હા કોમાર (I.P.S.) પોલીસ કમિશ્નર, વડોદરા શહેર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, ઉકત જાહેર કરવામાં આવેલ ચૂંટણી હેઠળના વડોદરા શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં, કોઈપણ વ્યક્તિએ આ હુકમની તારીખથી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન,

(૧) શસ્ત્રો, તલવાર, ભાલા, બંદુક, છરા, ચપ્પુ, ખંજર, લાકડી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈ પણ યંત્ર, શસ્ત્રો કે સાધન સાથે લઈ જવું નહિ.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવું નહિ.

(૩) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓને ફેંકવા કે નાંખવાનાં યંત્રો, શસ્ત્રો અથવા સાધન સાથે લઈ જવું નહિ.

(૪) મનુષ્યો અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખડવા નહિ.

(૫) જેનાથી સુરૂચિનો અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ, તેવા હાવભાવ કે ચેષ્ટા કરવી નહિ, ચિત્રો, પત્રિકા કે પ્લે કાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહિ અથવા તેનો ફેલાવો કરવો નહિ.

(૬) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિ.

(૭) લોકોને અપમાનિત કરવાના ઈરાદે જાહેરમાં બુમો પાડવી નહિ, ગીતો ગાવા નહીં કે વાદ્ય વગાડવું નહિ.

આ હુકમનો કોઈપણ મજકુર નીચેની વ્યક્તિ કે વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

૧. સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યક્તિ કે જેને ઉપરી અધિકારીએ ચુંટણી કામગીરી કે સરકારી કામે આવું કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર લઈ જવાની જેમની ફરજ હોય.

૨. સબંધિત અધિકારી ધ્વારા જેની શારિરીક, અશકતતાને કારણે શરીરને ટેકો આપવા લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપેલ હોય.

:: શિક્ષા::

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

:: અમલવારીનો વિસ્તાર અને સમયગાળો ::

વડોદરા શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના જે વિસ્તારમાં ચૂંટણી થનાર છે તે હદ વિસ્તારમાં આ હુકમ જાહેરનામાની તારીખથી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ :-૦૩/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

નરસિમ્હા કોમાર,
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર

BY PRINCIPAL JUDGE

Read:-

(1) Legal Department, Gandhinagar Notification No. HCT/1099/5499/D, dated 13/05/2025.

(2) Hon'ble High Court Notification No.A, 1201/2025 [06], dated: 14/05/2025.

REVISED NOTIFICATION

No. 03/2025.—As per the Honourable High Court Notification cited in the preamble at Sr. No.(2), I have taken over charge as **Principal Judge, Family Court, Valsad** 19/05/2025 B.O.H..

Therefore, all top secret, Confidential and Demi-official correspondence meant for the Principal Judge, Family Court, Valsad may please be addressed to me by name as under:-

Office Address.	**Telephone Numbers.**	
Dr. B.K.Jadav,	STD Code	02640
Principal Judge,	Office	02632245554
FamilyCourt	Direct	--
4th Floor, District Court Building,	Residence	9978953630
Valsad.	Mobile Phone No.	9428068311
	E-Mail	fcourt-valsad@gujarat.govt.in

Residential Address.
Dr. B.K.Jadav,
Unit E/1-2, Type (First Floor)
Located in Bhagdavada,
Tithal Road,
Valsad.

Valsad, Date :-22/05/2025.

DR. B. K. JADAV,
Principal Judge,
Family Court, Valsad,
At-Valsad.

Read:-

(1) Legal Department, Gandhinagar Notification No. HCT/1099/5499/D, dated 13/05/2025.

(2) Hon'ble High Court Notification No.A, 1201/2025 [10], dated: 14/05/2025.

NOTIFICATION

As per the Honourable High Court Notification cited in the preamble at Sr. No.(2), I have taken over charge as Principal Judge, Family Court, Chhotaudepur on 19/05/2025 B.N.

Therefore, all top secret, Confidential and Demi-official correspondence meant for the Principal Judge, Family Court, Chhotaudepur may please be addressed to me by name as under:-

Office Address.	**Telephone Numbers.**	
Ms. R. G. Yadav,	STD Code-02669	
Principal Judge, FamilyCourt	Office	
Secretariat Building,	Direct	
Chhotaudepur-391165.	Residence	
	E-Mail	familycourt-chhotaudepur@gmail.com

Proposed Residential Address

Ms. R. G. Yadav

Chhotaudepur

Chhotaudepur, Date :-19/05/2025.

Read :-

(1) Hon'ble High Court letter No. A2403/2024 dated 16/05/2024

(2) Legal Department, Gandhinagar Notification No. GK/39/2024/LD/BEF/e-file/12/20238352/D (Part-20), dated 28/05/2024

(3) Legal Department, Gandhinagar Notification No. HCT/1099/5499/D, dated 13/05/2025.

(4) Hon'ble High Court Notification No. A.1201/2025 [10], dated: 14/05/2025.

NOTIFICATION

No.1/2025.—In pursuant to the letter cited in the preamble at Sr. No. (1) and notification of the Legal Department, Gandhinagar, cited in the preamble at Sr. No. (2), it is hereby notified that the Family Court at (1) Chhotaudepur for the areas of the local limits of the Nagarpalika of Chhotaudepur and Jetpurpavi and Kawant Talukas (2) Bodeli for the areas of the local limits of the Bodeli Naswadi and Sankheda Talukas constituted under Revenue District of Chhotaudepur is commenced operations effective from 19th May 2025.

As per instructions given by the Hon'ble High Court of Gujarat, I the undersigned will preside over the Family Courts at Chhotaudepur and Bodeli on following days w.e.f. 19th May 2025. This arrangement shall remain in effect until further directives are issued by this office and the Hon'ble High Court of Gujarat.

Sr No.	Place of the Family Court	Date
1	Bodeli	From date 1 to 10 & 25 to till end of the month
2	Chhotaudepur	All working days except above mentioned dates of every month

Chhotaudepur, Date: 19/05/2025.

R. G. YADAV
Principal Judge,
Family Court, Chhotaudepur

BY PRINCIPAL DISTRICT JUDGE

Read:

(1) Notification of Legal Department dated 05/11/2024

(2) This Court Notification No. 11/2025 dated 19/05/2025

CORRIGENDUM

In light of the esteemed notification issued by the Legal Department, as referenced in the preamble at Sr. No. 1, the Undersigned is pleased to issue the Following corrigendum. Henceforth, the jurisdiction shall be expanded to encompass all talukas of the entire Chhotaudepur district including headquarter, replacing the previous reference to Chhotaudepur Headquarter, as well as the Kawant and Jetpurpavi Talukas.

Furthermore, it is hereby designated that the Court of Mr. J.G. Bagga, 2nd Additional District & Sessions Judge, Chhotaudepur, being the Senior Most Additional District & Sessions Judge at Chhotaudepur Headquarter, shall be the designated Court for the trial of offenses registered under the Narcotic Drugs & Psychotropic Substances Act, 1985.

Chhotaudepur, Date: 21/05/2025.

Read:

(1) Government of Gujarat, Legal Department Notification No. GK/28/2020/SPC/102017/GOI-44/D, Dated 26/10/2020

(2) Honorable High Court of Gujarat Notification No. A. 1201/2025 [7] dated 10/05/2025

NOTIFICATION

No.Adm. 08 of 2025.—Consequent upon the Government of Gujarat, Legal Department Notification No. GK/28/2020/SPC/102017/GOI-44/D, Dated 26/10/2020 at Sr. No. 1 and Honorable High Court of Gujarat Notification mentioned at Sr. No. 2 and in suppression of the earlier notification, the following courts shown in Column No. 2 of the Schedule appended hereto in the area of local limits of their jurisdiction specified in column-3 of the said schedule, as the commercial courts, for dealing with the Commercial disputes of the Specified Value specified in Column-4 of the said schedule.

Sr. No .	Name of the Court	Areas of Jurisdiction/ Taluka	To deal with the
1	Additional District Judge, at Bodeli, Dist. Chhotaudepur	Bodeli, Naswadi and Sankheda Taluka	Subject matter of an arbitration is a commercial dispute of a specified value of not less than 3 lakh rupees and intellectual property rights related suits or proceedings, having the specified value of not less than 3 lakhs rupees.
2	2nd Additional District Judge, Chhotaudepur	Chhotaudepur headquarter and Kawant and Jetpurpavi Taluka	Subject matter of an arbitration is a commercial dispute of a specified value of not less than 3 lakh rupees and intellectual property rights related suits or proceedings, having the specified value of not less than 3 lakhs rupees.
3	Principal Senior Civil Judge, Chhotaudepur	Chhotaudepur headquarter Kawant and Jetpurpavi Taluka	Commercial dispute having the specified value of not less than 3 lakh rupees except the applications preferred under the Arbitration and Concillation Act, 1996 and intellectual property rights related suits or proceeding.
4	Principal Senior Civil Judge, Bodeli	Bodeli, Naswadi and Sankheda Taluka	Commercial dispute having the specified value of not less than 3 lakh rupees except the applications preferred under the Arbitration and Concillation Act, 1996 and intellectual property rights related suits or proceeding

Chhotaudepur, Date: 19/05/2025.

Read:

(1) Government of Gujarat, Legal Department Notification No. FTC/102019/GOI-1 (Part-II) dated 04/05/2022.

(2) Hon'ble High Court Notification No. A. 1201/2025[7], dated 10/05/2025.

NOTIFICATION

No.Adm. 09 of 2025.—As per the Government of Gujarat, Legal Department, Notification cited in preamble at Sr. No. 1 and in view of the Notification of Honorable High Court of Gujarat mentioned at Sr. No. 2, the Undersigned is pleased to nominate the Court of 2nd Additional District Judge, Chhotaudepur as "Special Court" to try the offenses under the Act of The Prevention of Children from Sexual Offenses Act, 2012 as well as Special Fast Track Court for Rape Cases with effect from 19/05/2025 B.O.H. till further orders in suppression of the earlier notification.

Chhotaudepur, Date: 19/05/2025.

Read:

(1) Hon'ble High Court Notification No. A. 1201/2025[7], dated 10/05/2025.

(2) This Court Notification No. 21/2024 dated. 08.11.2024.

NOTIFICATION

No.Adm. 11 of 2025.—In suppression of all notification passed in earlier and as per the notification of Honorable High Court cited in the preamble and in view of work and for administration exigencies, the Undersigned is pleased to designate the Court of Senior Most Additional District & Sessions Judge i.e. Mr. J.G. Bagga, 2nd Additional District & Sessions Judge, Chhotaudepur to be the designate court to try the offenses registered under the Narcotic Drugs & Psychotropic Substances Act, 1985 For Jurisdiction of Chhotaudepur Headquarter as well as Kawant and Jetpurpavi Taluka.

Chhotaudepur, Date: 19/05/2025.

Read:

(1) Registrar Vigilance Cell, High Court of Gujarat, Circular No.V.C. 322/2012 dated 10/07/2012

(2) Hon'ble High Court Notification No. A. 1201/2025[7], dated 10/05/2025

NOTIFICATION

No.Adm. 12 of 2025.—In view of the Hon'ble High Court Notification cited in the preamble at Sr. No. 2 and in supression of the earlier notification, the undersigned is pleased to nominate Mr. J.G. Bagga, 2nd Additional District & Sessions Judge, Chhotaudepur as "Special Officer (Vigilance)" of Chhotaudepur District.

Chhotaudepur, Date: 19/05/2025.

M. J. PARASHAR,
Principal District Judge.
Chhotaudepur.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) મુજબનું.

No. PAN/OTH/e-file/454/2025/0906/Extra Chitnis.-પંચમહાલ જિલ્લાના પાવાગઢ યાત્રાધામ ખાતે મુખ્યત્વે રવિવારના દિવસોમાં યાત્રાળુઓ/લોકોની ખૂબ જ મોટી સંખ્યામાં અવર જવર રહેતી હોઈ તે દરમ્યાન અકસ્માત કે જાનહાનિ ન સર્જાય તેમજ પાવાગઢથી માંચી સુધીનો રસ્તો ખૂબ જ વાંકો-ચુકો, ચઢાણ ઉતરાણવાળો તથા સાંકડો હોય ટ્રાફીકનું નિયમન કરવું જરૂરી છે. જાહેર હિતમાં પાવાગઢ તળેટીથી માંચી સુધીના રસ્તાઓ ઉપર ભારે તેમજ હળવા વાહનોની અવર જવર ઉપર તથા ચીજવસ્તુઓ સાથે અથવા ચીજવસ્તુઓ વગર ગધેડાઓ દોરી જનારા કે અન્ય પશુઓ ઉપર તરફ દોરી જનારા પર નિયંત્રણ કરવું જરૂરી જણાતું હોઈ પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ તેઓના તા.૦૭/૦૫/૨૦૨૫ ના પત્ર ક્રમાંક: એલઆઈબી/પાવાગઢ/જાહેરનામુ/૧૫૦૫/૨૦૨૪ થી મળેલ દરખાસ્ત મુજબ તા.૧૧/૦૫/૨૦૨૫ થી બે માસ માટે આગામી દિવસોના દર શનિવારના ૨૩:૦૦ કલાકથી અને રવિવારના સાંજના ૧૯:૦૦ કલાક સુધીના સમય માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે જાહેરનામું બહાર પાડવા માટે વિનંતી કરેલ છે.

(૧) પાવાગઢ તળેટીથી માંચી જવાના માંચી સુધીના રસ્તા ઉપર ભારે તથા હળવા વાહનો જેવા કે ટ્રકો, ટેક્ષી ટેમ્પા, જીપો, લકઝરી બસો, મેટાડોર, ઓટો રીક્ષા તથા કોઈ પણ પ્રકારના દ્વિચક્રિય વાહનો વિગેરે વાહન ચાલકોએ વાહન સાથે રવિવારના દિવસો દરમ્યાન અવર-જવર કરવી નહીં.

(૨) હાલોલ ટીંમ્બી ત્રણ રસ્તાથી, જેપુરા ચોકડી, વડાતળાવ ચોકડી, ઢીંકવા ચોકડી તેમજ ધનકુવા ચોકડીથી પાવાગઢ ખાતે પ્રવેશતા ખાનગી વાહનોના પ્રવેશ ઉપર પ્રતિબંધ.

(૩) આ પ્રતિબંધ આવશ્યક ચીજ વસ્તુઓનું પરિવહન કરતા વાહનો એસ.ટી.બસો, સરકારી ફરજ ઉપરના વાહનો તથા આરોગ્ય સેવાઓના ઉપયોગમાં લેવાનાર વાહનોને લાગુ પડશે નહિં.

વિભાગીય નિયામકશ્રી, એસ.ટી.ગોધરાએ અગાઉ સમયગાળા દરમ્યાન આ બાબતે પ્રસિધ્ધ કરેલ જાહેરનામાં સંદર્ભે યાત્રાધામ પાવાગઢ ખાતે શનિવાર, રવિવાર, પૂનમ અને તહેવારના દિવસોમાં મોટી સંખ્યામાં યાત્રાળુઓ આવતાં હોઈ ખાનગી વાહનો જેમ કે સ્થાનિક જીપ ગાડીઓના કારણે પાવાગઢ તળેટીથી માંચી જવાના રસ્તે આડેધડ પાર્કિંગના કારણે ટ્રાફિક જામ થતો હોય છે. એસ.ટી.વિભાગ દ્વારા શનિવાર, રવિવાર, પૂનમ અને તહેવારના દિવસો દરમ્યાન નિયમિત બસો સિવાય એકસ્ટ્રા બસોની પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે. પરંતુ ખાનગી વાહનો દ્વારા ખોટી જગ્યાએ પાર્કિંગ કરવાથી જામ થતાં ટ્રાફિકના કારણે યાત્રાળુઓને એસ.ટી.બસોનો લાભ આપી શકાતો નથી. તેમ જણાવેલ છે.

જે અન્વયે અત્રેની કચેરીના ક્રમાંક: નં.એમએજી/જાહેરનામું/પાવાગઢ-રવિવાર/૫૮૧ થી ૫૮૩/૨૦૨૫ તા.૨૦/૦૨/૨૦૨૫ થી પ્રતિબંધાત્મક જાહેરનામું બહાર પાડેલ હતું.

ઉપરોકત કચેરીઓ તરફથી મળેલ અહેવાલ વંચાણે લેતાં પાવાગઢ ખાતે તળેટીથી માંચી સુધીના રૂટ ઉપર ભારે તેમજ હળવા વાહનો જેવા કે ટ્રક, ટેક્ષી, ટેમ્પો, જીપ, લકઝરી બસ, મેટાડોર, ઓટોરીક્ષા, દ્વિચક્રિય વાહનો સહિત ઈંધણથી ચાલતા તમામ પ્રકારના વાહનો અવર જવર કરી ખોટી રીતે રસ્તાની વચ્ચે વાહનો પાર્ક કરી દેતાં હોવાનું ધ્યાને આવેલ છે તેમજ સદર રસ્તો પણ વાકો ચુકો હોવાના કારણે અકસ્માત સર્જાય તેવી પૂરેપૂરી સંભાવના રહેલ છે. જે માટે આવા વાહનો તથા ચીજ વસ્તુઓ સાથે અથવા ચીજ વસ્તુઓ વગર પશુઓ દોરી જનારાઓ કે તે દ્વારા માલ સામગ્રી વહન કરનારાઓ ઉપર નિયંત્રણ કરવું અને તે માટે ટ્રાફીકનું નિયમન કરવું જાહેર હિતમાં આગામી સમય માટે પણ જરૂરી જણાય છે.

આથી ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે મળેલ અધિકારની રૂએ હું આશીષ કુમાર (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ-પંચમહાલ ગોધરા આ જાહેરનામું પ્રસિધ્ધ કર્યા તા.૧૧/૦૫/૨૦૨૫ થી બે માસ એટલે કે તા.૧૩/૦૭/૨૦૨૫ દરમ્યાન આવતાં તમામ રવિવારના ૦:૦૦ કલાકથી ૨૪:૦૦ કલાક સુધીના સમયગાળા માટે નીચે મુજબની વિગતોની અમલવારી કરવા ફરમાવુ છું.

(૧) પાવાગઢ ખાતે તળેટીથી માંચી સુધી જવાના રસ્તા ઉપર ટેક્ષી પાસીંગ સિવાયના તમામ ભારે તથા હળવા ખાનગી વાહનો અવર જવર કરી શકાશે. માંચી ખાતે પાર્કિંગ સ્થળ ખાતે જગ્યાની ઉપલબ્ધતાં ધ્યાને લીધા બાદ આવા ખાનગી વાહનો તળેટીથી માંચી સુધી જઈ શકશે. પાર્કિંગ સ્લોટ ફુલ થયેથી કોઈપણ ઉકત નિર્દિષ્ટ કોઈપણ વાહન તળેટીથી માંચી સુધી અવર જવર કરી શકશે નહી.

(૨) કોઈપણ પ્રકારના વાહનો અથવા પશુઓ દ્વારા સાધન સામગ્રી, ચીજ વસ્તુઓનું વહન કરી શકાશે નહિ. પશુઓ દોરી જનારાઓએ માંચીથી દુધીયા તળાવ પાવાગઢ સુધીના રસ્તા ઉપર અવર જવર કરવી નહિ.

(૩) હાલોલ ટીંમ્બી ત્રણ રસ્તાથી જેપુરા ચોકડી, વડાતળાવ ચોકડી, -ઢીંકવા ચોકડી તેમજ ધનકુવા ચોકડીથી પાવાગઢ ખાતે પ્રવેશતા ખાનગી ભારે વાહનોના પ્રવેશ ઉપર પ્રતિબંધ રહેશે. વાહનોનું પાર્કિંગ પંચમહોત્સવ વાળી ખાલી જગ્યાએ અને એસ.ટી. બસનો પોઈન્ટ વડાતળાવ રાખવો.

(૪) આ પ્રતિબંધ આવશ્યક ચીજ વસ્તુઓનું પરિવહન કરતા વાહનો, એસ.ટી.બસો, સરકારી કરજ ઉપરના વાહનો તથા આરોગ્ય સેવાઓના ઉપયોગમાં આવનાર વાહનોને લાગુ પડશે નહિ.

પોલીસ અધિક્ષકશ્રીએ આ જાહેરનામાની ગુજરાત પોલીસ અધિનિયમની જોગવાઈઓ મુજબ પુરતી પ્રસિધ્ધિ કરવાની રહેશે તથા તે અંગેનો અહેવાલ મોકલવાનો રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંધન કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ: ૦૯ મી-મે-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કર્યો.

આશીષ કુમાર (આઈ.એ.એસ.),
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ ગોધરા.

જાહેરનામુ

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું ::

નં.ડીસીબી/એમએજી/જાહેરનામું/ગ્રા.પં.ચુંટણી/૨જી.૫૪/વશી. ૪૯૭૪ થી ૫૧૮૧/૨૦૨૫.-રાજય ચૂંટણી આયોગ ગાંધીનગર દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ નો વિગતવાર કાર્યક્રમ તા.૨૮/૦૫/૨૦૨૫ થી જાહેર કરવામાં આવેલ છે અને તે મુજબ મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫(રવિવાર) ના રોજ યોજાનાર છે. રાજ્ય ચૂંટણી આયોગ ગાંધીનગરના આદેશ ક્રમાંકઃ-રાચપ-ચટણ-સીઓસી-સ્થા. સ્વ.૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા.૧૭/૧૧/૨૦૨૧ થી આપેલ સુચના મુજબ ચુંટણી જાહેર થયા પછી કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે આદર્શ આચાર સંહિતાના અમલ માટે વિવિધ પ્રતિબંધાત્મક હુકમો કરવાના રહે છે.

સદરહું ચુંટણીનાં સર/ સંચા,ન૪ આચાર સંહિતા અંગેની સૂચનાઓ ધ્યાનમાં રાખી મતદાનના દિવસે કાયદો અને વ્યવસ્થા જા/વડી અર્થે મતદાન મથકે અવર જવર માટે વાહનોના ૫પયોગ ૫પર પ્રતિબંધ મુકવાનું જરુરી જ૬ાય છે૫

વાસ્તે, હું ભવ્ય વર્મા (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વલસાડની હકુમત હેઠળના વલસાડ જિલ્લાના ગ્રામ પંચાયત ચુંટણી હેઠળના વિસ્તાર માટે ફરમાવુ છુ કે,

૧. મતદાનના દિવસે ઉમેદવાર પોતાના ઉપયોગ માટે એક વાહન તથા મતદાર વિભાગમાં મતદાનની તારીખે ચુંટણી એજન્ટ અથવા તેના કાર્યકરો અથવા પક્ષીય કાર્યકરો માટે એક જ વાહન ચુંટણી અધિકારી ધ્વારા આપેલ પરમીટ ધારણ કરેલું વાપરી શકશે.

૨. વાહન ઉપર પરમીટ નંબર પ્રદર્શિત કરવાનું રહેશે.

૩. આ પ્રતિબંધ સરકારી અધિકારીઓ કે જે ચુંટણી પ્રક્રિયામાં સંકળાયેલ છે તેઓને લાગું પડશે નહીં.

૪. ઉમેદવાર/મતદાન એજન્ટ/પક્ષીય કાર્યકરો આવા પરમીટ ધારણ કરેલ વાહનોનો ઉપયોગ ચુંટણી કાર્યના સમય દરમ્યાન મતદારોને લાવવા લઈ જવા માટે અસામાજિક તત્વોની હેરફેર માટે, ગેરકાયદેસર હથિયારોની હેરફેર માટે કરી શકાશે નહીં.

૫ કોઈપણ વ્યકિત પોતાના કોઈપણ પ્રકારના વાહનોમાં મતદારોની હેર ફેરી કે તેવા હેતુસર વાહનનો ઉપયોગ કરી શકાશે નહીં. વાહનનો પોતાના અને ફકત કુટુંબની વ્યકિતઓ પુરતો મર્યાદિત ઉપયોગ કરી શકાશે.

આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષા થઈ શકશે. જાહેરનામાંનો ભંગ થયેથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રી કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓને ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તા.૩૦/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યો.

જાહેરનામુ

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું ::

નં.ડીસીબી/એમએજી/જાહેરનામું/ગ્રા.પં.ચુંટણી/૨જી.૫૫/વશી. ૫૧૮૨ થી ૫૩૮૯/૨૦૨૫.-રાજય ચૂંટણી આયોગ ગાંધીનગર દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ નો વિગતવાર કાર્યક્રમ તા.૨૮/૦૫/૨૦૨૫ થી જાહેર કરવામાં આવેલ છે અને તે મુજબ મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫(રવિવાર) ના રોજ યોજાનાર છે. રાજ્ય ચૂંટણી આયોગ ગાંધીનગરના આદેશ ક્રમાંકઃ-રાચપ-ચટણ-સીઓસી-સ્થા. સ્વ.૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા.૧૭/૧૧/૨૦૨૧ થી આપેલ સુચના મુજબ ચુંટણી જાહેર થયા પછી કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે આદર્શ આચાર સંહિતાના અમલ માટે વિવિધ પ્રતિબંધાત્મક હુકમો કરવાના રહે છે.

સદરહું ચૂંટણી દરમ્યાન મતદાન મથકે મતદારો શાંતિથી તેમના મત નોંધાવી શકે તે માટે મતદાન મથકથી ૨૦૦ મીટરના વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે રાજ્ય ચૂંટણી આયોગ ગાંધીનગરના આદેશ ક્રમાંકઃ-રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા.૧૭/૧૧/૨૦૨૧ થી સુચનાઓ થઈ આવેલ છે. જેનો અમલ કરવો જરૂરી જણાય છે.

વાસ્તે હું ભવ્ય વર્મા (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, વલસાડ જિલ્લાના ગ્રામ પંચાયત ચુંટણી હેઠળના વિસ્તારમાં આવેલ દરેક મતદાન મથક /મથકોએ મતદાનના દિવસે કોઈપણ રાજકીય પક્ષ, ઉમેદવાર, તેના ચુંટણી એજન્ટ, કાર્યકરો કે સમર્થકોએ કે અન્ય કોઈ વ્યકિતએ,

૧. કોઈપણ મતદાન મથકથી ૨૦૦ મીટરની હદમાં મતદારોને મતદાર યાદીનો ક્રમ નંબર કાઢી આપવા કે કાપલી લખી આપવા માટે તેમના કેમ્પ ઉભા કરવા નહિ કે તેવી કોશિશ કરવી નહીં.

૨. મતદાન મથકે એક થી વધુ મતદાન મથકો હોય તેમ છતાં દરેક ઉમેદવાર દીઠ ૨૦૦ મીટરની હદ બહાર ફકત ૧(એક) કેમ્પ જેમાં ૧(એક) ટેબલ અને બે ખુરશી અને છાંયડા માટે છત્રી કે તાડપત્રી કે કંતાનથી (ઢાંકેલું) બનાવવાનું રહેશે. બુથને ચારે બાજુ કંતાન વડે બંધ કરી શકાશે નહિ.

૩. જે ઉમેદવારને આવા કેમ્પ ઉભા કરવાની ઈચ્છા હશે તેઓએ સંબંધીત ચુંટણી અધિકારીને તે કયા કયા મતદાન મથકોએ આવા કેમ્પ ઉભા કરવા માંગે છે તેની યાદી આપી સ્થાનિક સત્તા મંડળ (ગ્રામ પંચાયત/નગરપાલિકા) ની લેખિત પરવાનગી મેળવવાની રહેશે.

૪. આવા કેમ્પનો ઉપયોગ મતદારોને ઉમેદવારના નામ કે પ્રતિક કે પક્ષના નામ વગરની સફેદ કાગળ ઉપર ચુંટણી પંચે આપેલ સૂચનાં મુજબની કાપલી આપવા કરી શકાશે.

૫. ઉમેદવારોના કેમ્પ સાદા હોવા જોઈએ. તેની ઉપર કોઈ પોસ્ટર, વાવટા, પ્રતીકો કે અન્ય પ્રચાર સામગ્રી પ્રદર્શીત કરી શકાશે નહિં. કેમ્પ ખાતે કોઈ ખાદ્ય સામગ્રી આપી શકાશે નહીં કે ટોળા ભેગાં કરી શકાશે નહિ.

૬. આવા કેમ્પ ઉપર મતદારોના ટોળા એકત્ર થવા દેશે નહિ કે મતદાન કરી આવેલ મતદારને ઉભા રહેવા દેશે નહિ.

૭. મતદારોને મતદાન મથકે પ્રવેશ કરવામાં અડચણ ઉભી થાય તેવું કોઈ કૃત્ય થવા દેશે નહિ.

૮. ૧૦૦ મીટરની હદમાં સેલ્યુલર ફોન્સ, કોર્ડલેસ ફોન્સ, વાયરલેસ સેટસ લઈ પ્રવેશ કરી શકાશે નહિ.

:: અપવાદ ::

મતદાન મથક ઉપર ફરજ બજાવતા કાયદો અને વ્યવસ્થા સંભાળતા અધિકારી, સીકયુરીટીના માણસો, ચુંટણી પંચ દ્વારા નિયુકત ઓબઝર્વરશ્રીઓ તથા મતદાન કેન્દ્રના ઈન્ચાર્જ અધિકારીઓને માત્ર તેમની ફરજ પુરતી જ છુટ રહેશે.

આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષા થઈ શકશે. જાહેરનામાંનો ભંગ થયેથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રી કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓને ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તા.૩૦/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યો.

જાહેરનામુ

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું ::

નં.ડીસીબી/એમએજી/જાહેરનામું/ગ્રા.પં.ચુંટણી/૨જી.૫૬/વશી. ૫૩૯૦ થી ૫૫૯૭/૨૦૨૫.-રાજય ચૂંટણી આયોગ ગાંધીનગર દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ નો વિગતવાર કાર્યક્રમ તા.૨૮/૦૫/૨૦૨૫ થી જાહેર કરવામાં આવેલ છે અને તે મુજબ મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫(રવિવાર) ના રોજ યોજાનાર છે. રાજ્ય ચૂંટણી આયોગ ગાંધીનગરના આદેશ ક્રમાંકઃ-રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા.૧૭/૧૧/૨૦૨૧ થી આપેલ સુચના મુજબ ચુંટણી જાહેર થયા પછી કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે આદર્શ આચાર સંહિતાના અમલ માટે વિવિધ પ્રતિબંધાત્મક હુકમો કરવાના રહે છે.

ચુંટણી દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના કાર્યકરો, સમર્થકો, ચુંટણી પ્રચાર ઝુંબેશ માટે તમામ પ્રકારના સાધનો મિલકતો સ્થળોનો ઉપયોગ કરી ચૂંટણી પ્રચાર કરે છે. આવા ચૂંટણી પ્રચાર વખતે ભાષણો, પોસ્ટરો, સંગીત વિગેરે સહિત મંદીરો, મસ્જીદો, ચર્ચ, ગુરૂદ્વારા અથવા કોઈપણ પ્રકારના ધાર્મિક સ્થળનો ચુંટણી પ્રચાર માટે ઉપયોગ કરવામાં આવે તો કોમી સંવાદીતા ખોરવાવાની અને તંગદીલી ઉભી થવાની શકયતા રહે છે જેની સીધી અસર કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી ઉપર પડવાની શકયતા રહે છે.

રાજ્ય ચૂંટણી આયોગ ગાંધીનગરના આદેશ ક્રમાંકઃ-રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા.૧૭/૧૧/૨૦૨૧ થી આપેલ સુચના મુજબ ચુંટણી સમયે ભાષણો, પોસ્ટરો, સંગીત વિગેરે સહિત મંદીરો, મસ્જીદો, ચર્ચ, ગુરૂદ્વારા અથવા કોઈપણ પ્રકારના ધાર્મિક સ્થળનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ નહી કરવા માટે આદેશ કરેલ છે.

જેથી ચુંટણી પ્રક્રિયા દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના કાર્યકારો, સમર્થકો ધ્વારા ભાષણો, પોસ્ટરો, સંગીત વિગેરે સહિત મંદિરો, મસ્જીદો, ચર્ચ, ગુરૂદ્વારા અથવા કોઈ પણ પ્રકારના ધાર્મિક સ્થળનો ચુંટણી પ્રચાર માટે ઉપયોગ થઈ ન શકે તે માટે સમગ્ર વલસાડ જિલ્લાના ગ્રામ પંચાયત ચુંટણી હેઠળના વિસ્તારમાં સદરહુ બાબત ઉપર પ્રતિબંધ મુકવાનું મને જરૂરી જણાય છે.

આથી હું ભવ્ય વર્મા (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે,

વલસાડ જિલ્લાના ગ્રામ પંચાયત ચુંટણી હેઠળના વિસ્તારમાં કોઈપણ રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના કાર્યકરો, સમર્થકોએ ચૂંટણી પ્રકિયા દરમ્યાન ભાષણો, પોસ્ટરો, સંગીત માટે મંદિરો, મસ્જીદો, ચર્ચ, ગુરૂદ્વારા જેવા ધાર્મિક સ્થળો/સંસ્થાઓ અથવા કોઈપણ પ્રકારના ધાર્મિક સ્થળોનો ચુંટણી પ્રચાર માટે ઉપયોગ કરવો નહી.

આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષા થઈ શકશે. જાહેરનામાંનો ભંગ થયેથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રી કે તેનાથી ઉપરનો હોદો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓને ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તા.૩૦/૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યો.

જાહેરનામુ

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું ::

નં.ડીસીબી/એમએજી/જાહેરનામું/ગ્રા.પં.ચુંટણી/રજી.૫૭/વશી.૫૫૯૮ થી ૫૮૦૫/૨૦૨૫.-રાજય ચૂંટણી આયોગ ગાંધીનગર દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ નો વિગતવાર કાર્યક્રમ તા.૨૮/૦૫/૨૦૨૫ થી જાહેર કરવામાં આવેલ છે અને તે મુજબ મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫(રવિવાર) ના રોજ યોજાનાર છે. રાજ્ય ચૂંટણી આયોગ ગાંધીનગરના આદેશ ક્રમાંકઃ-રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા.૧૭/૧૧/૨૦૨૧ થી આપેલ સુચના મુજબ ચુંટણી જાહેર થયા પછી કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે આદર્શ આચાર સંહિતાના અમલ માટે વિવિધ પ્રતિબંધાત્મક હુકમો કરવાના રહે છે. જે મુજબ મતદાન મથકે મતદારો શાંતિથી તેમના મત નોંધાવી શકે તે માટે મતદાન મથકની અંદર તથા મતદાન મથકથી ૧૦૦ મીટરના અંતરમાં આવેલ કોઈપણ વ્યક્તિએ નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું ભવ્ય વર્મા (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, વલસાડ જિલ્લાના ગ્રામ પંચાયત ચુંટણી હેઠળના વિસ્તારમાં તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) ના રોજ મતદાનના દિવસે મતદાન મથકની અંદર તથા મથદાન મથકથી ૧૦૦ મીટરના અંતરમાં આવેલ વિસ્તારમાં કોઈપણ રાજકીય પક્ષ, ઉમેદવાર, તેના ચુંટણી એજન્ટ, કાર્યકરો કે સમર્થકોએ કે અન્ય કોઈ વ્યકિતને નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું,

૧. મત માટે પ્રચાર કરવો.

૨. મતદારોને ધાક-ધમકી આપીને કે રંજાડીને મતદાન કરવા જતા અટકાવવા.

૩. અમુક ઉમેદવારને મત આપવા માટે કોઈ મતદારને સમજાવવા.

૪. કોઈ મતદારને ચૂંટણીમાં મત ન આપવા સમજાવવા.

૫. ચૂંટણીને લગતી (સરકારી નોટીસ સિવાયની) કોઈ નોટીસ કે નિશાની પ્રદર્શિત કરવી.

૬. સેલ્યુલર/મોબાઈલ ફોન, કોડલેસ ફોન, પેજર, વાયરલેસ સેટ અને અન્ય વિજાણું સંદેશા વ્યવહારના સાધનો લઈ જવાની.

૭. વાહનો સાથે આવવુ (પરંતુકઃ અપંગ/અશકત વ્યક્તિઓને લાગુ પડશે નહી.)

૮. મતદાન મથકમાં મતદાન માટે આવેલ મતદાર, ઉમેદવાર તથા ચૂંટણીપંચે અધિકૃત કરેલ વ્યક્તિ સિવાયની વ્યક્તિએ પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

અપવાદ :- મતદાન મથક ઉપર ફરજ બજાવતા કાયદો અને વ્યવસ્થા સંભાળતા અધિકારી, સીકયુરીટીના માણસો, ચુંટણી આયોગ ધ્વારા નિયુકત ઓબઝર્વરશ્રીઓ તથા મતદાન કેન્દ્રના ઈન્ચાર્જ અધિકારીઓને માત્ર તેમની ફરજ પુરતી જ છુટ રહેશે.

આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષા થઈ શકશે. જાહેરનામાંનો ભંગ થયેથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રી કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓને ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તા.૩૦/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યો.

જાહેરનામું

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનું ::

નં.ડીસીબી/એમએજી/જાહેરનામું/ગ્રા.પં.ચુંટણી/૨જી.૫૮/વશી.૫૮૦૬ થી ૬૦૧૩ /૨૦૨૫.-રાજય ચૂંટણી આયોગ ગાંધીનગર દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ નો વિગતવાર કાર્યક્રમ તા.૨૮/૦૫/૨૦૨૫ થી જાહેર કરવામાં આવેલ છે અને તે મુજબ મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫(રવિવાર) ના રોજ યોજાનાર છે. રાજય ચૂંટણી આયોગ ગાંધીનગરના આદેશ ક્રમાંકઃ-રાચપ-ચટણ-સીઓસી-સ્થા. સ્વ.૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા.૧૭/૧૧/૨૦૨૧ થી આપેલ સુચના મુજબ ચુંટણી જાહેર થયા પછી કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે આદર્શ આચાર સંહિતાના અમલ માટે વિવિધ પ્રતિબંધાત્મક હુકમો કરવાના રહે છે. જે મુજબ કોઈપણ વ્યકિત, પ્રકાશકનું નામ, મુદ્રકનું નામ તેમજ સરનામું લખેલ ન હોય, તેવા કોઈપણ ચુંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો છાપી કે પ્રસિધ્ધ કરી શકશે નહીં અને તેમ કરવામાં આવે તો શિક્ષાને પાત્ર ગુન્હો બને છે.

વાસ્તે હું ભવ્ય વર્મા (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, સમગ્ર વલસાડ જિલ્લાના વિસ્તારમાં,

૧. કોઈપણ વ્યકિત કે સંસ્થા જેના પર તેના મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામા ન હોય એવા ચુંટણીને લગતા ચોંપાનીયા, ભીંતપત્રો, પોસ્ટર્સ, કટઆઉટ કે બેનર્સ છાપી કે પ્રસિધ્ધ કરી શકશે નહીં અથવા છપાવી કે પ્રસિધ્ધ કરાવી શકશે નહીં.

૨. કોઈપણ વ્યકિત કે સંસ્થા સદરહું ચુંટણીને લગતા કોઈપણ ચોપનીયા, ભીંતપત્રો પ્રિન્ટ કરતા પહેલા પ્રકાશક પાસેથી તેની સહીવાળા અને તેને અંગત રીતે ઓળખતી હોય, તેવી બે વ્યકિતઓની સાક્ષી સહી કરેલ પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ મેળવી ત્યારબાદ જ આવા ચુંટણી સાહીત્ય છાપવાના રહેશે અને પ્રિન્ટીંગ કરેલ સાહીત્ય ઉપર મુદ્રક તથા પ્રકાશકના પુરેપુરા નામ, સરનામા, ફોન તથા મોબાઈલ નંબર દર્શાવવાના રહેશે તેમજ પ્રિન્ટ કરવામાં આવેલ નકલોની સંખ્યા દર્શાવવાની રહેશે. હાથે નકલો કરવા સિવાય લખાણની વધુ નકલો કાઢવાની કોઈપણ પ્રકિયા મુદ્રણ ગણાશે અને મુદ્રકનો અર્થ તે પ્રમાણે થશે.

૩. મુદ્રકએ પ્રિન્ટ કરવામાં આવેલ તમામ સાહિત્યની ચાર નકલો તથા પ્રકાશક પાસેથી મેળવેલ એકરારનામાં ની એક-એક નકલ છાપકામ કર્યાના ત્રણ દીવસની અંદર સંબંધિત ચુંટણી અધિકારીશ્રીને રજુ કરવાની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષા થઈ શકશે. જાહેરનામાંનો ભંગ થયેથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રી કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓને ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તા.૩૦/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યો.

જાહેરનામુ

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું ::

નં.ડીસીબી/એમએજી/જાહેરનામું/ગ્રા.પં.ચુંટણી/રજી.૫૯/વશી.૬૦૧૪ થી ૬૨૨૧/૨૦૨૫.-રાજય ચૂંટણી આયોગ ગાંધીનગર દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ નો વિગતવાર કાર્યક્રમ તા.૨૮/૦૫/૨૦૨૫ થી જાહેર કરવામાં આવેલ છે અને તે મુજબ મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫(રવિવાર) ના રોજ યોજાનાર છે. રાજ્ય ચૂંટણી આયોગ ગાંધીનગરના આદેશ ક્રમાંકઃ-રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા.૧૭/૧૧/૨૦૨૧ થી આપેલ સુચના મુજબ ચુંટણી જાહેર થયા પછી કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે આદર્શ આચાર સંહિતાના અમલ માટે વિવિધ પ્રતિબંધાત્મક હુકમો કરવાના રહે છે.

સદરહું ચુંટણીમાં ઉમેદવારો તથા રાજકીય પક્ષો તરફથી ચુંટણી પ્રચાર માટે જાહેરસભાઓ તથા સરઘસો યોજાનાર છે. જેથી જાહેર સુલેહશાંતિ જાળવવા સારૂ સભા/સરઘસ ઉપર યોગ્ય પ્રતિબંધ મુકવો ઈચ્છનીય છે.

વાસ્તે હું ભવ્ય વર્મા (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, વલસાડ જિલ્લાના ગ્રામ પંચાયત ચુંટણી હેઠળના વિસ્તારમાં,

૧. કોઈપણ વ્યક્તિ/વ્યક્તિઓએ આ હુકમની તારીખથી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન (બન્ને દિવસો સહીત) સક્ષમ અધિકારીની પરવાનગી વિના ચાર કે તેથી વધુ વ્યક્તિઓએ ભેગાં થવું નહીં, કોઈ સભા કરવી કે બોલાવવી નહીં કે સરઘસ કાઢવું નહીં.

૨. કોઈ પણ રાજકીય પક્ષ કે ઉમેદવારો ધ્વારા સભા કે સરઘસનું આયોજન કરતા પહેલા સક્ષમ અધિકારીની પરવાનગી મેળવવાની રહેશે.

૩. ઉમેદવાર ઉમેદવારી પત્રો ભરવા કે ઉમેદવારી પત્રોની ચકાસણીમાં હાજરી આપવા કે ચુંટણી પ્રતિકની ફાળવણીની પ્રક્રિયામાં હાજરી આપવા માટે ચુંટણી અધિકારીશ્રીની કચેરીમાં જાય ત્યારે મોટા સરઘસ સ્વરૂપે જવું નહી.

૪. જયાં એક પક્ષે સભા યોજી હોય એવા સ્થળોએ બીજા પક્ષે સરઘસ લઈ જવું નહી તેમજ ખલેલ પહોંચાડવી નહી.

૫. મતદારોની ધાર્મિક, સાંપ્રદાયિક, જાતીય/કોમી લાગણીઓ દુભાવવી નહી. પ્રવર્તમાન મતભેદો વધારે ગંભીર રૂપ ધારણ કરે અથવા પરસ્પર દ્વેષભાવ ઉભો થાય અથવા જુદી જુદી જાતિઓ, સમુદાયો અથવા ધાર્મિક અથવા ભાષાકીય જૂથો વચ્ચે તણાવ ઉભો થાય તેવી પ્રવૃતિ કરવી નહી.

આ હુકમનો કોઈપણ મજકુર નીચેના કિસ્સામાં લાગુ પડશે નહીં.

ફરજ પરના કર્મચારીઓ, લગ્નના વરઘોડા, સીનેમામાં, ટાઉન હોલમાં, સ્મશાન યાત્રામાં, એસ.ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી માટે, મંદિર, મસ્જિદ કે દેવળમાં પ્રાર્થના માટેના શુધ્ધ આશયથી જતી વ્યક્તિઓ, કામકાજના સ્થળોએ કામ કરતી વ્યકિતઓને.

આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષા થઈ શકશે. જાહેરનામાંનો ભંગ થયેથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રી કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓને ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તા.૩૦/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યો.

જાહેરનામુ

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું ::

નં.ડીસીબી/એમએજી/જાહેરનામું/ગ્રા.પં.ચુંટણી/રજી.૬૦/વશી.૬૨૨૨ થી ૬૪૨૯/૨૦૨૫.-રાજય ચૂંટણી આયોગ ગાંધીનગર દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ નો વિગતવાર કાર્યક્રમ તા.૨૮/૦૫/૨૦૨૫ થી જાહેર કરવામાં આવેલ છે અને તે મુજબ મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫(રવિવાર) ના રોજ યોજાનાર છે. રાજ્ય ચૂંટણી આયોગ ગાંધીનગરના આદેશ ક્રમાંકઃ-રાચપ-ચટણ-સીઓસી-સ્થા. સ્વ.૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા.૧૭/૧૧/૨૦૨૧ થી આપેલ સુચના મુજબ ચુંટણી જાહેર થયા પછી કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે આદર્શ આચાર સંહિતાના અમલ માટે વિવિધ પ્રતિબંધાત્મક હુકમો કરવાના રહે છે. જે મુજબ ચુંટણીમાં લાઉડ સ્પીકરના વ્યાપક ઉપયોગ ઉપર નિયંત્રણો રાખવા જરૂરી હોવાનું જણાવી લાઉડ સ્પીકરના ઉપયોગ માટે આદેશો કરેલ છે.

ચુંટણી દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના કાર્યકરો, સમર્થકો ચુંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ મોટા ભાગે કરે છે. જે ફકત નિયત મંચ કે સભા સ્થળ ઉપરાંત ચુંટણી પ્રચાર માટે ફરતા વાહનો ઉપર પણ લગાડી શહેર, મહોલ્લા, ગામો, ગલીઓમાં ફેરવવામાં આવે છે. જેનાં કારણે અવાજનું પ્રદુષણ, ઘોંઘાટના કારણે અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ, વૃધ્ધો, અશકત અને બીમાર વ્યક્તિઓને ત્રાસરૂપ થાય છે. જેથી ચુંટણી પ્રક્રિયા દરમ્યાન લાઉડ સ્પીકરના ઉપયોગ ઉપર નિયંત્રણ મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું ભવ્ય વર્મા (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વલસાડની હકુમત હેઠળના વલસાડ જિલ્લાના ગ્રામ પંચાયત ચુંટણી હેઠળના વિસ્તારમાં કોઈપણ રાજકીય પક્ષો, ઉમેદવાર કે તેના કાર્યકરો કે સમર્થકોએ,

૧. ચુંટણી પ્રચારના કામે યોજાતી સભા/સરઘસ કે રેલીમાં લાઉડ સ્પીકરનો ઉપયોગ સવારના ૮-૦૦ કલાક પહેલાં અને રાત્રીના ૧૦-૦૦ કલાક પછી કરવો નહિ.

૨. ચુંટણી પ્રચારના કામે વાહન ઉપરના સ્ટેટેટીક અથવા માઉન્ટેડ/લગાડેલ ફરતા લાઉડ સ્પીકરનો ઉપયોગ સવારના ૮-૦૦ કલાક પહેલાં અને રાત્રીના ૧૦-૦૦ કલાક પછી કરવો નહિ.

૩. સક્ષમ અધિકારીએ પરવાનગી આપેલ હોય તે સિવાય કોઈપણ સ્થળે લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવો નહિ. સક્ષમ અધિકારીએ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે આપેલ પરવાનગીમાં સ્પષ્ટ નિર્દેશ કરેલ ન હોય તો પણ લાઉડ સ્પીકરનો ઉપયોગ સવારના ૮-૦૦ કલાક પહેલા અને રાત્રીના ૧૦-૦૦ કલાક પછી કરી શકાશે નહિ.

૪. કોઈપણ મતદાર વિસ્તારમાં મતદાન પૂર્ણ થયાના અગાઉના ૪૮ કલાકની મુદત દરમ્યાન પ્રચાર પર પ્રતિબંધ હોઈ લાઉડ સ્પીકરનો ઉપયોગ કરી શકાશે નહી.

આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષા થઈ શકશે. જાહેરનામાંનો ભંગ થયેથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રી કે તેનાથી ઉપરનો હોદો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓને ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તા.૩૦/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યો.

જાહેરનામુ

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું ::

નં.ડીસીબી/એમએજી/જાહેરનામું/ગ્રા.પં.ચુંટણી/૨જી.૬૧/વશી.૬૪૩૦ થી ૬૬૩૭/૨૦૨૫.-રાજય ચૂંટણી આયોગ ગાંધીનગર દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ નો વિગતવાર કાર્યક્રમ તા.૨૮/૦૫/૨૦૨૫ થી જાહેર કરવામાં આવેલ છે અને તે મુજબ મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫(રવિવાર) ના રોજ યોજાનાર છે. રાજ્ય ચૂંટણી આયોગ ગાંધીનગરના આદેશ ક્રમાંકઃ-રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા.૧૭/૧૧/૨૦૨૧ થી આપેલ સુચના મુજબ ચુંટણી જાહેર થયા પછી કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે આદર્શ આચાર સંહિતાના અમલ માટે વિવિધ પ્રતિબંધાત્મક હુકમો કરવાના રહે છે. જે મુજબ ચુંટણી પ્રક્રિયા દરમ્યાન વિશાળ કટ આઉટ, જાહેરાત બેનર વિગેરે મુકવા ઉપર નિયંત્રણ રાખવાની જરૂર છે.

ચુંટણી દરમ્યાન રાજકીય પક્ષો અને ઉમેદવારો ધ્વારા જાહેર માર્ગોની બન્ને બાજુ વાહન વ્યવહારથી ધમધમતા રસ્તા, શેરીઓ, નાકા, જાહેર માલીકીનાં મકાનો વિગેરે ઉપર વિશાળ પોસ્ટરો, બેનરો, રાજકીય આગેવાનોના કટ આઉટ વિગેરે ઉભા કરવામા આવે છે અને પ્રદર્શિત કરવામાં આવે છે. એજ રીતે તેમાં સરકારી અથવા સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના મકાનો તથા વિજળી અને ટેલીફોનનાં થાંભલા જેવી સરકારી મિલ્કતો સહીત તમામ પ્રકારની જગ્યાએ વિશાળ મકાનો, દરવાજા, જાહેરાત પાટીયા, બેનર, ધજા પતાકા, ભીંત ચિત્રો વિગેરે ઉભા કરે છે અથવા મુકે છે. એના લીધે ટ્રાફિકની સમસ્યા ઉભી થવા સંભવ છે. રાહદારીઓ માટે અસલામતી વધે છે તેમજ જાહેર રસ્તાઓ અથવા સાર્વજનિક જગ્યાઓનો અયોગ્ય રીતે ઉપયોગ થવા સંભવ છે અને તેથી આ માટેની જરૂરી કાર્યવાહી કરવાની જરૂર જણાય છે.

વાસ્તે હું ભવ્ય વર્મા (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે, જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વલસાડની હકુમત હેઠળના ગ્રામ પંચાયત ચૂંટણી હેઠળના વિસ્તારમાં,

૧. કોઈપણ રાજકીય પક્ષ અથવા ઉમેદવાર ધ્વારા અથવા આવા ઉમેદવાર માટે કોઈ મંડળ, સંગઠન અથવા વ્યકિત ધ્વારા રાજય સરકાર, નગરપાલિકાઓ અથવા બોર્ડ, નિગમો, પંચાયતોના રસ્તાઓ, માર્ગો, મકાનો અથવા જગ્યાઓ, સરકારી કચેરી, નગરપાલિકા, પંચાયતો અથવા સરકારી બોર્ડ નિગમ હસ્તકની જગ્યાઓ પર સમાચાર, બોર્ડ અથવા જાહેર નોટીસ ન હોય એવા કોઈ પણ પ્રકારના કટ આઉટ જાહેરાત પાટીયા, પોસ્ટર, ધજા, પતાકા, બેનર્સ મુકી શકશે નહી કે દિવાલો ઉપર ચિત્રો દોરાવી શકાશે નહી કે કમાનો દરવાજા વિગેરે ઉભા કરી શકશે નહીં.

૨. કોઈપણ રાજકીય પક્ષ અથવા ઉમેદવાર ધ્વારા અથવા આવા ઉમેદવાર માટે કોઈ મંડળ, સંગઠન અથવા વ્યક્તિઓ ધ્વારા કોઈ પણ ખાનગી મિલ્કત ઉપર રાજકીય નેતાઓના કટઆઉટ, જાહેરાત પાટીયા, બેનર્સ વગેરે તે જગ્યાના માલિકની પુર્વ મંજુરી વગર મુકી શકાશે નહી.

આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષા થઈ શકશે. જાહેરનામાંનો ભંગ થયેથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રી કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓને ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તા.૩૦/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યો.

જાહેરનામુ

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું ::

નં.ડીસીબી/એમએજી/જાહેરનામું/ગ્રા.પં.ચુંટણી/૨જી.૬૨/વશી. ૬૬૪૩ થી ૬૮૫૦/૨૦૨૫.-રાજય ચૂંટણી આયોગ ગાંધીનગર દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ નો વિગતવાર કાર્યક્રમ તા.૨૮/૦૫/૨૦૨૫ થી જાહેર કરવામાં આવેલ છે અને તે મુજબ મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫(રવિવાર) ના રોજ યોજાનાર છે. રાજ્ય ચૂંટણી આયોગ ગાંધીનગરના આદેશ ક્રમાંકઃ-રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા.૧૭/૧૧/૨૦૨૧ થી આપેલ સુચના મુજબ ચુંટણી જાહેર થયા પછી કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે આદર્શ આચાર સંહિતાના અમલ માટે વિવિધ પ્રતિબંધાત્મક હુકમો કરવાના રહે છે.

સદરહું ચૂંટણી દરમ્યાન હિંસક બનાવોમાં તેમજ કાયદો અને વ્યવસ્થાને બગાડતા કૃત્યોમાં હથિયારોનો ઉપયોગ થાય તેવી શકયતા રહે છે જેથી ચુંટણી પ્રક્રિયા દરમ્યાન હથિયારોનો ગેરકાયદેસર રીતે ઉપયોગ ન થાય તે માટે સમગ્ર વલસાડ જિલ્લાના વિસ્તારમાં હથિયારો સાથે હરવા ફરવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે. તેમજ સમગ્ર વલસાડ જિલ્લામાં જે લોકોએ હથિયાર પરવાના મેળવેલ હોય તેવા હથિયારનો ઉપયોગ ચુંટણી પ્રક્રિયા દરમ્યાન ન કરી શકે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય તેવી કાર્યવાહી કરવાની મને જરૂર જણાય છે.

વાસ્તે, હું ભવ્ય વર્મા (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે,

(૧) વલસાડ જિલ્લાના ગ્રામ પંચાયત ચુંટણી હેઠળના વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની વ્યાખ્યામાં આવતું કોઈપણ હથિયાર ધારણ કરવું નહીં અથવા આવા હથિયાર સાથે હરવું ફરવું નહીં.

(૨) સમગ્ર વલસાડ જિલ્લામાંથી કે બહારના જિલ્લામાંથી મેળવેલ પરવાના ધારણ કરનાર વ્યકિતઓએ સમગ્ર વલસાડ જિલ્લાના વિસ્તારમાં વસવાટ કરતા હોય તો તેઓએ પણ ઉક્ત ચુંટણી હેઠળના વિસ્તારમાં હથિયાર/હથિયારો સાથે દાખલ થવું નહી તેમજ હથિયાર/હથિયારો સાથે જાહેરમાં હરવું ફરવું નહીં તેમજ આ આદેશ સમગ્ર વલસાડ જિલ્લાના તમામ વિસ્તારમાં રહેતા અને સમગ્ર વલસાડ જિલ્લાની મુલાકાતે આવેલ તમામ હથિયાર પરવાના ધારકોને પણ લાગુ પડશે.

(૩) જે હથિયાર પરવાનાઓની મુદ્દત પૂર્ણ થઈ ગયેલ હોય અને રીન્યુઅલ અર્થે અત્રેની કચેરીમાં રજૂ કરેલ હોય અને જેઓનું લાયસન્સ આપનાર અધિકારીની કચેરી ખાતે રૂબરૂ હથિયાર વેરીફીકેશન બાકી હોય તેવા હથિયાર પરવાના ધારકો લાયસન્સ આપનાર અધિકારીની લેખિત નોટીસ મળ્યેથી લાયસન્સ આપનાર અધિકારીની કચેરી ખાતે હથિયાર સહ વેરીફીકેશન માટે જઈ શકશે.

અપવાદઃ-

ઉપરોક્ત ક્રમાંક નં. (૧) થી (૩) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(અ) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમને ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય તે વ્યકિતઓને.

(બ) રાષ્ટ્રિયકૃત તેમજ સહકારી બેંકો અને સેન્ટ્રલ ગવર્મેન્ટ તેમજ રાજય સરકારના જાહેર સાહસોની સુરક્ષા અર્થે રાખેલ સીકયુરીટી ગાર્ડ તેમજ સમગ્ર વલસાડ જિલ્લાના વિસ્તારમાં આવેલ સોના-ચાંદીની દુકાનોની સલામતીની ફરજ બજાવતા ગાર્ડને (વ્યકિતઓને) તથા પેટ્રોલપંપ પર ફરજ બજાવતા સુરક્ષાકર્મીઓ તેમજ મોટા ઔદ્યોગિક એકમો કે જે કંપનીના નામે હથિયાર પરવાનો ધરાવતા હોય તેઓને કામકાજના સમય દરમ્યાન હથિયાર સુરક્ષા અર્થે રાખવાની છુટ રહેશે.

(ક) નેશનલ રાયફલ એસોસીયેશનના રમતવીરો.

આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષા થઈ શકશે. જાહેરનામાંનો ભંગ થયેથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રી કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓને ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તા.૩૦/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યો.

-:: જાહેરનામું ::-

-: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનો :-

નં.ડીસીબી/એમએજી/CCTV જાહેરનામું/રજી.૫૦/વશી. ૪૬૦૮ થી ૪૬૬૪/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી વલસાડની તા.૧૩/૦૫/૨૦૨૫ની દરખાસ્ત મુજબ વલસાડ જિલ્લા તથા કેન્દ્ર શાસિત સંઘ પ્રદેશ દમણ અને સેલવાસ ખાતે કેમીકલ્સ, ગારમેન્ટ, પ્લાસ્ટીક, ફાર્માસ્યુટીકલ, પેપર, જંતુનાશક દવા વિગેરેનું ઉત્પાદન કરતા નાના-મોટા ઔધોગિક એકમ આવેલ છે તેની સાથે ટ્રાન્સપોર્ટનો વ્યવસાય પણ વિકાસ પામેલ છે. જેના કારણે વલસાડ જિલ્લામાં પરપ્રાંતિય લોકો ખુબ મોટા પ્રમાણમાં વસવાટ કરે છે. ભુતકાળમાં વલસાડ જિલ્લામાં જિલ્લા પોલીસ દ્વારા બનેલ મિલ્કત સબંધી અને શરીર સબંધી ગુનાઓમાં રાજય બહારની ગેંગ અને ગુનેગારોની ધરપકડ કરી ગુનાઓનો ભેદ ઉકેલવામાં આવેલ છે. આ તમામ પ્રકારના મિલ્કત સબંધી અને શરીર સબંધી ગુનાની તપાસ દરમ્યાન સ્થાનીક પોલીસ, લોકલ ક્રાઈમ બ્રાંચ, સ્પેશ્યલ ઓપરેશન ગૃપ તથા અન્ય શાખા/સ્કવોડ દ્વારા વલસાડ જિલ્લામાં પોલીસ વિભાગ, રેલ્વે વિભાગ, જુદા-જુદા સરકારી વિભાગ, ખાનગી વ્યકિત કે સંસ્થા ધ્વારા લગાડવામાં આવેલ સી.સી. ટી.વી. કેમેરાના ફુટેજનો અભ્યાસ કરી ગુનામાં સંડોવાયેલ વ્યકિતના ફોટોગ્રાફસ અને ગુનામાં ઉપયોગમાં લીધેલ વાહનના પ્રકાર અને વાહનના નંબર, ગુનાની મોડસ ઓપરેન્ડી આધારે જુદી-જુદી ગેંગ કે ગુનેગારની ઓળખ કરી ગુનાઓ ડીટેકટ કરવામાં આવેલ છે. આમ સી.સી.ટી.વી. કેમેરા ગુનાની તપાસ તથા ગુના શોધવા ખુબ જ ઉપયોગી છે.

તદઉપરાંત સી.સી.ટી.વી. કેમેરા ટ્રાફીક નિયમન અને રોડ અકસ્માત સબંધી ગુનાઓ શોધવામાં ખુબ જ મદદરૂપ થાય છે તથા રહેણાંક વિસ્તાર, સોસાયટી, બિલ્ડીંગ, શાળા કોલેજ અને શૈક્ષણિક સંસ્થા વિગેરેમાં સીનીયર સીટીઝન, મહિલા, બાળકો અને વિધાર્થીઓ અને લોકોની સુરક્ષા માટે સી.સી.ટી.વી. ખુબ જ ઉપયોગી થઇ શકે તેમ છે તેમજ જુદી-જુદી બેન્ક, નાણાંકીય સંસ્થા, ઈન્ડસ્ટ્રીયલ પાર્ક, ફુડ ઝોન, કોમર્શિયલ બિલ્ડીંગ, શોપિંગ મોલ, શૈક્ષણિક સંસ્થાઓ, જવેલરી શોપ, શો-રૂમ, પાર્કિંગ પ્લોટ, પાર્ટી પ્લોટ, લગ્ન હોલ, ખાનગી મનોરંજનના સ્થળ વિગેરે સી.સી.ટી.વી. કેમેરા દ્વારા લોકોના માલ મિલ્કત ઉપર દેખરેખ રાખી નુકશાન થતુ અટકાવી શકાય તેમજ ગુન્હા હિત પ્રવૃતિ ઉપર વોચ રાખી શકાય. આમ વલસાડ જિલ્લામાં લોકોના જાનમાલના રક્ષણ અને કાયદો વ્યવસ્થા સુદ્રઢ બને તેમજ ગુનાઓ બનતા અટકાવવા તથા ગુનાઓ શોધવા માટે સી.સી.ટી.વી. કેમેરા ખુબ જ ઉપયોગી છે. જેથી નીચે જણાવેલ જગ્યા ઉપર જરૂરીયાત મુજબ એન્ટ્રી, એકઝીટ, આવવા-જવાના રસ્તા, પાર્કિંગ, મકાન/બિલ્ડીંગના આગળ-પાછળ અને બંને સાઇડ તરફ મુખ્ય રોડ રસ્તા કવર કરે તે રીતે સી.સી.ટી.વી. કેમેરા લગાડવા જાહેરનામુ બહાર પાડવા વિનંતી કરેલ છે.

આમ, જિલ્લામાં બનતા ઉપરોક્ત જણાવેલ મિલ્કત/શરીર સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ બનેલ ગુનાઓ શોધી કાઢવા માટે પોલીસને મદદરૂપ થાય તે હેતુ માટે તેમજ જાહેર જનતાની શાંતિ અને સલામતી જાળવવા સારૂ સી.સી.ટી.વી. કેમેરા લગાવવા જાહેરનામુ બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે હું ભવ્ય વર્મા, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ પ્રિમાઈસીસ સ્થળે સી.સી.ટી.વી. કેમેરા (વિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ કાર્યરત કરવા માટે આથી હુકમ કરૂં છું.

૧. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ શાળા, કોલેજ અન્ય શૈક્ષણિક સંસ્થા તથા એજયુકેશન સાથે જોડાયેલી સંસ્થાઓ.

૨. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ હોટલ, રેસ્ટોરન્ટ, ફુડ ઝોન, પેટ્રોલપંપ, ગેસ ફીલીંગ સ્ટેશન.

૩. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ શોપિંગ મોલ, શોપિંગ કોમ્પલેક્ષ, કોમર્શિયલ બિલ્ડીંગ.

૪. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ બેન્કો, આંગડીયા પેઢી, ફાયનાન્સ ઓફીસ/પેઢી.

૫. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ ટ્રાવેલ્સ એજન્સી, ટ્રાન્સપોર્ટ ઓફીસ, કુરીયર ઓફીસ.

૬. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ વાહનના શો-રૂમ, જવેલરી શોપ, મોબાઈલ શોપ, ઈલેકટ્રોનીકસ શો-રૂમ.

૭. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક, વેર હાઉસ, મોટા કદના ગોડાઉન.

૮. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ હોસ્પીટલ, લેબોરેટરીઝ, દવાખાના, મેડીકલ સ્ટોર.

૯. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ મોટા શાકભાજી માર્કેટ/માર્કેટીંગ યાર્ડ.

૧૦. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ હાઈરાઈઝ/લો-રાઈઝ બિલ્ડીંગ, ક્લબ હાઉસ.

૧૧. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ ઔધોગીક એકમો.

૧૨. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન વિગેરે જગ્યાએ આવેલ ખાનગી પે એન્ડ પાર્કિંગ સ્થળો.

૧૩. સમગ્ર વલસાડ જિલ્લામાં ધાર્મિક સ્થળ તથા ખાનગી મનોરંજન સ્થળ જેવા કે, સિનેમા, જીમ, વોટર પાર્ક, સ્વીમીંગ પુલ, ગેમ ઝોન, રમત-ગમતના સ્થળ.

આ હુકમ તા.૨૧/૦૫/૨૦૨૫ થી તા.૨૧/૦૭/૨૦૨૫ (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ના મુજબ સજા/દંડ થઈ શકશે. વલસાડ જિલ્લામાં ફરજ બજાવત પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી કે તેથી ઉપરનાં હોદો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ:૨૧/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

-:: જાહેરનામું ::-

-: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનો :-

નં.ડીસીબી/એમએજી-૧/Pathik જાહેરનામું/૨જી.૪૮/વશી. ૪૪૯૮ થી ૪૫૫૦/૨૦૨૫.- પોલીસ અધિક્ષકશ્રી વલસાડની તા.૧૩/૦૫/૨૦૨૫ની દરખાસ્ત મુજબ વલસાડ જિલ્લાની હદને અડીને મહારાષ્ટ્ર રાજ્ય, કેન્દ્ર શાસિત સંઘ પ્રદેશ દમણ અને સેલવાસ આવેલ છે અને જિલ્લામાંથી નેશનલ હાઈવે નંબર ૪૮ પસાર થાય છે. વલસાડ જિલ્લા, કેન્દ્ર શાસિત સંઘ પ્રદેશ દમણ અને સેલવાસ ખાતે પ્રવાસન સ્થળો તથા નાના-મોટા ઔધોગીક એકમો આવેલા છે. જેના કારણે વલસાડ જિલ્લામાં દેશ-વિદેશ તથા રાજ્ય બહાર અને ગુજરાત રાજ્યના લોકો પ્રવાસ કે કામધંધા અર્થે આવે ત્યારે વલસાડ જિલ્લામાં શહેર કે હાઈવે રોડ ઉપર આવેલ હોટલ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળા, લોજ જેવા ભાડુ લઈ રોકાણની સુવિધા પુરી પાડતા એકમમાં રોકાણ કરતા હોય છે. જેમાં ગુન્હાહિત અને ભાંગફોડીયા પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઈસમો ગુન્હાહિત પ્રવૃત્તિ આચરવા માટે હોટલ/ગેસ્ટ હાઉસમાં ખોટા કે બીજી વ્યક્તિના નામના ઓળખના પુરાવા, મોબાઈલ નંબર આધારે રોકાણ કરી ગુન્હાહિત પ્રવૃત્તિ આચરી નાસી જઈ જાહેર સલામતી, શાંતી અને મિલ્કતને નુકશાન પહોંચાડતા હોવાનું અને હોટલ/ ગેસ્ટ હાઉસના રજીસ્ટરમાં અધુરી અને અનિયમિત નોંધ, સી.સી.ટી.વીની વ્યવસ્થા અને રેકોર્ડીંગ, ઓળખના પુરાવા તથા મોબાઈલ નંબરનું વેરીફીકેશન અને પથિક સોફ્ટવેરમાં અનિયમિત એન્ટ્રી થતી હોવાનું જાણવા મળેલ છે. અમુક એકમોમાં મોટે ભાગે વિદેશી નાગરીકો તેમજ આંતર રાજયના નાગરીકો તથા રાજયના વિવિધ જિલ્લાઓના નાગરીકો, વેપારીઓ, ટેકનિશ્યનો વિવિધ કામકાજ અર્થે આવતા જતા હોય છે અને તેઓ ટૂંકા સમય માટે હોટલોમાં રોકાતા હોય છે. ભુતકાળમાં બનેલ બનાવોની તપાસ દરમિયાન બહાર આવેલ હકીકતો મુજબ કેટલીકવાર ઉપરોકત જણાવ્યા મુજબના નાગરીકો, વેપારીઓની આડમાં આતંકવાદી, ત્રાસવાદી પ્રવૃતિ કરવા રોકાણ કરી આજુબાજુના વિસ્તારોમાં શહેરની ભીડભાડ વાળી જગ્યા, મોટી હોસ્પિટલો ઔધૌગિક એકમો, સરકારી કચેરીઓ, અતિ સંવેદનશીલ જગ્યાઓ વિગેરેની રેકી કરી આંતકવાદી પ્રવૃતિ, અસામાજીક પ્રવૃતિ, ચોરી, લુંટફાટની પ્રવૃતિને અંજામ આપતા હોય છે અને જિલ્લાની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી તેમજ શાંતિ અને સલામતી ડહોળવાના પ્રયાસો કરે તેવી શક્યતા નકારી શકાય નહિ.

અમુક ઔધોગિક વિસ્તાર આસપાસની હોટલોમાં ઈમોરોલ ટ્રાફીકીંગની પ્રવૃતિ પણ ઉપર જણાવ્યા મુજબ વેપાર ધંધાની આડમાં તેમજ સ્પા, મસાજની આડમાં થતી હોવાના કિસ્સાઓ રાજયમાં ભુતકાળમાં બનવા પામેલ છે. જેથી જિલ્લાની કાયદો અને વ્યવસ્થાની તેમજ શાંતી અને સલામતિની વ્યવસ્થા જાળવી રાખવા સારૂ હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફર ખાના ઉપર નિયંત્રણો મુકવા ખુબ જરૂર જણાય છે. આ માટે ગુજરાત પોલીસ દ્વારા "PATHIK" (Program for Analysis of Traveler and Hotel Informatics) સોફ્ટવેર તૈયાર કરવામાં આવેલ છે. જે સોફ્ટવેર હાલ સફળતા પૂર્વક કાર્યરત છે. આ સોફ્ટવેરમાં ઓનલાઈન હોટલ, લોજ વિગેરેમાં આવતા મુસાફરોની ઓનલાઈન એન્ટ્રી કરવાની રહે છે. આ સોફ્ટવેર અત્રેના જિલ્લા ખાતે હાલ કાર્યરત છે અને તેનું નિયંત્રણ સ્પેશ્યલ ઓપરેશન ગૃપ વલસાડ દ્વારા કરવામાં આવી રહેલ છે. જેથી જિલ્લાની તમામ હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા, કોર્પોરેટ હાઉસ કે જેઓ મુસાફરો, વેપારીઓ વિગેરેને ટુકો આશરો આપે છે એ તમામે આ સોફ્ટવેરમાં ઓનલાઈન એન્ટ્રી કરવાની રહે છે. જેને માટે પ્રથમ તેઓએ એસ.ઓ.જી. શાખા વલસાડ/વાપી ખાતેની કચેરીએ જઈ તેઓની હોટલ /એકમ આ સોફ્ટવેરમાં રજીસ્ટર કરાવવાનું રહેશે અને તેઓના યુઝર આઈ.ડી. પાસવર્ડ મેળવવાના રહેશે ત્યારબાદ જ તેઓ આ સોફ્ટવેરમાં મુસાફરોની એન્ટ્રી કરી શકશે. જેથી ઉપરોક્ત સુચના મુજબ અગમચેતીના પગલાં રૂપે સાવચેતી તથા તકેદારીના પગલાં લેવાના હેતુસર વલસાડ જિલ્લામાં આવેલ તમામ હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફર ખાના સંચાલકોએ પથિક સોફ્ટવેરમાં મુસાફરોની એન્ટ્રી કરવા માટે નીચે જણાવ્યા મુજબની સુચનાનું ચુસ્તપણે પાલન કરાવવું જરૂરી જણાય છે.

વાસ્તે હું ભવ્ય વર્મા, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ ભારતના ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે, વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં આવેલ અને પ્રવાસીઓને રહેવાની સગવડ પુરી પાડતી તમામ સ્થાનિક હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફર ખાના ના સંચાલકોએ ગ્રાહકની રજીસ્ટર એન્ટ્રી કરવા માટે પોતાના રીસેપ્શન કાઉન્ટર ઉપર ઈન્ટરનેટ કનેકટીવીટી સાથેનું એક કોમ્પ્યુટર રાખવાનું રહેશે અને તેમાં ગુજરાત પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલ "PATHIK" (Program for Analysis of Traveler and Hotel Informatics) ઈન્સ્ટોલ કરવાની રહેશે તેમજ તે મેન્યુઅલ રજીસ્ટરમાં થતી તમામ એન્ટ્રીઓ આ "PATHIK" એપમાં ફરજીયાતપણે ઓનલાઈન કરવાની રહેશે.

આ હુકમ તા.૨૧/૦૫/૨૦૨૫ થી તા.૦૫/૦૬/૨૦૨૫ (બંન્ને દિવસો સહીત) સુધી અમલમાં રહેશે.

-:શિક્ષા :-

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ની જોગવાઈ મુજબ શિક્ષાને પાત્ર થશે. વલસાડ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી કે તેથી ઉપરનાં હોદો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ: ૨૧/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

-: જાહેરનામું ::-

-: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનો :-

નં.ડીસીબી/એમએજી-૧/ધાર્મિક તહેવાર-પ્રતિમા/૨જી, ૫૧/વશી. ૪૬૬૭ થી ૪૭૨૬/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી વલસાડની તા.૦૩/૦૫/૨૦૨૫ની દરખાસ્ત મુજબ વલસાડ જિલ્લામાં દર વર્ષે વિવિધ ધાર્મિક તહેવારો ખુબ જ ઉત્સાહ પુર્વક અને ધામધૂમથી મનાવવામાં આવે છે. ઉકત તહેવારો દરમ્યાન જિલ્લામાં વિવિધ દેવી-દેવતાઓની પ્રતિમાઓની સ્થાપના થતી હોય છે તેમજ પ્રતિમાઓનું વિસર્જન અર્થે સરઘસ/ઝુલુસ નિકળતું હોય છે. સરઘસ/ઝુલુસ દરમ્યાન ઊંચા કદની પ્રતિમાઓના કારણે વીજતારના સંપર્કમાં આવવાથી શોર્ટસર્કીટ થવાના કારણે જાન-માલનું નુકશાન થવાના બનાવો રાજ્યમાં અવાર-નવાર બનતા હોય છે તેમજ શ્રધ્ધાળુઓ દ્વારા સદરહું પ્રતિમાઓનું વિસર્જન નદી, તળાવ તથા દરિયા કિનારે કરવામાં આવે છે. જેનાથી વિવિધ પ્રદુષણ પણ ફેલાય છે.

પાણી તથા પર્યાવરણમાં થતા પ્રદુષણને અટકાવવાના હેતુસર ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ મને મળેલ સત્તાની રૂએ વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ધાર્મિક તહેવારો દરમ્યાન દેવી/દેવતાઓની મૂર્તિઓની બનાવટમાં તથા મૂર્તિઓના વિસર્જન સમયે નીચે જણાવ્યા મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવા તથા પ્રવર્તમાન માર્ગદર્શિકાનો અમલ કરાવવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું ભવ્ય વર્મા, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ નીચેના કૃત્યો કરવા પર સમગ્ર વલસાડ જિલ્લાના વિસ્તારમાં પ્રતિબંધ ફરમાવુ છું કે,

(૧) પી.ઓ.પી.ની મૂર્તિઓ વિસર્જન સમયે પુજન વિધી કરી નદીઓ / તળાવ / દરિયાના કિનારે રાખવી નહી કે નદી તળાવ દરિયામાં પધરાવવી નહી, તેમજ કૃત્રિમ તળાવો બનાવ્યા સિવાય વિસર્જન કરવી નહી.

(૨) મુર્તિઓની બનાવટમાં બીજા ધર્મના લોકોની લાગણી દુભાઈ તેવા કોઈ ચિન્હો કે નિશાનીઓ રાખવી નહી.

(૩) મુર્તિઓનું વેચાણ થયા બાદ વધેલી તથા ખંડિત મુર્તિઓને બિનવારસી હાલતમાં છોડીને જવું નહિ. તે અંગે જિલ્લાના આયોજક મંડળોએ અમલ કરાવવો તથા પોલીસ ખાતાએ ખાસ તકેદારી રાખવાની રહેશે.

(૪) કોઈપણ મૂર્તિકારો કે પ્રતિમા બનાવનાર કારીગરો-કલાકારોએ દેવી-દેવતાઓની પ્રતિમા / મૂર્તિ નવ ફૂટથી વધારે(બેઠક સહિત) ઊંચાઈની બનાવવવી નહી કે વેચવી નહીં.

(૫) કોઈ પણ ધાર્મિક ઉત્સવો દરમ્યાન ઉપયોગમાં લેવામાં આવનાર દેવી-દેવતાઓની મૂર્તિઓની ઉચાઇ (બેઠક સહિત) ૯ (નવ) ફુટથી વધુ ન હોય તે રીતે આયોજન કરવાનું રહેશે તથા વિસર્જન દરમ્યાન સરકારશ્રીની પ્રર્વતમાન નિયમોનુસારની કાર્યવાહી અનુસરવાની રહેશે.

(૬) મુર્તિઓની બનાવટમાં મુર્તિઓ પાણીમાં સહેલાઈથી ઓગળી શકે તેવા બિનઝેરી કુદરતી રંગોનો જ ઉપયોગ કરવો. ઝેરી અને ઉતરતી કક્ષાના સીન્થેટીક, રસાયણ કે કેમીકલ,ડાય યુક્ત રંગોનો ઉપયોગ કરવો નહી.

(૭) મુર્તિકારો જે જગ્યાએ મુર્તિઓ બનાવે છે.તે જગ્યા તથા વેચાણની જગ્યાની આજુ બાજુમાં ગંદકી કરવી નહી. તે અંગે નગરપાલિકા તથા સક્ષમ સ્થાનિક સંસ્થાએ તકેદારી રાખવી.

(૮) વલસાડ બહારથી મુર્તિઓ લાવી વેચનાર મુર્તિકારો / વેપારીઓને પણ આ નિયમો લાગુ પડશે.

(૯) વિસર્જન સરઘસ દરમ્યાન પરમીટમાં દર્શાવેલ રૂટ સિવાય અન્ય રૂટ ઉપર શોભાયાત્રા કાઢવી નહી

(૧૦) નામ. સુપ્રિમ કોર્ટ અને પોલ્યુશન કંન્ટ્રોલ બોર્ડની વિસર્જનની ગાઈડ લાઈન મુજબ વિસર્જન કરવા અંગે તકેદારી રાખવી.

(૧૧) સરકારશ્રીના ગૃહ વિભાગ, વન અને પર્યાવરણ વિભાગ તથા નામ.સુપ્રિમ કોર્ટ/નામ. હાઈકોર્ટ તથા અન્ય ટ્રીબ્યુનલની વખતોવખતની સુચના અને માર્ગદર્શન મુજબ ફેરફારને આધિન તથા સબંધિતોને બંધનકર્તા રહેશે.

-:: અમલવારીનો સમય ::-

આ હુકમની અમલવારી તા.૨૩/૦૫/૨૦૨૫ થી તા.૨૩/૦૭/૨૦૨૫ સુધી (બન્ને દિવસો સહિત) કરવાની રહેશે.

-: શિક્ષા :-

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. વલસાડ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી કે તેથી ઉપરનાં હોદો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ : ૨૩/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

-:: જાહેરનામું ::-

-: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનો :-

નં.ડીસીબી/એમએજી-૧/ડ્રોન-પ્રતિબંધ/રજી. ૪૭/વશી. ૪૪૪૧ થી ૪૪૯૭/૨૦૨૫ .-પોલીસ અધિક્ષકશ્રી વલસાડની તા.૧૯/૦૫/૨૦૨૫ના રોજની દરખાસ્તમાં જણાવ્યા મુજબ ભારત-પાકિસ્તાન સરહદ પાર કરીને ભારતીય ક્ષેત્રમાં તાજેતરમાં થયેલા ડ્રોન દેખાવા/ઘુસણખોરીના પગલે પાકિસ્તાન સાથે જોડાયેલ સરહદી રાજ્યોમાં ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ મુકવા અંગેનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે. સદર દરખાસ્ત તેમજ હાલની પરિસ્થિતિ ધ્યાને લેતા લોકોમાં કોઈ પણ રીતે ભય ન ફેલાય અને કોઈ પણ રીતે જાહેર-વ્યવસ્થા ન ખોરવાય તે માટે વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તમામ પ્રકારના ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું ભવ્ય વર્મા, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તમામ પ્રકારના ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ ફરમાવું છું.

:: અપવાદ ::

પોલીસ વિભાગ અને સુરક્ષાબળોને સુરક્ષાના હેતુ માટે આ જાહેરનામા માંથી મુક્તિ રહેશે.

:: અમલવારીનો સમય ::

આ હુકમ તા.૨૧/૦૫/૨૦૨૫ થી તા.૦૩/૦૬/૨૦૨૫ (બંન્ને દિવસો સહીત) સુધી અમલમાં રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. વલસાડ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી કે તેથી ઉપરનાં હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ : ૨૧/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો મહોર લગાડી હુકમ બહાર પાડયો.

ભવ્ય વર્મા,
જિલ્લા મેજીસ્ટ્રેટ
વલસાડ

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)ડી.એ. હેઠળનું ::

નં.એમએજી/કટઆઉટ/વશી.૪૧૦૨ થી ૪૧૪૩/૨૫.-રાજય ચુંટણી આયોગના પત્ર ક્રમાંકઃઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક તા.૨૮/૦૫/૨૦૨૫ થી રાજયની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ રાજય ચૂંટણી આયોગે નક્કી કરેલ છે. સદરહું ચુંટણી કાર્યક્રમ મુજબ અત્રેના સુરત જિલ્લામાં ૭૫ સામાન્ય/વિભાજન/મધ્યસત્રની તથા ૧૩૬ પેટા ચૂંટણી યોજાનાર છે અને તે મુજબ મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) (સવારના ૦૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી) ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ નિયત થયેલ છે. ભારતનાં ચુંટણી આયોગએ બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંકઃ-૩/૧૦/૨૦૦૧/ જેએસ-૨, તા.૨૩/૦૩/૨૦૦૧ તથા રાજય ચુંટણી આયોગના આદેશ ક્રમાંક:રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક તા.૧૭/૧૧/૨૦૨૧ મુજબ ચુંટણી પ્રક્રિયા દરમ્યાન વિશાળ કટ આઉટ, જાહેરાત બેનર વિગેરે મુકવા ઉપર નિયંત્રણ રાખવાની જરૂર છે.

ચુંટણી દરમ્યાન રાજકીય પક્ષો અને ઉમેદવારો ધ્વારા જાહેર માર્ગોની બન્ને બાજુ વાહન વ્યવહારથી ધમધમતા રસ્તા, શેરીઓ, નાકા, જાહેર માલીકીનાં મકાનો વિગેરે ઉપર વિશાળ પોસ્ટરો, બેનરો, રાજકીય આગેવાનોના કટ આઉટ વિગેરે ઉભા કરવામા આવે છે અને પ્રદર્શીત કરવામાં આવે છે. એજ રીતે તેમાં સરકારી અથવા સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના મકાનો તથા વિજળી અને ટેલીફોનનાં થાંભલા જેવી સરકારી મિલ્કતો સહીત તમામ પ્રકારની જગ્યાએ વિશાળ મકાનો, દરવાજા, જાહેરાત પાટીયા, બેનર, ધજા પતાકા, ભીંત ચિત્રો વિગેરે ઉભા કરે છે અથવા મુકે છે. એના લીધે ટ્રાફિકની સમસ્યા ઉભી થવા સંભવ છે. રાહદારીઓ માટે અસલામતી વધે છે તેમજ જાહેર રસ્તાઓ અથવા સાર્વજનિક જગ્યાઓનો અયોગ્ય રીતે ઉપયોગ થવા સંભવ છે અને તેથી આ માટેની જરૂરી કાર્યવાહી કરવાની જરૂર જણાય છે.

વાસ્તે હું વિજય રબારી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) ડી.એ. થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે, જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશ્નરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જિલ્લાના વિસ્તારમાં,

૧. કોઈપણ રાજકીય પક્ષ અથવા ઉમેદવાર ધ્વારા અથવા આવા ઉમેદવાર માટે કોઈ મંડળ, સંગઠન અથવા વ્યકિત ધ્વારા રાજય સરકાર, નગરપાલિકાઓ અથવા બોર્ડ, નિગમો, પંચાયતોના રસ્તાઓ, માર્ગો, મકાનો અથવા જગ્યાઓ, સરકારી કચેરી, નગરપાલિકા, પંચાયતો અથવા સરકારી બોર્ડ નિગમ હસ્તકની જગ્યાઓ પર સમાચાર, બોર્ડ અથવા જાહેર નોટીસ ન હોય એવા કોઈ પણ પ્રકારના કટ આઉટ જાહેરાત પાટીયા, પોસ્ટર, ધજા, પતાકા, બેનર્સ મુકી શકશે નહી કે દિવાલો ઉપર ચિત્રો દોરાવી શકાશે નહી કે કમાનો દરવાજા વિગેરે ઉભા કરી શકશે નહીં.

૨. કોઈપણ રાજકીય પક્ષ અથવા ઉમેદવાર ધ્વારા અથવા આવા ઉમેદવાર માટે કોઈ મંડળ, સંગઠન અથવા વ્યક્તિઓ ધ્વારા કોઈ પણ ખાનગી મિલ્કત ઉપર રાજકીય નેતાઓના કટઆઉટ, જાહેરાત પાટીયા, બેનર્સ વગેરે તે જગ્યાના માલિકની પુર્વ મંજુરી વગર મુકી શકાશે નહી.

આ હુકમનું ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ તથા ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તા.૨૫/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તા.૨૯/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી પ્રસિધ્ધ કર્યુ.

જાહેરનામુ

:: ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) આર (૩) હેઠળનું ::

નં.એમએજી/ચુંટણી લાઉડ સ્પીકર/વશી.૪૦૬૦ થી ૪૧૦૧/૨૫.-રાજય ચુંટણી આયોગના પત્ર ક્રમાંક:ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક તા.૨૮/૦૫/૨૦૨૫ થી રાજયની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ રાજય ચૂંટણી આયોગે નક્કી કરેલ છે. સદરહું ચુંટણી કાર્યક્રમ મુજબ અત્રેના સુરત જિલ્લામાં ૭૫ સામાન્ય/વિભાજન/મધ્યસત્રની તથા ૧૩૬ પેટા ચૂંટણી યોજાનાર છે અને તે મુજબ મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) (સવારના ૦૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી) ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ નિયત થયેલ છે. ભારતના નિર્વાચન આયોગે તેનાં આદેશ ક્રમાંકઃ-૩/૮/૯૪/ જે.એસ./II, તા.૨૬/૧૨/૨૦૦૦ તથા રાજય ચુંટણી આયોગના આદેશ ક્રમાંક:રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક તા.૧૭/૧૧/૨૦૨૧માં આપેલ સુચનાઓ મુજબ ચુટણીમાં લાઉડ સ્પીકરના વ્યાપક ઉપયોગ ઉપર નિયંત્રણો રાખવા જરૂરી હોવાનું જણાવી લાઉડ સ્પીકરના ઉપયોગ માટે આદેશો કરેલ છે.

ચુંટણી દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના કાર્યકરો, સમર્થકો ચુંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ મોટા ભાગે કરે છે. જે ફકત નિયત મંચ કે સભા સ્થળ ઉપરાંત ચુંટણી પ્રચાર માટે ફરતા વાહનો ઉપર પણ લગાડી શહેર, મહોલ્લા, ગામો, ગલીઓમાં ફેરવવામાં આવે છે. જેનાં કારણે અવાજનું પ્રદુષણ, ઘોંઘાટના કારણે અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ, વૃધ્ધો, અશકત અને બીમાર વ્યક્તિઓને ત્રાસરૂપ થાય છે. જેથી ચુંટણી પ્રક્રિયા દરમ્યાન લાઉડ સ્પીકરના ઉપયોગ ઉપર નિયંત્રણ મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું વિજય રબારી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) આર (૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશ્નરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જિલ્લાના વિસ્તારમાં, કોઈપણ રાજકીય પક્ષો, ઉમેદવાર કે તેના કાર્યકરો કે સમર્થકોએ,

૧. ચુંટણી પ્રચારના કામે યોજાતી સભા/સરઘસ કે રેલીમાં લાઉડ સ્પીકરનો ઉપયોગ સવારના ૮-૦૦ કલાક પહેલાં અને રાત્રીના ૧૦-૦૦ કલાક પછી કરવો નહિ.

૨. ચુંટણી પ્રચારના કામે વાહન ઉપરના સ્ટેટેટીક અથવા માઉન્ટેડ/લગાડેલ ફરતા લાઉડ સ્પીકરનો ઉપયોગ સવારના ૮-૦૦ કલાક પહેલાં અને રાત્રીના ૧૦-૦૦ કલાક પછી કરવો નહિ.

૩. સક્ષમ અધિકારીએ પરવાનગી આપેલ હોય તે સિવાય કોઈપણ સ્થળે લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવો નહિ. સક્ષમ અધિકારીએ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે આપેલ પરવાનગીમાં સ્પષ્ટ નિર્દેશ કરેલ ન હોય તો પણ લાઉડ સ્પીકરનો ઉપયોગ સવારના ૮-૦૦ કલાક પહેલા અને રાત્રીના ૧૦-૦૦ કલાક પછી કરી શકાશે નહિ.

૪. કોઈપણ મતદાર વિસ્તારમાં મતદાન પૂર્ણ થયાના અગાઉના ૪૮ કલાકની મુદત દરમ્યાન પ્રચાર પર પ્રતિબંધ હોઈ લાઉડ સ્પીકરનો ઉપયોગ કરી શકાશે નહી.

અપવાદ :-

સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગના તા.૧૦/૦૨/૧૫ ના જાહેરનામા નં.જીએનવી-૨૦૧૫-(૨)-ઈએનવી-૧૦-૨૦૧૪-૧૩૩-ઈ થી નોઈસ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ- ૨૦૦૦ અંતર્ગત વર્ષ-૨૦૧૫માં કેટલાક ધાર્મિક તહેવારો/સાંસ્કૃતિક ઉજવણીના પ્રસંગોએ આપેલ છુટછાટ મુજબ આ સમય માટે જ લાઉડ સ્પીકરનો ઉપયોગ કરી શકાશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ તથા ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તા.૨૫/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તા.૨૯/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી પ્રસિધ્ધ કર્યુ.

જાહેરનામુ

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું ::

નં.એમએજી/નોમીનેશન/વશી.૪૧૮૬ થી ૪૨૨૭/૨૫.- રાજય ચુંટણી આયોગના પત્ર ક્રમાંક:ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક તા.૨૮/૦૫/૨૦૨૫ થી રાજયની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ રાજય ચૂંટણી આયોગે નક્કી કરેલ છે. સદરહું ચુંટણી કાર્યક્રમ મુજબ અત્રેના સુરત જિલ્લામાં ૭૫ સામાન્ય/વિભાજન/મધ્યસત્રની તથા ૧૩૬ પેટા ચૂંટણી યોજાનાર છે અને તે મુજબ મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) (સવારના ૦૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી) ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ નિયત થયેલ છે. જે અંગે ઉમેદવારી પત્રો ભરવા માટે ઉમેદવારો તથા તેમના સમર્થકોને સંબંધિત ચુંટણી અધિકારીઓ તથા મદદનીશ ચુંટણી અધિકારીઓની કચેરીમાં જવાનું થશે. જે અંગે ભારતીય ચુંટણી પંચના પત્ર નં.૪૬૪/આઈએનએસટી/૨૦૦૧/ પીએલએન-૧, તા.૯/૨/૨૦૦૧ તથા પત્ર નં.૪૬૪/ આઈએનએસટી/૨૦૦૯/ઈપીએસ, તા.૧૫/૦૫/૨૦૦૯ થી ઉમેદવારી પત્ર ભરવા માટે આવતા તથા ચુંટણી પ્રમાણપત્ર લેવા માટે આવતા લોકો તથા તેમના વાહનો પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે.

વાસ્તે હું વિજય રબારી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશ્નરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જિલ્લાના વિસ્તારમાં,

કોઈપણ ઉમેદવાર તેમના ઉમેદવારી પત્રો ભરવા માટે સંબંધિત ચુંટણી અધિકારી અથવા મદદનીશ ચુંટણી અધિકારીની કચેરીમાં જાય ત્યારે તેમની કચેરીના ૧૦૦ મીટરના આસપાસના વિસ્તારમાં ત્રણ વાહનથી વધુ વાહનો સાથે જઈ શકશે નહી તેમજ સંબંધિત ચુંટણી અધિકારી અથવા મદદનીશ ચુંટણી અધિકારીની કચેરીમાં ઉમેદવાર તથા તેમના વધુમાં વધુ ચાર સમર્થકો મળી કુલ-૫ (પાંચ) વ્યક્તિઓથી વધુ સંબંધિત અધિકારીની ચેમ્બરમાં જઈ શકશે નહી. વિજેતા ઉમેદવાર ચુંટણી પ્રમાણપત્ર લેવા આવે ત્યારે પણ આ સૂચના લાગુ પડશે.

આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષા થઈ શકશે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તા.૨૫/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તા.૨૯/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી પ્રસિધ્ધ કર્યુ.

જાહેરનામુ

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું ::

નં.એમએજી/ચુંટણી બુથ/વશી.૪૩૯૬ થી ૪૪૩૭/૨૫.-રાજય ચુંટણી આયોગના પત્ર ક્રમાંક:ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક તા.૨૮/૦૫/૨૦૨૫ થી રાજયની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ રાજય ચૂંટણી આયોગે નક્કી કરેલ છે. સદરહું ચુંટણી કાર્યક્રમ મુજબ અત્રેના સુરત જિલ્લામાં ૭૫ સામાન્ય/વિભાજન/મધ્યસત્રની તથા ૧૩૬ પેટા ચૂંટણી યોજાનાર છે અને તે મુજબ મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) (સવારના ૦૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી) ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ નિયત થયેલ છે. મતદાન મથકે મતદારો શાંતિથી તેમના મત નોંધાવી શકે તે માટે મતદાન મથકની અંદર તથા મતદાન મથકથી ૧૦૦ મીટરના અંતરમાં આવેલ કોઈપણ વ્યક્તિએ નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું વિજય રબારી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશ્નરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જિલ્લાના વિસ્તારમાં, તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ મતદાનના દિવસે મતદાન મથકની અંદર તથા મથદાન મથકથી ૧૦૦ મીટરના અંતરમાં આવેલ વિસ્તારમાં કોઈપણ રાજકીય પક્ષ, ઉમેદવાર, તેના ચુંટણી એજન્ટ, કાર્યકરો કે સમર્થકોએ કે અન્ય કોઈ વ્યક્તિને નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું,

1. મત માટે પ્રચાર કરવો.

2. મતદારોને ધાક-ધમકી આપીને કે રંજાડીને મતદાન કરવા જતા અટકાવવા.

3. કોઈ મતદારને મત આપવા આગ્રહપૂર્વક વિનંતી કરવી.

4. અમુક ઉમેદવારને મત આપવા માટે કોઈ મતદારને સમજાવવા.

5. કોઈ મતદારને ચૂંટણીમાં મત ન આપવા સમજાવવા.

6. ચૂંટણીને લગતી (સરકારી નોટીસ સિવાયની) કોઈ નોટસ કે નિશાની પ્રદર્શિત કરવી.

7. સેલ્યુલર/મોબાઈલ ફોન, કોડલેસ ફોન, પેજર, વાયરલેસ સેટ અને અન્ય વિજાણું સંદેશાવ્યવહારના સાધનો લઈ જવાની.

8. વાહનો સાથે આવવુ (પરંતુકઃ અપંગ/અશકત વ્યક્તિઓને લાગુ પડશે નહી.)

9. મતદાન મથકમાં મતદાન માટે આવેલ મતદાર, ઉમેદવાર તથા ચૂંટણીપંચે અધિકૃત કરેલ વ્યક્તિ સિવાયની વ્યક્તિએ પ્રવેશ કરવો.

આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષા થઈ શકશે. ઉપરાંત આવું ઈન્સ્ટ્રુમેન્ટ/મોબાઈલ કબજે લઈ શકાશે.

અપવાદ :- મતદાન મથક ઉપર ફરજ બજાવતા કાયદો અને વ્યવસ્થા સંભાળતા અધિકારી, સીકયુરીટીના માણસો, ચુંટણી આયોગ ધ્વારા નિયુકત ઓબઝર્વરશ્રીઓ તથા મતદાન કેન્દ્રના ઈન્ચાર્જ અધિકારીઓને માત્ર તેમની ફરજ પુરતી જ છુટ રહેશે.

આજ તા.૨૯/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપી પ્રસિધ્ધ કર્યુ.

જાહેરનામુ

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૫ ની કલમ-૧૬૩ હેઠળનું ::

નં.એમએજી/ચુંટણી મકાન મિલકત/વશી.૩૭૬૫ થી ૩૮૦૬/૨૫.-રાજય ચુંટણી આયોગના પત્ર ક્રમાંક:ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક તા.૨૮/૦૫/૨૦૨૫ થી રાજયની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ રાજય ચૂંટણી આયોગે નક્કી કરેલ છે. સદરહું ચુંટણી કાર્યક્રમ મુજબ અત્રેના સુરત જિલ્લામાં ૭૫ સામાન્ય/વિભાજન/મધ્યસત્રની તથા ૧૩૬ પેટા ચૂંટણી યોજાનાર છે અને તે મુજબ મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) (સવારના ૦૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી) ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ નિયત થયેલ છે. ચુંટણી પ્રચાર અભિયાન રાજકીય પક્ષોના કાર્યકરો તથા ઉમેદવારો તરફથી શરૂ થનાર છે. જે માટે ઉમેદવારો/ રાજકીય પક્ષો પોતાના ચુંટણી પ્રચાર માટે અધિકૃત વ્યક્તિ કે, તેઓના કાર્યકરો મારફતે જાહેર તથા ખાનગી મકાનોના અધિકૃત વ્યક્તિ કે, મકાન માલિકની પરવાનગી લીધા સિવાય ચુંટણી લક્ષી પ્રચાર પત્રો ચોડીને, સુત્રો લખીને, નિશાની ચીતરીને, ધજા, પતાકા લગાડીને મકાનોની દિવાલોને બગાડ કરવાની શકયતા રહે છે.

ચુંટણી પંચના પત્ર ક્રમાંક:-૩/૭/૨૦૦૮/જે.એસ-૨, તા.૦૧/૧૦/૦૮ તથા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજયના પત્ર ક્રમાંક:-ઈએલસી/૧૦૦૮-૫૩૩(૨)-છ, તા.૨૧/૦૨/૦૯ તથા રાજય ચુંટણી આયોગના આદેશ ક્રમાંક:રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક તા.૧૭/૧૧/૨૦૨૧ ની સુચના અનુસાર આચાર સંહિતાની જોગવાઈનો અમલ કરવા અને લોકોની માલ, મિલ્કતને તેમની ઈચ્છા વિરૂધ્ધ થતું નુકશાન, હાની, બગાડ અટકાવવા માટે આદેશ કરવો ઉચિત જણાતું હોઈ, હું વિજય રબારી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશ્નરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જિલ્લાના વિસ્તારમાં,

1. કોઈપણ રાજકીય પક્ષો તથા ઉમેદવારોએ અથવા તેઓના કાર્યકરો કે સમર્થકો ધ્વારા ઉપરોકત વિસ્તારમાં આવેલ જાહેર કે ખાનગી મકાન, મિલ્કત, જમીન, દિવાલ કે કંમ્પાઉન્ડનો તે મિલકત ધારણ કરનાર અધિકૃત વ્યક્તિ કે માલીકની પરવાનગી સિવાય ચુંટણી લક્ષી પ્રચાર માટે ધ્વજ/ પતાકા લગાડવા, બેનરો લટકાવવા, નોટીસો ચોંટાડવા, સુત્રો/નિશાનીઓ લખવા વિગેરે પ્રકારનું કોઈપણ ચુંટણીલક્ષી પ્રચાર માટેનું કૃત્ય કરી મિલ્કતને હાની, નુકશાન કે બગાડ કરવો નહિ કે કરવા દેવો નહિ.

2. જાહેર કે ખાનગી મકાનોની દિવાલો પર સુત્રો લખવા, પોસ્ટર ચોંટાડવા, પ્રચાર સામગ્રી ચોંટાડવા અંગે પ્રવર્તમાન સ્થાનિક કાયદાઓનો ચુસ્તપણે અમલ કરવો.

3. એક રાજકીય પક્ષના કાર્યકરો કે ટેકેદારો અન્ય રાજકીય પક્ષો ધ્વારા આયોજીત કરવામાં આવેલ સભામાં તેમના પોતાના પક્ષનું સાહિત્ય વિતરણ કરી ખલેલ કરશે નહી તેમજ એક પક્ષ ધ્વારા લગાવવામાં આવેલ પોસ્ટર બીજા પક્ષના કાર્યકરો તે ટેકેદારો દુર કરી શકાશે નહી.

જાહેર મકાન એ શબ્દ પ્રયોગ બાબતમાં જણાવવામાં આવે છે કે, આ શબ્દ પ્રયોગમાં મિલ્કત, ધોરીમાર્ગ અથવા માર્ગના મહત્વના ચાર રસ્તા, તેના ઉપર જાહેર જનતાના માર્ગદર્શન માટે અથવા માર્ગ/દિશા બતાવવા માટે મુકેલ સાઈન બોર્ડ, માઈલ સ્ટોન, રેલ્વે ફાટક તથા તેના ચેતવણીરૂપ નોટિસ બોર્ડ, રેલ્વે પ્લેટ ફોર્મ, બસ ટર્મીનલના કોઈપણ પ્રકારના બોર્ડ કે, જાહેર જનતાના સગવડ માટે પ્રદર્શીત કરેલ અન્ય કોઈપણ પ્રકારના બોર્ડનો સમાવેશ થશે. પરંતુ તેટલા પુરતો મર્યાદિત રહેશે નહિ.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર ગણાશે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તા.૨૫/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તા.૨૯/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યો.

જાહેરનામુ

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું ::

નં.એમએજી/ચુંટણી હથીયારબંધી/વશી.૩૮૯૨ થી ૩૯૩૩/૨૫.-રાજય ચુંટણી આયોગના પત્ર ક્રમાંકઃઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક તા.૨૮/૦૫/૨૦૨૫ થી રાજયની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ રાજય ચૂંટણી આયોગે નક્કી કરેલ છે. સદરહું ચુંટણી કાર્યક્રમ મુજબ અત્રેના સુરત જિલ્લામાં ૭૫ સામાન્ય/વિભાજન/મધ્યસત્રની તથા ૧૩૬ પેટા ચૂંટણી યોજાનાર છે અને તે મુજબ મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) (સવારના ૦૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી) ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ નિયત થયેલ છે. ભારતનાં ચુંટણી આયોગે ભારતના બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંકઃ-૪૬૪/એલ એન્ડ ઓ/૯૯-પીએલએન-૧, તા.૧૨/૧૧/૧૯૯૯ ના પેરા નં.૬ માં આપેલ સુચના મુજબ ચુંટણી જાહેર થયા પછી હથીયારો સાથે હરવા ફરવા ઉપર સંપુર્ણ પ્રતિબંધ મુકવાનો રહે છે.

અગાઉની ચુંટણી દરમ્યાનના અનુભવો ધ્યાનમાં લેતાં જણાય છે કે, આ વખતની ચુંટણી દરમ્યાન પણ હિંસક બનાવો બને અથવા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને બગાડવાના કૃત્યો થાય તેવી શકયતા રહે છે. મુકત અને ન્યાયી ચુંટણી થાય તે માટે તેમજ ચુંટણી પ્રક્રિયા દરમ્યાન લોકોની સલામતી રહે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય તેવી કાર્યવાહી કરવાની મને જરૂર જણાય છે.

હિંસક બનાવોમાં તેમજ કાયદો અને વ્યવસ્થાને બગાડતા કૃત્યોમાં હથીયારોનો ઉપયોગ થાય તેવી શકયતા રહે છે. જેથી ચુંટણી પ્રક્રિયા દરમ્યાન હથિયારોનો ઉપયોગ ગેરકાયદેસર રીતે થઈ ન શકે તે માટે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશ્નરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જિલ્લાના વિસ્તારમાં હથિયારો સાથે હરવા ફરવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે. સમગ્ર સુરત જિલ્લા બહારથી જે લોકોએ હથિયાર પરવાના મેળવેલ હોય તેવા હથિયારનો ઉપયોગ ચુંટણી પ્રક્રિયા દરમ્યાન તેઓ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશ્નરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જિલ્લાના વિસ્તારમાં ન કરી શકે તેનો ઉપાય પણ કરવાની મને તાત્કાલિક જરૂરી જણાય છે.

જેથી હું વિજય રબારી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું.

(૧) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશ્નરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જિલ્લાના વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની કલમ-૨ ની વ્યાખ્યામાં આવતું કોઈપણ હથિયાર ધારણ કરવું નહીં અથવા આવા હથિયાર સાથે હરવું ફરવું નહીં.

(૨) સમગ્ર સુરતના વિસ્તાર બહારથી મેળવેલ પરવાના ધારણ કરનાર વ્યકિતઓએ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશ્નરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જિલ્લાના વિસ્તારમાં વસવાટ કરતા હોય તો તેઓએ પણ હથિયાર ધારણ કરવું નહી અથવા હથિયાર સાથે જાહેરમાં હરવું ફરવું નહીં.

(૩) આર્મ્સ એકટ હેઠળ મંજુર કરવામાં આવેલ પરવાના વાળા દરેક પ્રકારના હથિયાર કે હથિયારો તાત્કાલીક અસરથી જે-તે પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાના રહેશે. સંબંધકર્તા પોલીસ સ્ટેશનોએ તથા પોલીસ હેડક્વાર્ટરે સંબંધિત પોલીસ સ્ટેશનના વિસ્તારમાં રહેતા હથિયાર પરવાનો ધરાવતા તમામ વ્યક્તિઓએ હથિયાર કે હથિયારો જમા કરાવવામાં આવે તે માટે પગલા લેવા તેમજ તમામ હથિયારો જમા થઈ ગયા અંગેની જાણ અત્રેની કચેરીને કરવાની રહેશે.

અપવાદઃ-

આ હુકમનો પેરા નં.૪(૧) થી (૩) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(અ) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમને ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય તે વ્યકિતઓને.

(બ) રાષ્ટ્રિયકૃત તેમજ સહકારી બેંકો અને સેન્ટ્રલ ગવર્મેન્ટ તેમજ રાજય સરકારના જાહેર સાહસોની સુરક્ષા અર્થે રાખેલ સીકયુરીટી ગાર્ડ તેમજ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશ્નરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જિલ્લાના વિસ્તારમાં આવેલ હિરાની ફેકટરીઓ તથા સોના-ચાંદીની દુકાનોની સલામતીની ફરજ બજાવતા ગાર્ડને (વ્યકિતઓને) કામકાજના સમય દરમ્યાન હથિયાર સુરક્ષા અર્થે રાખવાની છુટ રહેશે.

(ક) નેશનલ રાયફલ એસોસીયેશનના રમતવીરો.

આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષા થઈ શકશે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તા.૨૫/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તા.૨૯/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપી પ્રસિધ્ધ કર્યુ.

જાહેરનામુ

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું ::

નં.એમએજી/ચુંટણી બુથ/ફોન્સ/વશી.૪૩૧૨ થી ૪૩૫૩/૨૫.-રાજય ચુંટણી આયોગના પત્ર ક્રમાંકઃઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક તા.૨૮/૦૫/૨૦૨૫ થી રાજયની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ રાજય ચૂંટણી આયોગે નક્કી કરેલ છે. સદરહું ચુંટણી કાર્યક્રમ મુજબ અત્રેના સુરત જિલ્લામાં ૭૫ સામાન્ય/વિભાજન/મધ્યસત્રની તથા ૧૩૬ પેટા ચૂંટણી યોજાનાર છે અને તે મુજબ મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) (સવારના ૦૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી) ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ નિયત થયેલ છે. મતદાન મથકે મતદારો શાંતિથી તેમના મત નોંધાવી શકે તે માટે મતદાન મથકથી ૨૦૦ મીટરના વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ભારતના ચુંટણી આયોગના પત્ર ક્રમાંકઃ-૪૬૪/આઈએનએસટી/૦૧/પીએલએન૧/ તા.૧૨/૧/૨૦૦૧ તથા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજયના પત્ર ક્રમાંકઃ-ઈએલસી/૧૦૦૧-૪૮ (૨)-છ, તા.૨૩/૧/૨૦૦૧ થી સુચનાઓ થઈ આવેલ છે. જેનો અમલ કરવો જરૂરી જણાય છે.

વાસ્તે હું શ્રી વિજય રબારી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશ્નરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જિલ્લાના વિસ્તારમાં, આવેલ દરેક મતદાન મથક/મથકોએ મતદાનના દિવસે કોઈપણ રાજકીય પક્ષ, ઉમેદવાર, તેના ચુંટણી એજન્ટ, કાર્યકરો કે સમર્થકોએ કે અન્ય કોઈ વ્યક્તિએ,

૧. કોઈપણ મતદાન મથકથી ૨૦૦ મીટરની હદમાં મતદારોને મતદાર યાદીનો ક્રમ નંબર કાઢી આપવા કે કાપલી લખી આપવા માટે તેમના કેમ્પ ઉભા કરવા નહિ કે તેવી કોશિષ કરવી નહીં.

૨. મતદાન મથકે એક થી વધુ મતદાન મથકો હોય તેમ છતાં દરેક ઉમેદવાર દીઠ ૨૦૦ મીટરની હદ બહાર ફકત ૧(એક) કેમ્પ જેમાં ૧(એક) ટેબલ અને બે ખુરશી અને છાંયડા માટે છત્રી કે તાડપત્રી કે કંતાનથી (ઢાંકેલું) બનાવવાનું રહેશે. બુથને ચારે બાજુ કંતાન વડે બંધ કરી શકાશે નહિ.

૩. જે ઉમેદવારને આવા કેમ્પ ઉભા કરવાની ઈચ્છા હશે તેઓએ સંબંધીત ચુંટણી અધિકારીને તે કયા કયા મતદાન મથકોએ આવા કેમ્પ ઉભા કરવા માંગે છે તેની યાદી આપી સ્થાનિક સત્તા મંડળ, (ગ્રામ પંચાયત/નગર પંચાયત/નગરપાલિકા/મહાનગરપાલીકા) ની લેખિત પરવાનગી મેળવવાની રહેશે.

૪. આવા કેમ્પનો ઉપયોગ મતદારોને ઉમેદવારના નામ કે પ્રતિક કે પક્ષના નામ વગરની સફેદ કાગળ ઉપર ચુંટણી પંચે આપેલ સૂચનાં મુજબની કાપલી આપવા કરી શકાશે.

૫. ઉમેદવારોના કેમ્પ સાદા હોવા જોઈએ. તેની ઉપર કોઈ પોસ્ટર, વાવટા, પ્રતીકો કે અન્ય પ્રચાર સામગ્રી પ્રદર્શીત કરી શકાશે નહિં. કેમ્પ ખાતે કોઈ ખાદ્ય સામગ્રી આપી શકાશે નહીં કે ટોળા ભેગાં કરી શકાશે નહિ.

૬. આવા કેમ્પ ઉપર મતદારોના ટોળા એકત્ર થવા દેશે નહિ કે મતદાન કરી આવેલ મતદારને ઉભા રહેવા દેશે નહિ.

૭. મતદારોને મતદાન મથકે પ્રવેશ કરવામાં અડચણ ઉભી થાય તેવું કોઈ કૃત્ય થવા દેશે નહિ.

૮. ૧૦૦ મીટરની હદમાં સેલ્યુલર ફોન્સ, કોર્ડલેસ ફોન્સ, વાયરલેસ સેટસ લઈ પ્રવેશ કરી શકાશે નહિ.

આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષા થઈ શકશે. ઉપરાંત આવું ઈન્સ્ટ્રુમેન્ટ/મોબાઈલ કબજે લઈ શકાશે.

:: અપવાદ ::

મતદાન મથક ઉપર ફરજ બજાવતા કાયદો અને વ્યવસ્થા સંભાળતા અધિકારી, સીકયુરીટીના માણસો, ચુંટણી પંચ ધ્વારા નિયુકત ઓબઝર્વરશ્રીઓ તથા મતદાન કેન્દ્રના ઈન્ચાર્જ અધિકારીઓને માત્ર તેમની ફરજ પુરતી જ છુટ રહેશે.

આ હુકમ તા.૨૦/૦૬/૨૦૨૫ થી તા.૨૫/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તા.૨૯/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપી પ્રસિધ્ધ કર્યુ.

જાહેરનામુ

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું ::

નં.એમએજી/ચુંટણી પ્રચાર બંધ/વશી.૪૨૭૦ થી ૪૩૧૧/૨૫.-રાજય ચુંટણી આયોગના પત્ર ક્રમાંક:ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક તા.૨૮/૦૫/૨૦૨૫ થી રાજયની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ રાજય ચૂંટણી આયોગે નક્કી કરેલ છે. સદરહું ચુંટણી કાર્યક્રમ મુજબ અત્રેના સુરત જિલ્લામાં ૭૫ સામાન્ય/વિભાજન/મધ્યસત્રની તથા ૧૩૬ પેટા ચૂંટણી યોજાનાર છે અને તે મુજબ મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) (સવારના ૦૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી) ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ નિયત થયેલ છે. ભારતના ચુંટણી આયોગના આદેશ ક્રમાંકઃ ૪૬૪/આઈએનસીટી/૦૧ પી.એલ.એન.-૧/૪૮૩/૫૧૭/ સી.ઈ.ઓ.) તા.૦૮/૦૧/૦૧ ના પેરા નં.૨ માં આપેલ સુચના તથા રાજય ચુંટણી આયોગના આદેશ ક્રમાંક:રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક તા.૧૭/૧૧/૨૦૨૧ અનુસાર, મતદાન પુરૂ થવા માટે નિયત સમય સાથે પુરા થતા ૪૮ કલાકના સમયગાળામાં ચુંટણી પ્રચાર બંધ કરવા ઠરાવેલ છે. વધુમાં ઉમેદવારો તેમના ચુંટણી મતવિસ્તાર બહારના સમર્થકોને ચુંટણી પ્રચાર માટે એકત્ર કરી કામે લગાડે છે. પરંતુ પ્રચારનો સમય ગાળો પુરો થયા પછી મતદાર વિભાગમાં ચુંટણી પ્રચાર થઈ શકે નહીં એ હકીકતને ધ્યાનમાં લેતા રાજકીય પદાઅધિકારીઓ/પક્ષના કાર્યકરો/ સરઘસ કાઢનારાઓ/ચુંટણી પ્રચારકો વિગેરે કે જેઓને મતદાર વિભાગની બહારથી લાવવામાં આવ્યા હોય અને જેઓ મતદાર વિભાગના મતદારો ન હોય, તેઓએ ચુંટણી પ્રચારના અંત પછી મતદાર વિભાગમાં હાજર રહે તો ચુંટણી ન્યાયી અને મુકત રીતે થવા ઉપર અસર પડે છે. જેથી કાયદો અને વ્યવસ્થા જોખમાય છે.

વાસ્તે હું વિજય રબારી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત મને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મળેલ સત્તાની રૂએ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશ્નરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જિલ્લાના વિસ્તારમાં,

૧. મતદાન પુરૂ થવા માટે નિયત થયેલ સમય સાથે પુરા થતા ૪૮ કલાકના સમયમાં ચુંટણી પ્રચાર કરવા ઉપર અને,

૨. પ્રચારનો સમયગાળો પુરો થયા પછી રાજકીય પદાઅધિકારીઓ/પક્ષના કાર્યકરો/સરઘસ કાઢનારાઓ/ચુંટણી પ્રચારકો વિગેરે કે જેઓને મતદાર વિભાગની બહારથી લાવવામાં આવ્યા હોય અને જેઓ તે મતદાર વિભાગના મતદારો ન હોય, તેઓએ ચુંટણી પ્રચારના અંત પછી મતદાર વિભાગમાં હાજર રહેવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

:: પરંતુક ::

(૧) ચુંટણી પ્રચાર કરવા ઉપર પ્રતિબંધ શરૂ થયા બાદ એટલે કે મતદાન પુરુ થવાના કલાક સાથે પુરા થતા ૪૮ કલાકના સમયગાળા દરમ્યાન ચુંટણી પ્રચાર માટે ઘેર ઘેર મુલાકાત લેતી વખતે એક સાથે વધુમાં વધુ પાંચ વ્યક્તિ જઈ શકશે.

(૨) ચુંટણી પ્રચાર કરવા ઉપર પ્રતિબંધ શરૂ થયા બાદ એટલે કે મતદાન પુરુ થવાના કલાક સાથે પુરા થતા ૪૮ કલાકના સમયગાળા દરમ્યાન ચુંટણી પ્રચાર પક્ષના કાર્યકરો/નેતાઓ જેના પર પક્ષનુ પ્રતિક હોય તેવી ટોપી/મફલર પહેરી શકશે પરંતુ બેનર પ્રદર્શીત કરી શકશે નહી.

(૩) ચુંટણી પ્રચાર કરવા ઉપર પ્રતિબંધ શરૂ થયા બાદ એટલે કે મતદાન પુરુ થવાના કલાક સાથે પુરા થતા ૪૮ કલાકના સમયગાળા દરમ્યાન લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૨૬ હેઠળ પ્રતિબંધીત ચુંટણી પ્રચારમાં સામેલ ન થવાની શરતે સંસદ સભ્યો અને ધારા સભ્યો તેઓ જે મત વિભાગમાંથી ચુંટાયેલ હોય તે મત વિભાગમાં રોકાઈ શકશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાત્મક પોલીસ કાર્યવાહી કરવાને પાત્ર ઠરશે.

આ હુકમ તા.૨૦/૦૬/૨૦૨૫ ના રોજ સાંજે ૧૮.૦૦ કલાક થી તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ સાંજે ૧૮.૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

આજ તા.૨૯/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી પ્રસિધ્ધ કર્યુ.

જાહેરનામુ

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું ::

નં.એમએજી/ચુંટણી પ્રચાર વાહન/વશી.૪૧૪૪ થી ૪૧૮૫/૨૫.-રાજય ચુંટણી આયોગના પત્ર ક્રમાંકઃઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક તા.૨૮/૦૫/૨૦૨૫ થી રાજયની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ રાજય ચૂંટણી આયોગે નક્કી કરેલ છે. સદરહું ચુંટણી કાર્યક્રમ મુજબ અત્રેના સુરત જિલ્લામાં ૭૫ સામાન્ય/વિભાજન/મધ્યસત્રની તથા ૧૩૬ પેટા ચૂંટણી યોજાનાર છે અને તે મુજબ મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) (સવારના ૦૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી) ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ નિયત થયેલ છે. આ ચુંટણીના ઉમેદવારો અને રાજકીય પક્ષો તરફથી ચુંટણી પ્રચાર માટે વાહનોનો બહોળો ઉપયોગ થનાર છે. જે પ્રચાર સમયે ઘણા પ્રસંગોએ અસામાજિક તત્વો જાહેરમાં મતદારોના મનમાં કોઈ ઉમેદવારના પક્ષમાં મત આપવા ભય ફેલાવે તેવી શકયતા છે. વધુમાં આવા વાહનો ધ્વારા ઘણીવાર ગેરકાયદેસર હથિયાર અને દારૂગોળા આયાત કરી ચૂંટણી પ્રક્રિયાને ખલેલ પહોંચાડે તેવી પણ શકયતા છે. આ ઉપરાંત ચૂંટણી પ્રચાર ટ્રાફીકને અવરોધરૂપ બને નહી તે પણ જોવું જરૂરી છે. આ અંગે ભારતીય ચુંટણી પંચના પત્ર ક્રમાંકઃ-૪૩૭/૬/૦૬-પીએલએન/૩, તા.૨૩/૧૧/૨૦૦૧ અને અધિક મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજયના પત્ર ક્રમાંકઃ-ઈએલસી/૧૦૦૧-૧૦૧૩ (૨)-છ, તા.૦૧/૦૪/૨૦૦૯ તથા રાજય ચુંટણી આયોગના આદેશ ક્રમાંક:રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક તા.૧૭/૧૧/૨૦૨૧ ની સુચના અનુસાર વાહનો ઉપર નિયંત્રણ મુકવુ જરૂરી હોઈ ભારતીય ચુંટણી પંચ તરફથી અમુક પ્રતિબંધ ફરમાવેલ છે.

વાસ્તે હું વિજય રબારી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ઉકત જાહેર કરવામાં આવેલ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશ્નરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જિલ્લાના વિસ્તારમાં

૧. કોઈપણ રાજકીય પક્ષો કે ઉમેદવાર કે તેના ચુંટણી એજન્ટ કે કાર્યકર ધ્વારા ચુંટણી પ્રચાર માટે પરવાનગી મેળવી માત્ર બે ચક્રીય/ત્રણ ચક્રીય/ચાર ચક્રીય વાહનોનો ઉપયોગ કરી શકાશે.

૨. સુરત ગ્રામ્ય વિસ્તારના જાહેર રસ્તાઓ ઉપર એક સાથે ત્રણથી વધુ વાહનોના કાફલામાં સાથે જઈ શકાશે નહી અને આવો કાફલો જો કોઈ કિસ્સામાં ત્રણથી વધુ વાહનોનો હોય તો તેને ત્રણવાહનોથી વધુ ન થાય તે રીતે ભાગ પાડી અલગ કરવાના રહેશે અને આવા ભાગ પાડેલા બે કાફલા વચ્ચે પણ ઓછામાં ઓછુ ૨૦૦ મીટરનું અંતર રાખવાનું રહેશે.

:: અપવાદ ::

જે રાજકીય નેતાઓને લોક પ્રતિનિધિત્વ ધારા-૧૯૫૧ ની કલમ-૭૭(૧) હેઠળ મુકિત મળેલ હોય તેઓને આ પ્રતિબંધ લાગુ પડશે નહી.

વાહનોમાં ટ્રક, ટેમ્પો, કાર, ટેક્ષી, વાન, ત્રણ પૈંડાવાળા વાહનો, સ્કુટરો, રીક્ષા, મીની બસ, ટ્રેલર કે તે વિનાનું ટ્રેકટર, સ્ટેશન વેગન તેમજ યાંત્રિક શકિત થી ચાલતા અન્ય વાહનોનો સમાવેશ થશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાત્મક પોલીસ કાર્યવાહીને પાત્ર ઠરશે. ઉપરાંત લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૩ હેઠળ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ના પ્રકરણ-૯ હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી થઈ શકશે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તા.૨૫/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તા.૨૯/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી પ્રસિધ્ધ કર્યુ.

જાહેરનામુ

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું ::

નં.એમએજી/ચુંટણી/પ્રાર્થના સ્થળ/વશી.૩૮૫૦ થી ૩૮૯૧/૨૫.-રાજય ચુંટણી આયોગના પત્ર ક્રમાંકઃઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક તા.૨૮/૦૫/૨૦૨૫ થી રાજયની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ રાજય ચૂંટણી આયોગે નક્કી કરેલ છે. સદરહું ચુંટણી કાર્યક્રમ મુજબ અત્રેના સુરત જિલ્લામાં ૭૫ સામાન્ય/વિભાજન/મધ્યસત્રની તથા ૧૩૬ પેટા ચૂંટણી યોજાનાર છે અને તે મુજબ મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) (સવારના ૦૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી) ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ નિયત થયેલ છે. અગાઉની ચુંટણી દરમ્યાનના અનુભવો ધ્યાનમાં લેતાં જણાય છે કે, આ વખતની ચુંટણી દરમ્યાન પણ હિંસક બનાવો બને અથવા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને બગાડવાના કૃત્યો થાય તેવી શકયતા રહે છે. મુકત અને ન્યાયી ચુંટણી થાય તે માટે તેમજ ચુંટણી પ્રક્રિયા દરમ્યાન લોકોની સલામતી રહે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે જરૂરી છે.

ચુંટણી દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના કાર્યકરો, સર્મથકો, ચુંટણી પ્રચાર ઝુંબેશ માટે તમામ પ્રકારના સાધનો મિલકતો સ્થળોનો ઉપયોગ કરી ચૂંટણી પ્રચાર કરે છે. આવા ચૂંટણી પ્રચાર વખતે ભાષણો, પોસ્ટરો, સંગીત વિગેરે સહિત મંદીરો, મસ્જીદો, ચર્ચ, ગુરૂદ્વારા અથવા કોઈપણ પ્રકારના પ્રાર્થના સ્થળનો ચુંટણી પ્રચાર માટે ઉપયોગ કરવામાં આવે તો કોમી સંવાદીતા ખોરવાવાની અને તંગદીલી ઉભી થવાની શકયતા રહે છે જેની સીધી અસર કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી ઉપર પડવાની શકયતા રહે છે.

ભારતનાં ચુંટણી આયોગે ધી રીલીજીયસ ઈન્સ્ટીટયુસન્સ (પ્રિવેન્શન ઓફ મીસ યુઝ) એકટ-૧૯૮૮ ની જોગવાઈઓને ટાંકીને આપેલ આદેશ ક્રમાંકઃ-૩/૧/૨૦૧૨/એસડીઆર, તા.૨૭/૦૧/૧૨ તથા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજયના પત્ર ક્રમાંકઃ-ઈએલસી/૧૦૨૦૧૨-૫૪૬-છ, તા.૧૪/૦૮/૧૨ તથા રાજય ચુંટણી આયોગના આદેશ ક્રમાંકઃરાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક તા.૧૭/૧૧/૨૦૨૧ થી આપેલ સુચના મુજબ ચુંટણી સમયે ભાષણો, પોસ્ટરો, સંગીત વિગેરે સહિત મંદીરો, મસ્જીદો, ચર્ચ, ગુરૂદ્વારા અથવા કોઈપણ પ્રકારના પ્રાર્થના સ્થળનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ નહી કરવા માટે આદેશ કરેલ છે.

જેથી ચુંટણી પ્રક્રિયા દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના કાર્યકારો, સમર્થકો ધ્વારા ભાષણો, પોસ્ટરો, સંગીત વિગેરે સહિત મંદીરો, મસ્જીદો, ચર્ચ, ગુરૂદ્વારા અથવા કોઈ પણ પ્રકારના પ્રાર્થના સ્થળનો ચુંટણી પ્રચાર માટે ઉપયોગ થઈ ન શકે તે માટે સમગ્ર સુરત જિલ્લામાં સદરહુ બાબત ઉપર પ્રતિબંધ મુકવાનું મને જરૂરી જણાય છે.

આથી હું વિજય રબારી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે,

ઉકત જાહેર કરવામાં આવેલ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશ્નરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જિલ્લાના વિસ્તારમાં, કોઈપણ રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના કાર્યકરો, સર્મથકોએ ચૂંટણી પ્રકિયા દરમ્યાન ભાષણો, પોસ્ટરો, સંગીત વગેરે સહીત, મંદીરો, મસ્જીદો, ચર્ચ, ગુરૂદ્વારા જેવા ધાર્મિક સ્થળો/ સંસ્થાઓ અથવા કોઈપણ પ્રકારના પ્રાર્થના સ્થળોનો ચુંટણી પ્રચાર માટે ઉપયોગ કરવો નહી.

આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષા થઈ શકશે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તા.૨૫/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તા.૨૯/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપી પ્રસિધ્ધ કર્યુ.

જાહેરનામું

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું ::

નં.એમએજી/ચુંટણી/મુદ્રક પ્રકાશક/વશી.૪૪૮૦ થી ૪૫૨૨/૨૫.-રાજય ચુંટણી આયોગના પત્ર ક્રમાંકઃઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક તા.૨૮/૦૫/૨૦૨૫ થી રાજયની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ રાજય ચૂંટણી આયોગે નક્કી કરેલ છે. સદરહું ચુંટણી કાર્યક્રમ મુજબ અત્રેના સુરત જિલ્લામાં ૭૫ સામાન્ય/વિભાજન/મધ્યસત્રની તથા ૧૩૬ પેટા ચૂંટણી યોજાનાર છે અને તે મુજબ મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) (સવારના ૦૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી) ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ નિયત થયેલ છે અને તે મુજબ ચુંટણી અંગેની આચારસંહિતા અમલમાં છે. લોક પ્રતિનીધિત્વ ધારો-૧૯૫૧ ની કલમ ૧૨૭-ક ની જોગવાઇ મુજબ કોઈપણ વ્યકિત, પ્રકાશકનું નામ, મુદ્રકનું નામ તેમજ સરનામું લખેલ ન હોય, તેવા કોઈપણ ચુંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો છાપી કે પ્રસિધ્ધ કરી શકશે નહીં અને તેમ કરવામાં આવે તો લોક પ્રતિનિધિત્વ ધારાના ભંગ બદલ છ માસ સુધીની કેદ અથવા રૂપીયા બે હજાર સુધીના દંડ અથવા બંન્ને શિક્ષાને પાત્ર થાય છે. તેમજ મુદ્રણાલયનું લાયસન્સ પણ રદ થઈ શકે છે.

વાસ્તે હું વિજય રબારી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ભારતીય ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશ્નરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જિલ્લાના વિસ્તારમાં,,

1. કોઈપણ વ્યકિત કે સંસ્થા જેના પર તેના મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામા ન હોય એવા ચુંટણીને લગતા ચોંપાનીયા ભીંતપત્રો છાપી કે પ્રસિધ્ધ કરી શકશે નહીં અથવા છપાવી કે પ્રસિધ્ધ કરાવી શકશે નહીં.

2. કોઈપણ વ્યકિત કે સંસ્થા સદરહું ચુંટણીને લગતા કોઈપણ ચોપનીયા, ભીંતપત્રો પ્રિન્ટ કરતા પહેલા પ્રકાશક પાસેથી તેની સહીવાળા અને તેને અંગત રીતે ઓળખતી હોય, તેવી બે વ્યકિતઓની સાક્ષી સહી કરેલ પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ મેળવી ત્યારબાદ જ આવા ચુંટણી સાહીત્ય છાપવાના રહેશે. અને પ્રિન્ટીંગ કરેલ સાહીત્ય ઉપર મુદ્રક તથા પ્રકાશકના પુરેપુરા નામ, સરનામા, ફોન તથા મોબાઈલ નંબર દર્શાવવાના રહેશે તેમજ પ્રિન્ટ કરવામાં આવેલ નકલોની સંખ્યા દર્શાવવાની રહેશે. હાથે નકલો કરવા સિવાય લખાણની વધુ નકલો કાઢવાની કોઈપણ પ્રક્રિયા મુદ્રણ ગણાશે અને મુદ્રકનો અર્થ તે પ્રમાણે થશે.

3. મુદ્રકએ પ્રિન્ટ કરવામાં આવેલ તમામ સાહિત્યની ચાર નકલો તથા પ્રકાશક પાસેથી મેળવેલ એકરારનામાં ''એપેન્ડીક્ષ-એ'' અને ''એપેન્ડીક્ષ-બી'' ની એક-એક નકલ છાપકામ કર્યાના ત્રણ દીવસની અંદર જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીની કચેરી તથા સંબંધિત ચુંટણી અધિકારીશ્રીને રજુ કરવાની રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર ગણાશે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તા.૨૫/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તા.૨૯/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યો.

જાહેરનામું

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું ::

નં.એમએજી/ચુંટણી/મુદ્રક પ્રકાશક/વશી.૪૪૩૮ થી ૪૪૭૯/૨૫.-રાજય ચુંટણી આયોગના પત્ર ક્રમાંક:ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક તા.૨૮/૦૫/૨૦૨૫ થી રાજયની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ રાજય ચૂંટણી આયોગે નક્કી કરેલ છે. સદરહું ચુંટણી કાર્યક્રમ મુજબ અત્રેના સુરત જિલ્લામાં ૭૫ સામાન્ય/વિભાજન/મધ્યસત્રની તથા ૧૩૬ પેટા ચૂંટણી યોજાનાર છે અને તે મુજબ મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) (સવારના ૦૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી) ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ નિયત થયેલ છે. ચુંટણીઓના પ્રચાર માટે ચોપાનીયા, ભીંતપત્રો, હેન્ડબીલ, ઉમેદવારો/રાજકીય પક્ષો તરફથી ઉમેદવારોની ઓળખ તેમજ અન્ય બાબતો વિવિધ છાપકામ કરાવી પ્રસિધ્ધ કરવામાં આવે છે તથા લોકોમાં વહેંચણી કરવામાં આવે છે. આવા દસ્તાવેજોમાં ધર્મ, જાતિ, જ્ઞાતિ, કોમ કે ભાષાને આગળ ધરીને મતદારોને અપીલ કરવા અથવા વિરોધી ઉમેદવારના ચારીત્ર ખંડન કરવા જેવી કોઈ ગેરકાનુની વાંધાજનક બાબત કે લખાણનો સમાવેશ થતો હોય તો સબંધિત વ્યકિત સામે આવશ્યક શિક્ષાત્મક કે નિયંત્રક પગલા લેવા જરૂરી જણાતા હોય,

હું વિજય રબારી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ભારતીય ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ પોસ્ટર પેમ્ફલેટ છાપકામ બાબતે નીચે જણાવેલ વિગતે આદેશ ફરમાવું છું,

1. કોઈપણ વ્યકિત કે સંસ્થા જેના પર તેના મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામા ન હોય એવા ચુંટણીને લગતા ચોંપાનીયા ભીંતપત્રો છાપી કે પ્રસિધ્ધ કરી શકશે નહીં અથવા છપાવી કે પ્રસિધ્ધ કરાવી શકશે નહીં.

2. કોઈપણ વ્યકિત કે સંસ્થા ચુંટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો છાપી શકશે નહીં કે છપાવવાની વ્યવસ્થા કરી શકશે નહીં. સિવાય કે,

(એ) તેની સહીવાળા અને તેને અંગત રીતે ઓળખતી હોય તેવી બે વ્યકિતઓએ શાખ કરેલ પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ તેણે મુદ્રકને આપી હોય અને,

(બી) લખાણ છપાયા પછી મુદ્રકએ ત્રણ દિવસમાં લખાણની એક નકલ સાથે એકરારપત્રની એક નકલ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીની કચેરીને તથા સબંધિત ચુંટણી અધિકારીશ્રીની કચેરીને મોકલી હોય. આ જોગવાઇ પુરતું,

(સી) હાથે નકલો કરવા સિવાય લખાણની વધુ નકલો કાઢવાની કોઈપણ પ્રક્રિયા મુદ્રણ ગણાશે અને મુદ્રકએ શબ્દના તે પ્રમાણે અર્થ થશે.

3. ચુંટણી અંગેના છાપેલા કોઇ ચોપાનીયા કે ભીંતપત્રો કે આવી અન્ય સામગ્રી પર મુદ્રક પંકિતમાં મુદ્રક અને પ્રકાશકના પુરા નામ, સરનામા અને ફોન, મોબાઈલ નંબર દર્શાવવાના રહેશે.

4. મુદ્રકે પ્રકાશક પાસેથી મેળવેલ એકરારપત્ર જોડાણ-ક અને જોડાણ-ખ ના નિયત નમુનામાં છાપકામ કર્યાના ત્રણ દિવસની અંદર જિલ્લા મેજીસ્ટ્રેટ કચેરી તથા સબંધિત ચુંટણી અધિકારીશ્રીને રજુ કરવાની રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર ગણાશે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તા.૨૫/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તા.૨૯/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યો.

વાંચનમાં લીધું:-

૧. ભારત નિર્વાચન આયોગ નવી દિલ્હીના પત્ર ક્રમાંકઃ-૫૭૬/૧૪/૨૦૧૪/ઈપીએસ, તા.૧૮/૦૩/૨૦૧૪.

૨. મુંબઈ પ્રોહીબીશન અધિનિયમ-૧૯૪૯/કલમ-૧૪૨(૧).

જાહેરનામું

:: મુંબઈ પ્રોહીબીશન અધિનિયમ-૧૯૪૯ ની કલમ-૧૪૨(૧) હેઠળનું ::

નં.એમએજી/ચુંટણી/પ્રોહી/વશી.૪૫૪૧ થી ૪૫૮૨/૨૫.-રાજય ચુંટણી આયોગના પત્ર ક્રમાંકઃઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક તા.૨૮/૦૫/૨૦૨૫ થી રાજયની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ રાજય ચૂંટણી આયોગે નક્કી કરેલ છે. સદરહું ચુંટણી કાર્યક્રમ મુજબ અત્રેના સુરત જિલ્લામાં ૭૫ સામાન્ય/વિભાજન/મધ્યસત્રની તથા ૧૩૬ પેટા ચૂંટણી યોજાનાર છે અને તે મુજબ મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) (સવારના ૦૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી) ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ નિયત થયેલ છે. જે ચુંટણીમાં મતદારો નિર્ભયપણે પોતાનો મતાધિકારનો ઉપયોગ કરી શકે તથા ઉમેદવારો કે રાજકીય પક્ષોના તરફથી મતદારોને પ્રલોભન રૂપે દારૂ તેમજ નશાયુકત પદાર્થ આપે નહીં અને ચુંટણીનું કામ નિષ્પક્ષ રીતે પાર પડે તે માટે જિલ્લામાં આવેલી કેફી પદાર્થોનું વેચાણ કરતી દુકાનો (લીકરશોપ) હોટલો રેસ્ટોરન્ટ, કલબો તથા બીજી સંસ્થાઓને દારૂનું વેચાણ કરવા સામે તા.૨૦/૦૬/૨૦૨૫ ના રોજ સાંજના ૧૮-૦૦ કલાક થી તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ સાંજના ૧૮-૦૦ કલાક સુધી અને મતગણતરીના દિવસ એટલે કે તા.૨૫/૦૬/૨૦૨૫ ના દિવસને ''ડ્રાય ડે'' તરીકે જાહેર કરવાનું મને જરૂરી જણાયું છે.

વાસ્તે હું વિજય રબારી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત મુંબઈ પ્રોહીબીશન અધિનિયિમ-૧૯૪૯ ની કલમ-૧૪૨(૧) હેઠળ મને મળેલ સત્તાની રૂએ ઉકત જાહેર કરવામાં આવેલ સમગ્ર સુરત જિલ્લાના ૭૫ સામાન્ય/વિભાજન/મધ્યસત્રની તથા ૧૩૬ પેટા ચૂંટણી હેઠળના વિસ્તારોમાં, સમાવિષ્ટ તમામ મતદાર વિભાગોમાં આવેલ,

૧. દુકાન, હોટલ, રેસ્ટોરન્ટ, કલબ વગેરેને,

૨. કલબ, સ્ટાર હોટલ, રેસ્ટોરન્ટ અને હોટલ જેઓને દારૂ રાખવાનું અને પુરો પાડવાનું લાયસન્સ આપવામાં આવેલ હોય,

૩. વ્યક્તિગત દારૂનો ઉપયોગ કે સંગ્રહ કરવા પરમીટ આપેલ હોય તેવી વ્યક્તિઓને,

તા.૨૦/૦૬/૨૦૨૫ ના રોજ સાંજના ૧૮-૦૦ કલાક થી તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ સાંજના ૧૮-૦૦ કલાક સુધી અને મતગણતરીના દિવસ એટલે કે તા.૨૫/૦૬/૨૦૨૫ ના દિવસે દારૂ વેચાણ કરવા/પીરસવા પર પ્રતિબંધ ફરમાવું છું અને આ સમયગાળાને ''ડ્રાય ડે'' તરીકે જાહેર કરવા હુકમ કરૂ છું.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ, પ્રોહીબીશન કાયદા ઉપરાંત મુંબઈ પોલીસ એકટની કલમ-૧૩૫ તથા ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાત્મક કાર્યવાહીને પાત્ર ઠરશે.

આજ તા.૨૯/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યો.

જાહેરનામુ

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું ::

નં.એમએજી/વિશ્રામ/અતિથી ગૃહ/વશી.૩૯૭૬ થી ૪૦૧૭/૨૫.-રાજય ચુંટણી આયોગના પત્ર ક્રમાંક:ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક તા.૨૮/૦૫/૨૦૨૫ થી રાજયની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ રાજય ચૂંટણી આયોગે નક્કી કરેલ છે. સદરહું ચુંટણી કાર્યક્રમ મુજબ અત્રેના સુરત જિલ્લામાં ૭૫ સામાન્ય/વિભાજન/મધ્યસત્રની તથા ૧૩૬ પેટા ચૂંટણી યોજાનાર છે અને તે મુજબ મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) (સવારના ૦૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી) ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ નિયત થયેલ છે. ભારતીય ચુંટણી પંચના પત્ર ક્રમાંકઃ-૪૩૭/૬/૩૮/૨૦૦૪-પીએલએન-૩, તા.૦૬/૦૪/૦૪ તથા રાજય ચુંટણી આયોગના આદેશ ક્રમાંક:રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક તા.૧૭/૧૧/૨૦૨૧ ની સુચના અનુસાર વિશ્રામગૃહ, ડાક બંગલા, સરકારી રહેણાંક વિગેરેના વપરાશ બાબતે નિયંત્રણ રાખવા સુચના આપેલ છે.

આથી હું વિજય રબારી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશ્નરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જિલ્લાના વિસ્તારમાં,

1. વિશ્રામ ગૃહ, ડાક બંગલા અને સરકારી રહેણાંકના ઉપયોગનો સત્તા પક્ષના સભ્યો કે ઉમેદવારો એક હથ્થુ અધિકારો ભોગવશે નહી અને આવા રહેણાંકનો ઉપયોગ બીજા પક્ષના સભ્યો કે ઉમેદવારોને પણ કરવા દેશે.

2. કોઈપણ પક્ષ કે ઉમેદવારો આવા રહેણાંક (તેની સાથે જોડાયેલ આંગણુ-વરંડા સહિત) નો ઉપયોગ પ્રચાર કચેરી કે અન્ય ચુંટણી વિષયક હેતુ માટે કરી શકશે નહી. સરકારી વિશ્રામગૃહ, અતિથીગૃહ વિગેરેમાં રાજકીય પક્ષોના સભ્યોની પ્રાસંગીક મીટીંગ પણ યોજી શકાશે નહી.

3. ચુંટણી પ્રચારમાં આવેલ જે મહાનુભાવોને સરકારી વિશ્રામ ગૃહ-અતિથી ગૃહ વિગેરેમાં રહેવા માટે રૂમ ફાળવવામાં આવી હોય તે મહાનુભવોને લાવતા-લઈ જતાં વાહનને જ સરકારી વિશ્રામગૃહ/અતિથીગૃહ વિગેરેના કમ્પાઉન્ડમાં રાખી શકાશે. જો તેઓ આ માટે એક કરતા વધારે વાહનોનો ઉપયોગ કરતા હોય તો બે થી વધારે વાહનોને વિશ્રામગૃહ/અતિથીગૃહ વિગેરેના કમ્પાઉન્ડમાં રાખી શકાશે નહી.

4. એક જ વ્યક્તિને ૪૮ કલાકથી વધુ સમય માટે રૂમ ફાળવી શકાશે નહી તેમજ ચુંટણી પ્રચાર માટે આવતા કોઈ પણ મહાનુભવો મતદાન પુરૂ થવાના ૪૮ કલાક પહેલા વિશ્રામગૃહ/ અતિથીગૃહ વિગેરેમાં રહેવા માટે રૂમનો ઉપયોગ કરી શકશે નહી.

આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષા થઈ શકશે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તા.૨૫/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તા.૨૯/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી પ્રસિધ્ધ કર્યુ.

જાહેરનામુ

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું ::

નં.એમએજી/ચુંટણી સભા સરઘસ/વશી.૪૦૧૮ થી ૪૦૫૯/૨૫.-રાજય ચુંટણી આયોગના પત્ર ક્રમાંક:ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક તા.૨૮/૦૫/૨૦૨૫ થી રાજયની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ રાજય ચૂંટણી આયોગે નક્કી કરેલ છે. સદરહું ચુંટણી કાર્યક્રમ મુજબ અત્રેના સુરત જિલ્લામાં ૭૫ સામાન્ય/વિભાજન/મધ્યસત્રની તથા ૧૩૬ પેટા ચૂંટણી યોજાનાર છે અને તે મુજબ મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) (સવારના ૦૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી) ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ નિયત થયેલ છે. આ ચુંટણીમાં ઉમેદવારો તથા રાજકીય પક્ષો તરફથી ચુંટણી પ્રચાર માટે જાહેરસભાઓ તથા સરઘસો યોજાનાર છે. જેથી જાહેર સુલેહશાંતિ જાળવવા સારૂ સભા/સરઘસ ઉપર યોગ્ય પ્રતિબંધ મુકવો ઈચ્છનીય છે.

વાસ્તે હું વિજય રબારી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશ્નરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જિલ્લાના વિસ્તારમાં,

૧. કોઈપણ વ્યક્તિ/વ્યક્તિઓએ આ હુકમની તારીખથી તા.૨૫/૦૬/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન (બન્ને દિવસો સહીત) સક્ષમ અધિકારીની પરવાનગી વિના ચાર કે તેથી વધુ વ્યક્તિઓએ ભેગાં થવું નહીં, કોઈ સભા કરવી કે બોલાવવી નહીં કે સરઘસ કાઢવું નહીં.

૨. કોઈ પણ રાજકિય પક્ષ કે ઉમેદવારો ધ્વારા સભા કે સરઘસનું આયોજન કરતા પહેલા સક્ષમ અધિકારીની પરવાનગી મેળવવાની રહેશે.

૩. ઉમેદવાર ઉમેદવારી પત્રો ભરવા કે ઉમેદવારી પત્રોની ચકાસણીમાં આપવા કે ચુંટણી પ્રતિકની ફાળવણીની પ્રક્રિયામાં હાજરી આપવા માટે ચુંટણી અધિકારીશ્રીની કચેરીમાં જાય ત્યારે મોટા સરઘસ સ્વરૂપે જવું નહી.

૪. જયાં એક પક્ષે સભા યોજી હોય એવા સ્થળોએ બીજા પક્ષે સરઘસ લઈ જવું નહી તેમજ ખલેલ પહોંચાડવી નહી.

૫. ચૂંટણીના સરઘસ અને રેલીમાં સ્થાનિક કાયદા અને અમલમાં હોય તે પ્રતિબંધક હુકમને આધિન ધ્વજ બેનર્સ કે કટ આઉટ રાખી શકાશે.આવા સરઘસમાં પક્ષે/ઉમેદવારે પુરા પાડેલ ટોપી માસ્ક સ્કાર્ફ વગેરે પહેરી શકશે.પરંતુ પક્ષે પુરા પાડેલ સાડી/શર્ટ જેવા મુખ્ય વસ્ત્રો પહેરી શકાશે નહી.

:: પરંતુક ::

(૧) ચુંટણી પ્રચાર કરવા ઉપર પ્રતિબંધ શરૂ થયા બાદ એટલે કે મતદાન પુરુ થવાના કલાક સાથે પુરા થતા ૪૮ કલાકના સમયગાળા દરમ્યાન ચુંટણી પ્રચાર માટે ઘેર ઘેર મુલાકાત લેતી વખતે એક સાથે વધુમાં વધુ પાંચ વ્યક્તિ જઈ શકશે.

(૨) ચુંટણી પ્રચાર કરવા ઉપર પ્રતિબંધ શરૂ થયા બાદ એટલે કે મતદાન પુરુ થવાના કલાક સાથે પુરા થતા ૪૮ કલાકના સમયગાળા દરમ્યાન ચુંટણી પ્રચાર પક્ષના કાર્યકરો/ નેતાઓ જેના પર પક્ષનુ પ્રતિક હોય તેવી ટોપી/ મફલર પહેરી શકશે પરંતુ બેનર પ્રદર્શીત કરી શકશે નહી.

આ હુકમનો કોઈપણ મજકુર નીચેના કિસ્સામાં લાગુ પડશે નહીં.

લગ્નના વરઘોડા, સીનેમામાં, ટાઉન હોલમાં, સ્મશાન યાત્રામાં, એસ.ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી માટે, નવરાત્રી ઉસ્તવની ઉજવણી માટે કે મંદિર, મસ્જિદ કે દેવળમાં પ્રાર્થના માટેના શુધ્ધ આશયથી જતી વ્યક્તિઓને.

આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષા થઈ શકશે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તા.૨૫/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તા.૨૯/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી પ્રસિધ્ધ કર્યુ.

જાહેરનામુ

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું ::

નં.એમએજી/શોર્ટ મેસેજ/વશી.૪૩૫૪ થી ૪૩૯૫/૨૫.-રાજય ચુંટણી આયોગના પત્ર ક્રમાંકઃઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક તા.૨૮/૦૫/૨૦૨૫ થી રાજયની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ રાજય ચૂંટણી આયોગે નક્કી કરેલ છે. સદરહું ચુંટણી કાર્યક્રમ મુજબ અત્રેના સુરત જિલ્લામાં ૭૫ સામાન્ય/વિભાજન/મધ્યસત્રની તથા ૧૩૬ પેટા ચૂંટણી યોજાનાર છે અને તે મુજબ મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) (સવારના ૦૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી) ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ નિયત થયેલ છે. ચુંટણીની સમગ્ર કાર્યવાહી દરમ્યાન ચુંટણી કાયદા, આચારસંહિતા અને ચુંટણી આયોગ નવી દિલ્હી તથા રાજય ચુંટણી આયોગની સુચનાઓનો ભંગ કરતા શોર્ટ મેસેજ (SMSs) પ્રસારિત થતા અટકાવવા મતદાન પુર્ણ થવાના કલાક સાથે પૂરા થતા ૪૮ કલાક દરમ્યાન રાજકીય પ્રકારના SMSs મોકલવા પર પ્રતિબંધ મુકવા અંગે ભારતના ચુંટણી આયોગના પત્ર ક્રમાંકઃ-૪૬૪/આઈએનએસટી/ ૨૦૦૮/ઈપીએસ, તા.૫/૧૧/૦૮ તથા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજયના પત્ર ક્રમાંકઃ-ઈએલસી-૧૦૦૧- ૧૦૩૩૨-છ, તા.૧૭/૧૧/૦૮ થી સુચનાઓ થઈ આવેલ છે. જેનો અમલ કરવો જરૂરી જણાય છે.

વાસ્તે હું વિજય રબારી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, ઉકત જાહેર કરવામાં આવેલ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશ્નરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જિલ્લાના વિસ્તારમાં

કોઈપણ રાજકીય પક્ષ, ઉમેદવાર, તેના ચુંટણી એજન્ટ, કાર્યકરો કે સમર્થકોએ કે અન્ય કોઈ વ્યક્તિએ, મતદાન દિવસ તા.૨૨/૦૬/૨૦૨૫ના રોજ મતદાન પુરૂ થવાના ૪૮ કલાક પહેલાથી મતદાન પુર્ણ થાય ત્યાં સુધી રાજકીય પ્રકારના તમામ તેમજ આદર્શ આંચાર સંહિતાનો ભંગ થાય તેવા SMSs મોકલવા પર આથી પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ તેમજ લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૩ હેઠળ શિક્ષાત્મક પોલીસ કાર્યવાહી કરવાને પાત્ર ઠરશે.

:: અપવાદ ::

SVAP કાર્યક્રમ અંતર્ગત મતદારોને પ્રોત્સાહીત કરતા, ભારતના ચુંટણી આયોગ તેમજ રાજય ચૂંટણી પંચના સક્ષમ સત્તાધિકારી ધ્વારા કરવામાં આવતા SMSs ને લાગુ પડશે નહી.

આજ તા.૨૯/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી પ્રસિધ્ધ કર્યુ.

જાહેરનામુ

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૫ ની કલમ-૧૬૩ હેઠળનું ::

નં.એમએજી/ચુંટણી વાહન પરવાનગી/વશી.૩૮૦૭ થી ૩૮૪૯/૨૫.-રાજય ચુંટણી આયોગના પત્ર ક્રમાંક:ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક તા.૨૮/૦૫/૨૦૨૫ થી રાજયની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ રાજય ચૂંટણી આયોગે નક્કી કરેલ છે. સદરહું ચુંટણી કાર્યક્રમ મુજબ અત્રેના સુરત જિલ્લામાં ૭૫ સામાન્ય/વિભાજન/મધ્યસત્રની તથા ૧૩૬ પેટા ચૂંટણી યોજાનાર છે અને તે મુજબ મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) (સવારના ૦૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી) ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ નિયત થયેલ છે. સદરહુ ચૂંટણીને અનુલક્ષીને તમામ રાજકીય પક્ષોના ઉમેદવારો તેમના કાર્યકરો સાથે વાહન ઉપર લાઉડ સ્પીકર લગાડી પ્રચાર કરતા હોય છે. ભારતીય ચુંટણી પંચના પત્ર ક્રમાંક:-૪૩૭/૬/પીએલએન-૩, તા.૧૬/૦૩/૨૦૦૧ તથા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજયના પત્ર ક્રમાંક:-ઈએલસી/૧૦૦૧-૧૭૫(૨)-છ, તા.૧૬/૦૪/૨૦૦૧ તથા રાજય ચુંટણી આયોગના આદેશ ક્રમાંક:રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક તા.૧૭/૧૧/૨૦૨૧ ની સુચના અનુસાર પ્રચારમાં વાહનોનો ઉપયોગ કરવા માટે તે વાહનની નોંધણી કરાવી પરવાનગી લેવાની થાય છે. વાહનની નોંધણી તેમજ તેના ઉપયોગ માટેની પરવાનગીની કાર્યવાહી જે તે સંબંધિત ચૂંટણી અધિકારી તરફથી કરવામાં આવે છે. જે પરમીટ વાહન ઉપર સ્પષ્ટ દેખાય તેવી રીતે વીન્ડ સ્કીન પર લગાવવાની રહેશે તેમજ પ્રચાર માટે માઈકનો ઉપયોગ કરવા માટેની પરવાનગી સંબંધિત સક્ષમ અધિકારીની મેળવવાની રહેશે. ઘણાં રાજકીય પક્ષના ઉમેદવારોના કાર્યકરો આવી પરવાનગી લીધા સિવાય પ્રચાર કરી ચૂંટણી આચાર સંહીતાનો ભંગ કરતા હોય છે. જેથી ચૂંટણી પ્રક્રીયા ઉપર માઠી અસર પડવાનો સંભવ રહે છે.

વાસ્તે હું વિજય રબારી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશ્નરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જિલ્લાના વિસ્તારમાં,

૧. કોઈપણ રાજકીય પક્ષના ઉમેદવાર કે કાર્યકરો પોતાના પક્ષના ચૂંટણી પ્રચાર માટે વાહનનો ઉપયોગ જે તે મતવિસ્તારના ચૂંટણી અધિકારી પાસે વાહનની નોંધણી કર્યા સિવાય અને પરવાનગી લીધા સિવાય વાહનનો ઉપયોગ કરી ચૂંટણી પ્રચાર કરી શકશે નહી.

૨. ચૂંટણી પ્રચારમાં ઉપયોગમાં લેવાયેલ વાહન ઉપર વીન્ડ સ્કીન ઉપર પરમીટ લગાડયા સિવાય ચૂંટણી પ્રચાર કરી શકશે નહી.

૩. વગર પરવાનગીએ વાહનમાં લાઉડ સ્પીકરથી ચૂંટણી પ્રચાર કરી શકશે નહી.

આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષા થઈ શકશે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તા.૨૫/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તા.૨૯/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી પ્રસિધ્ધ કર્યુ.

જાહેરનામુ

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું ::

નં.એમએજી/મતદાર વાહન/વશી.૪૨૨૮ થી ૪૨૬૯/૨૫.-રાજય ચુંટણી આયોગના પત્ર ક્રમાંક:ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક તા.૨૮/૦૫/૨૦૨૫ થી રાજયની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ રાજય ચૂંટણી આયોગે નક્કી કરેલ છે. સદરહું ચુંટણી કાર્યક્રમ મુજબ અત્રેના સુરત જિલ્લામાં ૭૫ સામાન્ય/વિભાજન/મધ્યસત્રની તથા ૧૩૬ પેટા ચૂંટણી યોજાનાર છે અને તે મુજબ મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) (સવારના ૦૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી) ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ નિયત થયેલ છે. આ ચુંટણીમાં ઉમેદવારો તથા રાજકીય પક્ષો તરફથી બીન અધિકૃત રીતે મતદાનના દિવસે મતદારોને મતદાન મથકે લઈ જવા-પરત લાવવા વાહનોનો ઉપયોગ કરવાની સંભાવના છે. જેથી વાહનોના આવા દુરૂપયોગના કારણે પ્રતિસ્પર્ધીઓ વચ્ચે સંઘર્ષ, આક્ષેપો, પ્રતિ આક્ષેપો થવાની અને તેના કારણે ચુંટણીની નિષ્પક્ષતા જોખમાવાનો પુરો સંભવ છે. ભારતના ચુંટણી આયોગના પત્ર ક્રમાંક:૪૩૭/૬/૦૬-પીએલએન/૩, તા.૨૩/૧૧/૦૧ અને અધિક મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજયના પત્ર ક્રમાંક: ઈએલસી/૧૦૦૧-

૧૦૧૩ (૨)-છ, તા.૦૧/૦૪/૦૯ રાજય ચુંટણી આયોગના આદેશ ક્રમાંક:રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક તા.૧૭/૧૧/૨૦૨૧ ની સુચના અનુસાર ઉમેદવારો, રાજકીય પક્ષો માટે મતદાનના દિવસે મતદારોને મતદાન મથકે લાવવા, પરત લઈ જવાની ગેરકાયદેસરની સગવડ આપી મતદારને અનઅધિકૃત દબાણ, પ્રલોભન આપવા ઉપર તથા મતદાનના દિવસે ઉમેદવારો તથા તેમના એજન્ટ ધ્વારા વાપરવામાં આવતા વાહનો વગેરે બાબતો પરત્વે ભારતીય ચુંટણી પંચ તરફથી પ્રતિબંધ/નિયંત્રણ ફરમાવેલ છે.

વાસ્તે હું વિજય રબારી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશ્નરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જિલ્લાના વિસ્તારમાં,

૧. કોઈપણ રાજકીય પક્ષો કે ઉમેદવાર કે તેના ચુંટણી એજન્ટ કે કાર્યકર ધ્વારા મતદાનના દિવસે ફોરવ્હીલ ગાડીમાં ડ્રાઈવર સાથે પાંચ વ્યક્તિથી વધારે બેસી શકાશે નહી તેમજ ઉમેદવાર અથવા તેના એજન્ટ માટે ફાળવવામાં આવેલ વાહનનો ઉપયોગ કોઈ બીજી વ્યક્તિ ધ્વારા થઈ શકશે નહી.

૨. મતદાનના દિવસે કોઈ પણ ઉમેદવાર તેમના મતક્ષેત્ર દીઠ એક વાહન પોતાના ઉપયોગ માટે, એક વાહન તેમના એજન્ટ માટે તેમજ વધારામાં એક વાહન તેમના કાર્યકર્તાઓ અથવા પક્ષના કાર્યકર્તાઓ માટે વાપરી શકશે.

૩. મતદાનના દિવસે કોઈપણ રાજકીય પક્ષ કે ઉમેદવાર કે તેના ચુંટણી એજન્ટ કે કાર્યકર દ્વારા મતદારોને મતદાન મથકે નિ:શુલ્ક લઈ જવા તથા પરત લાવવા વાહન પુરૂ પાડવાની સગવડ આપી મતદાર ઉપર અનઅધિકૃત દબાણ/પ્રલોભન ઉભું કરવા સામે મનાઈ ફરમાવું છું.

વાહનોમાં ટ્રક, ટેમ્પો, કાર, ટેક્ષી, વાન, ત્રણ પૈંડાવાળા વાહનો, સ્કુટરો, રીક્ષા, મીની બસ, ટ્રેલર કે તે વિનાનું ટ્રેકટર, સ્ટેશન વેગન તેમજ યાંત્રિક શકિતથી ચાલતા અન્ય વાહનોનો સમાવેશ થશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાત્મક પોલીસ કાર્યવાહીને પાત્ર ઠરશે. ઉપરાંત લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૩ હેઠળ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ના પ્રકરણ-૯ હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી થઈ શકશે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તા.૨૫/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તા.૨૯/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી પ્રસિધ્ધ કર્યુ.

જાહેરનામુ

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું ::

નં.એમએજી/ચુંટણી હથીયાર/વશી.૩૯૩૪ થી ૩૯૭૫/૨૫.-રાજય ચુંટણી આયોગના પત્ર ક્રમાંક:ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક તા.૨૮/૦૫/૨૦૨૫ થી રાજયની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ રાજય ચૂંટણી આયોગે નક્કી કરેલ છે. સદરહું ચુંટણી કાર્યક્રમ મુજબ અત્રેના સુરત જિલ્લામાં ૭૫ સામાન્ય/વિભાજન/મધ્યસત્રની તથા ૧૩૬ પેટા ચૂંટણી યોજાનાર છે અને તે મુજબ મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) (સવારના ૦૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી) ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ નિયત થયેલ છે. જાહેર થયેલ કાર્યક્રમના કારણે ઉમેદવારો તથા રાજકીય પક્ષો દ્વારા તથા તેમના કાર્યકરો ધ્વારા ચુંટણી લક્ષી પ્રચાર માટે તીવ્ર સ્પર્ધા થનાર છે. જેનાં કારણે જાહેર સુલેહશાંતિનો તથા કોમી એખલાસનો ભંગ થવાના પ્રસંગો બનવા સંભવ હોઈ, આવા સંજોગોમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે યોગ્ય પગલાં લેવાં ઈચ્છનીય છે.

વાસ્તે હું વિજય રબારી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશ્નરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જિલ્લાના વિસ્તારમાં, કોઈપણ વ્યક્તિએ આ હુકમની તારીખથી તા.૨૫/૦૬/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન,

(૧) શસ્ત્રો, તલવાર, ભાલા, ધોડા, બંદુક, છરા, ચપ્પુ, લાકડી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈ પણ યંત્ર, શસ્ત્ર કે સાધન સાથે લઈ જવું નહિ.

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવું નહિ.

(૩) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓને ફેંકવા કે નાંખવાનાં યંત્રો, શસ્ત્રો અથવા સાધન સાથે લઈ જવું નહિ.

(૪) મનુષ્યો અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખડવા નહિ.

(૫) જેનાથી સુરૂચિનો અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ, તેવા હાવભાવ કે ચેષ્ટા કરવી નહિ, ચિત્રો, પત્રિકા કે પ્લે કાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહિ અથવા તેનો ફેલાવો કરવો નહિ.

(૬) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિ.

(૭) લોકોને અપમાનિત કરવાના ઈરાદે જાહેરમાં બુમો પાડવી નહિ, ગીતો ગાવા નહીં કે વાદ્ય વગાડવું નહિ.

આ હુકમનો કોઈપણ મજકુર નીચેની વ્યક્તિ કે વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

૧. સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યક્તિ કે જેને ઉપરી અધિકારીએ ચુંટણી કામગીરી કે સરકારી કામે આવું કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર લઈ જવાની જેમની ફરજ હોય.

૨. જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ અથવા તેમના ધ્વારા અધિકૃત કરેલ પોલિસ અધિકારી ધ્વારા જેની શારિરીક, અશકતતાને કારણે શરીરને ટેકો આપવા લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપેલ હોય.

આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષા થઈ શકશે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તા.૨૫/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તા.૨૯/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપી પ્રસિધ્ધ કર્યુ.

જાહેરનામું

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૩) અન્વયેનું ::

નં.એમએજી/જાહેરનામું/વશી.૪૭૧૫ થી ૪૭૪૯/૨૫.-સુરત જિલ્લામાં આગામી તા.૦૭/૦૬/૨૦૨૫ના રોજ બકરી ઈદના તહેવારની ઉજવણી તેમજ રેલીઓ/ધરણાઓના કાર્યક્રમ યોજવામાં આવતા હોય છે. જેથી કોઈપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી તથા જાહેર સુલેહ શાંતિ અને સલામતિ જળવાઇ રહે તે સારૂ જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લામાં કેટલાક પ્રતિબંધો ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

સબબ, હું વિજય રબારી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

:: પ્રતિબંધિત કૃત્યો ::

જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લામાં પરવાનગી વગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં અને કોઈ પણ જાતની સભા-સરઘર કાઢવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

:: અપવાદ ::

આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રાને લાગુ પડશે નહી.

-:: વિસ્તાર ::-

“જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લા માટે”

-:: અમલવારીનો સમય ::-

આ હુકમની અમલવારી તા.૦૩/૦૬/૨૦૨૫ થી તા.૧૦/૦૬/૨૦૨૫ સુધી કરવાની રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૩) તથા ભારતીય ન્યાય સંહિતા(BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજ્જાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરના ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૦૩/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યો.

જાહેરનામું

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયેનું ::

નં.એમએજી/બકરી ઈદ/વશી.૪૬૪૬ થી ૪૬૭૯/૨૫.-આગામી તા.૦૭/૦૬/૨૦૨૫ના રોજ મુસ્લિમ ધર્મનો "બકરી ઈદ" નો તહેવાર આવે છે. આ તહેવારની ઉજવણી પ્રસંગે અમુક પ્રકારના જાનવરોની કુરબાની આપવામાં આવે છે. અને આ કુરબાની જાહેર કે ખાનગી સ્થળે, મહોલ્લા કે ગલીમાં દેખાય તે રીતે કોઈપણ પશુની કતલ કરવાથી અન્ય ધર્મ/સમુદાયના લોકોની લાગણી દુભાવાના કારણે સુલેહ શાંતિનો ભંગ થવા સંભવ રહે છે. આથી કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે સારૂ ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ મુજબના પગલાં લેવા જરૂરી જણાય છે.

વાસ્તે, હું વિજય રબારી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ અન્વયે મને મળેલા અધિકારની રૂએ આથી ફરમાવું છું કે, જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના(પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લાના વિસ્તારમાં તા.૦૩/૦૬/૨૦૨૫ ના કલાક ૦૦/૦૦ થી તા.૦૮/૦૬/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી નીચે મુજબ પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

(૧) કોઈપણ વ્યકિતએ કોઈપણ પશુની જાહેર કે ખાનગી જગ્યામાં, શેરીઓમાં કે મહોલ્લામાં વિગેરે જગ્યાએ જાહેર જનતાને દેખાય તે રીતે કતલ કરવી નહી, તેમજ કોઈપણ પ્રાણીને શણગારીને એકલા અગર સરઘસ આકારે જાહેરમાં લઈ જવા કે ફેરવવા નહી.

(૨) 'બકરી ઈદ' તહેવાર નિમિતે કુરબાની પછી જાનવરના માંસ, હાડકા અને અવશેષો જાહેરમાં ફેંકવા નહી.

-:: વિસ્તાર ::-

"જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના(પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લા માટે"

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજ્જાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજરોજ તારીખ.૦૩/૦૬/૨૦૨૫ નાં રોજ મારા સહી અને સિકકો કરી આપેલ છે.

જાહેરનામું

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયેનું ::

નં.એમએજી/તહેવાર/વશી.૪૬૮૦ થી ૪૭૧૪/૨૦૨૫.-સુરત ગ્રામ્ય જીલ્લામાં આગામી દિવસોમાં અગત્યના ધાર્મિક તહેવારો આવતા હોય અને સુરત ગ્રામ્ય જીલ્લામાં બનતા ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે. અને આવા હથિયારોથી ગુન્હા

બનતા હોવાથી કોઈપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે ઈચ્છનીય છે.

સબબ, હું વિજય રબારી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે નીચેના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું છું.

::પ્રતિબંધિત કૃત્યો::

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, ધોડા, બંદુક, છરા, લાકડા કે લાકડી, લાઠી, શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈ પણ સાધન સાથે લઈ જવું નહી

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓનો ફેંકવાના કે ઘકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહીં એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી.

(ઘ) કોઈ શબ, આકૃતિ અથવા પુતળા દેખાડવા નહી.

(ચ) જેનાથી સુરૂચિનો અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા હાવભાવ કરવા નહીં તથા તેવી ચેષ્ટા કરવી નહી તથા તેવા ચિત્રો, પત્રિકા કે પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી નહી બતાવવી નહી અથવા તેનો ફેલાવો કરવો નહી.

(છ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહી.

(જ) લોકોને અપમાન કરવાના ઈરાદાથી જાહેરમાં બુમો પાડવી નહી, ગીતો ગાવા નહી કે વાદ્ય વગાડવું નહી.

આ હુકમ નીચે દર્શાવેલ વ્યકિત/વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યકિતને કે જેને ઉપરી અધિકારીએ સરકારી ફરજ બજાવવા આવું કોઈ હથિયાર લઈ જવાની આજ્ઞા આપેલ હોય.

(૨) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી સુરત, જિલ્લા પોલીસ વડાશ્રી(રૂરલ), સુરતએ અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે પોલીસ અધિકારીને તથા જેને શારીરીક અશકિતને કારણે લાકડી, લાઠી લઈ જવાની જરૂરીયાત હોય તેવી વ્યકિત/વ્યકિતઓ.

(૩) આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રાને લાગુ પડશે નહી.

-:: વિસ્તાર ::-

"જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લા માટે"

-:: અમલવારીનો સમય ::-

આ હુકમની અમલવારી તા.૦૩/૦૬/૨૦૨૫ થી તા.૧૦/૦૬/૨૦૨૫ સુધી કરવાની રહેશે.

-:: શિક્ષા ::-

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ તથા ભારતના ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજજાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરના ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૦૩/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

વિજય રબારી,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
સુરત

જાહેર હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ હેઠળ.

નં.એમએજી/જાહેરનામું/૧૩૧૨ થી ૧૩૨૩/૨૦૨૫.–પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ તેમના ક્રમાંક: એસ.ઓ.જી./જા.દ./૪૬૯/૨૦૨૫ તા.૦૯/૦૫/૨૦૨૫ થી વર્તમાન અને ભુતકાળમાં બનેલ ઘટનાઓમાં આતંકવાદી તત્વો દ્વારા વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ દ્વારા જાનહાની, માલ મિલ્કતોને નુકશાન પહોંચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે. આ ઘટનાઓમાં મોટે ભાગે બોમ્બ બ્લાસ્ટ માટે જુની સાયકલો તેમજ જુના સ્કુટરો અને જુની કારો તથા અન્ય જુના વાહનો તથા તેના સ્પેરપાર્ટોનો ઉપયોગ આ તત્વો દ્વારા કરાતો હોય છે. આ પ્રકારની અસામાજીક પ્રકૃતિઓ આચરતા તત્વો મોટે ભાગે રાજય બહારના, પરપ્રાંત વિસ્તારમાંથી પ્રવેશી ભૌગોલીક પરિસ્થિતિથી વાકેફ થઈ આ પ્રકારની પ્રવૃત્તિ આચરતા હોય છે. આવા કારણે જાહેર સલામતી સુરક્ષા તેમજ શાંતિનું વાતાવરણ જોખમાવાથી આમ નાગરિક તમેજ પ્રજામાં અસુરક્ષાનો માહોલ ફેલાય છે. આગામી દિવસોમાં ધાર્મિક તહેવારો જેવા કે, બુધ્ધપુર્ણિમા, બકરી ઈદ, મહોરમ, ગુરૂપુર્ણિમા જેવા તહેવારો આવતાં હોય સદર પરિસ્થિતિને ધ્યાને રાખી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળાય નહિ તે જરૂરી છે.

આ પ્રકારના તત્વોને નિયંત્રણમાં લેવા સારૂ જુની સાયકલ તેમજ સ્કુટર, જુના ફોર વ્હીલર, થ્રી વ્હીલર તથા ભંગારના વાહનોની ખરીદ કરનાર તેમજ ભંગારનો લે-વેચનો ધંધો કરનાર વેપારીઓ તથા ભંગારના ગોડાઉન રાખનાર વ્યક્તિઓ સંબધે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ જાહેરનામું બહાર પાડવામાં આવે અને તેના અમલ પુરેપુરો કરાવવામાં આવે તો આંતકવાદી તત્વો દ્વારા આચારવામાં આવતી બોમ્બ બ્લાસ્ટની પ્રવૃત્તિને અંજામ આપતા પહેલાં જ અંકુશમાં લઈ શક્યતાને ધ્યાને રાખી દરખાસ્ત મોકલી આપેલ છે. ઉપરોક્ત હકીકતે જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

આથી હું જે. જે. પટેલ (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ પંચમહાલ જિલ્લાના હદ વિસ્તારમાં નીચે મુજબના રજીસ્ટર નિભાવવા અને ઝેરોક્ષ રાખવા હુકમ કરૂ છું.

(૧) જુની કાર, સાયકલ તેમજ સ્કુટર, જુના ફોર વ્હીલર, થ્રી વ્હીલર ગાડીઓ ખરીદનાર-વેચનાર વ્યક્તિઓએ વેચાણ/ખરીદ કરેલ વાહનોની વિગત દર્શાવતું રજીસ્ટર :-

અ.નં.	વેચનારનું નામ સરનામું અને વેચવાનું કારણ	ખરીદનારનું પુરેપુરૂ નામ સરનામું, મોબાઈલ નંબર	ખરીદનારનું આઈ.ડી. પ્રુફ તથા રેસીડન્ટ પ્રુફની વિગત	જુનુ વાહન ખરીદવાનું/ ખરીદયા અંગેનું કારણ અને તારીખ	એન્જીન/ચેચીસ નંબર, મોડલ નંબર રજીસ્ટેશન નંબર વિગેરેની વિગત અંગેની ઝેરોક્ષ રાખવી.
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)

(૨) ભંગારની ખરીદ તથા વેચાણ કરનાર વ્યકિતએ નીચે મુજબની વિગત દર્શાવતું રજીસ્ટર :-

અ.નં.	ભંગાર લાવનારના આઈડી પ્રુફની વિગત સંપર્ક નંબર	ભંગાર કોની પાસેથી લાવ્યા તેનું નામ, સરનામું અને સંપર્ક નંબર	ભંગાર કઈ તારીખે લાવ્યા	કેવા પ્રકારનું ભંગાર લાવ્યા તેની વિગત	ભંગાર કોને વેચવામાં આવ્યુ અને કઈ તારીખે વેચવામાં આવ્યુ તેનુ નામ, સરનામું તથા સંપર્ક નંબર	ભંગારનો ધંધો કરતા/ફેરી કરતાં ઈસમોના નામ/સરનામું	ભંગારનો ધંધો કરનારે પોલીસ કલીયરન્સ સર્ટીફીકેટ બાયોડેટા સ્થાનિક પોલીસમાં જમા કરાવવા
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)	(૮)

૧. જુનુ ફોર વ્હીલર, થ્રી, ટુ વ્હીલર તેમજ ભંગારના વાહનો ખરીદનારને અવશ્ય બીલ આપવું અને તેની સ્થળપ્રત કબજામાં રાખવી.

૨. વેચાણ લેનાર ગ્રાહકનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ઈલેક્શનકાર્ડ, રેશનકાર્ડ કે નોકરી કરતા હોય તો ત્યાંનું ઓળખપત્ર કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવા કે મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્યશ્રી, સંસદ સભ્યશ્રી, કોઈપણ ખાતાના રાજયપત્રિત અધિકારીશ્રી તરફથી મેળવેલ ઓળખપત્ર/પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવા ઓળખ માટે ગ્રાહક પાસેથી આવા વાહનોના વેચાણકર્તાએ મેળવવાનો રહેશે.

૩. બીલમાં ખરીદનારનું પુરૂ નામ/સરનામું, સંપર્ક માટે ટેલીફોન/મોબાઈલ નંબર લખવો.

૪. વેચાણ બીલમાં જુના વાહનનો એન્જીન નંબર, મોડલ નંબર, રજીસ્ટેશન નંબર, ચેસીસ નંબર લખવો.

આ જાહેરનામાંના અમલ અંગે ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડ/રજીસ્ટરો વિગેરેની ચકાસણી પો.સ.ઈ.થી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારી જ કાર્યવાહી કરી શકશે.

આ હુકમનો અમલ હુકમ થયા તારીખથી બે માસ સુધી અમલમાં રહેશે.

આ હુકમ અન્વયે પંચમહાલ જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે અને તે હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૨મી મે, ૨૦૨૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જાહેર હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ હેઠળ.

નં.એમએજી/જાહેરનામું/૧૩૨૪ થી ૧૩૩૫/૨૦૨૫.—પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ તેમના ક્રમાંક: એસ.ઓ.જી./જા.દ./૪૭૦/૨૦૨૫ તા.૦૯/૦૫/૨૦૨૫ થી રાજયમાં ગુપ્તચર સંસ્થાઓના વખતો-વખત પ્રસિધ્ધ થતાં અહેવાલો, ઈનપુટસ તથા વર્તમાનમાં અને ભુતકાળમાં બનેલ ઘટનાઓમાં વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ દ્વારા જાનહાની, માલ-મિલ્કતોને નુકશાન પહોચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ હોવાનું જણાવેલ છે. આગામી દિવસોમાં ધાર્મિક તહેવારો જેવા કે, બુધ્ધપુર્ણિમા, બકરી ઈદ, મહોરમ, ગુરૂપુર્ણિમા જેવા તહેવાર આવતાં હોય જેથી પરિસ્થિતિને ધ્યાને રાખી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળાય નહિ તો જરૂરી છે. હાલમાં બજારમાં મોબાઈલ તથા ફોનના સીમકાર્ડ ખરીદનાર વ્યકિતના માન્ય પુરાવાની બરાબર ચકાસણી કર્યા વગર તેમજ બોગસ દસ્તાવેજોના આધારે લે-વેચ થતા હોય છે. સીમકાર્ડ આધારે રાજ્ય તેમજ જીલ્લામાં બનાવટી કોલ દ્વારા ધમકી આપવાના, સાઈબર ક્રાઈમને લગત, ખંડણી માંગવાના, અપશબ્દો બોલવાના, મહિલાઓની જાતિય સતામણી કરવાના તેમજ ખોટી માહિતી આપવાના કિસ્સાઓ તથા ઘરફોડ ચોરીઓ, લુંટ-ધાડ, ચીલઝડપ વિગેરે ગુનાઓ પણ મોબાઈલ ફોન અને સીમકાર્ડનો ઉપયોગ કરી ચોરી કે લુંટમાં મેળવી બજારમાં વેચી દેતા હોવાનું ભુતકાળમાં બનેલ બનાવો પરથી જણાઈ આવેલ છે. આ કારણસર મોબાઈલ ફોન તથા સીમકાર્ડની લે-વેચ કરતા દુકાનદારો ઉપર નિયંત્રણ મુકવું જરૂરી છે. ઘણી વખત તપાસ એજન્સીઓ મારફતે વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે તેમણે કોઈ અજાણી વ્યક્તિએ મોબાઈલ ફોન/સીમકાર્ડ આપેલ છે. આ કારણે ચોક્કસ આરોપી પકડી શકાતો નથી. આ બાબતો ધ્યાને રાખી જિલ્લાના ડીસ્ટ્રીબ્યુટર/રીટેઈલર વિક્રેતાઓ દ્વારા મોબાઈલ સીમકાર્ડ તેમજ જુના-નવા મોબાઈલ ફોન વેચાણ કરતી વખતે સીમકાર્ડ તથા મોબાઈલ ખરીદનાર વ્યકિતનું માન્ય ઓળખપત્ર તથા રહેઠાણના પુરાવાઓ વિગેરે દસ્તાવેજો ચકાસવા તેમજ સીમકાર્ડ તેમજ મોબાઈલ વેચાણ સંદર્ભમાં ખરીદ કરનારના નામ, સરનામાની માહિતીનું રજીસ્ટર નિભાવવા અંગે જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવે તો ઉપરોકત તમામ અસામાજીક પ્રવૃત્તિઓ મહદઅંશે અંકુશમા લઈ શકાય તેમ હોઈ આ પાત્રને જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

ઉપરોક્ત બાબતો ધ્યાને લઈને જિલ્લાના ડીસ્ટ્રીબ્યુટર/રીટેઈલર વિક્રેતાઓ દ્વારા મોબાઈલના સીમકાર્ડ વેચાણ કરતી વખતે ખરીદનાર વ્યક્તિનું માન્ય ઓળખપત્ર તથા રહેઠાણના પુરાવા વિગેરે દસ્તાવેજો ચકાસવા તેમજ સરનામાની માહિતીનું રજીસ્ટર નિભાવવા અંગે અને જિલ્લામાં બોગસ દસ્તાવેજોના આધારે સીમકાર્ડ ખરીદ કરી તે દ્વારા બનાવટી કોલ દ્વારા ધમકી આપવાના, સાઈબર ક્રાઈમને લગત, ખંડણી માંગવાના, અપશબ્દો બોલવાના, મહિલાઓની જાતિય સતામણી કરવાના તથા ખોટી માહિતી આપવાના કિસ્સાઓ તથા ઘરફોડ ચોરી, લુંટ-ફાટ, ચીલઝડપ વિગેરે ગુનાઓને અંકુશમા લાવી શકાય તે માટે અત્રેના જિલ્લામાં જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

આથી હું જે. જે. પટેલ (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ પંચમહાલ જિલ્લાના હદ વિસ્તારમાં મોબાઈલમાં ઉપયોગમાં લેવામાં આવતા સીમકાર્ડ વેચાણ કરતા વિક્રેતાઓ/વેપારીઓએ સીમકાર્ડ વેચાણ કરતાં પૂર્વે તે ખરીદ કરનાર વ્યક્તિનું ફોટો ઓળખકાર્ડ, રહેઠાણના પુરાવા વિગેરે દસ્તાવેજો મેળવી રાખવાના રહેશે, તે અંગેનું રેકર્ડ રાખવા તથા નીચેના નમુનામાં રજીસ્ટર નિભાવવા હુકમ કરૂ છું.

મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર.

અ.નં.	મોબાઈલ ફોનની વિગત/કંપની.	IMEI NO.	મોબાઈલ વેચનાર/ ખરીદનારના નામ, સરનામાની વિગત	આઈ.ડી.પ્રુફની વિગત
૧	૨	૩	૪	૫

નવા / જુના મોબાઈલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર.

અ.નં.	મોબાઈલ ફોનની વિગત/ કંપની.	IMEI NO.	મોબાઈલ વેચનાર/ ખરીદનારના નામ, સરનામાની વિગત	આઈ.ડી.પ્રુફની વિગત
૧	૨	૩	૪	૫

નવુ સીમકાર્ડ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર.

અ.નં.	સીમકાર્ડની વિગત/કંપનીનું નામ	સીમકાર્ડ નંબર	સીમકાર્ડ ખરીદનારના નામ, સરનામાની વિગત.	આઈ.ડી.પ્રુફની વિગત	સીમકાર્ડ ખરીદનારની સહી
૧	૨		૩	૪	૫

જાહેરનામાંના અમલ અંગે ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડ/રજીસ્ટરો વિગેરેની ચકાસણી પો.સ.ઈ.થી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારી જ કાર્યવાહી કરી શકશે.

આ હુકમનો અમલ હુકમ થયા તારીખથી બે માસ સુધી અમલમાં રહેશે.

આ હુકમ અન્વયે પંચમહાલ જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે અને તે હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૨મી મે, ૨૦૨૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જાહેર હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ હેઠળ.

નં.એમએજી/જાહેરનામું/૧૩૩૬ થી ૧૩૪૭/૨૦૨૫.—પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ તેમના ક્રમાંક: એસ.ઓ.જી./જા.દ./૪૭૧/૨૦૨૫ તા.૦૯/૦૫/૨૦૨૫ થી રાજયમાં ગુપ્તચર સંસ્થાઓના વખતો-વખત પ્રસિધ્ધ થતાં અહેવાલો તથા વર્તમાનમાં/ભુતકાળ તથા તાજેતરમાં બનેલ ઘટનાઓમાં વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ દ્વારા જાનહાની, માલ-મિલ્કતોને નુકશાન પહોચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ હોવાનું જણાવેલ છે. આ પ્રકારની અસામાજીક પ્રવૃતિઓ આચરતા તત્વો મોટે ભાગે રાજય બહારના વિસ્તારમાંથી પ્રવેશી ખાનગી વાહનોના ઉપયોગ ધ્વારા હોટલ/ગેસ્ટ હાઉસ, મોટા રેસ્ટોરન્ટ, બેકીંગ સંસ્થાઓ, એ.ટી.એમ.સેન્ટરો, મલ્ટી પ્લેક્સ થિયેટર, લોજીંગ, બોડીંગ, ધર્મશાળાઓ, આંગડીયા પેઢીઓ, ઔદ્યોગિક એકમો, પેટ્રોલ પંપો, ટોલ પ્લાઝા, ધાર્મિક સ્થળો, સોના-ચાંદીની દુકાનો, કોર્મશીયલ સેન્ટરો સહીતના જાહેર સ્થળોએ રોકાણ કરી/હીલચાલ કરી ભૌગોલીક પરિસ્થિતિથી વાકેફ થઈ આ પ્રકારની પ્રવૃત્તિ આચરતા હોય છે. જેના કારણે જાહેર સલામતી સુરક્ષા તેમજ શાંતીનું વાતાવરણ જોખમાવાય છે તથા આમ નાગરીકો તેમજ પ્રજામાં અસુરક્ષાનો માહોલ ફેલાય છે. આગામી દિવસોમાં ધાર્મિક તહેવારો જેવા કે, બુધ્ધપુર્ણિમા, બકરી ઈદ, મહોરમ, ગુરૂપુર્ણિમા જેવા તહેવારો આવતાં હોય જેથી પરિસ્થિતિને ધ્યાને રાખી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળાય નહિ તો જરૂરી છે.

આ પ્રકારના તત્વોને નિયંત્રણમાં લેવા સારૂ તેઓ ઉપર સઘન દેખરેખ રાખી શકાય તેમજ આ પ્રકારની પ્રવૃતિઓના બનાવો બનતા અટકાવી શકાય તે હેતુસર ઉપરોક્ત તમામ જગ્યાઓએ સી.સી.ટી.વી. કેમરા (નાઈટવિઝન તથા હાઈડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ રાખવા સબંધિત માલિકો, મેનેજરો, સંચાલક, ટ્રસ્ટીઓને અમલવારીકરવાથી આતંકવાદી તત્વો દ્વારા આચરવામાં આવતી બોમ્બ બ્લાસ્ટની પ્રવૃત્તિએ અંજામ આપતાં પહેલાં જ અંકુશમાં લઈ શકાય અને ગુનાખોરી પ્રવૃતિઓ જેવી કે ચોરી, ધાડ, લૂંટ, ચીલઝડપ જેવાં મિલ્કત સબંધી ગુનાઓ બનતાં અટકાવી શકાય અને ગુનો બન્યા પછી તેનો ભેદ ઉકેલવામાં તપાસ એજન્સીઓને મદદ મળી રહે તે માટે પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ જાહેરનામું બહાર પાડવા માંગણી કરેલ છે. કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ જોતાં ઉકત માંગણી વ્યાજબી જણાય છે.

પંચમહાલ જીલ્લામાં ઉપરોક્ત બાબતે જાહેર સુરક્ષા, સલામતીની દ્રષ્ટિએ તકેદારીના પગલાં રૂપે આ કામે જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાતા, હું જે. જે. પટેલ (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે,

પંચમહાલ જિલ્લાની હદ વિસ્તારમાં આવેલ તમામ હાઈ-વે ઉપરની હોટલો, ધર્મશાળાઓ, પેટ્રોલપંપો, ટોલ પ્લાઝાઓ, હોટલ/ગેસ્ટ હાઉસ, મોટા રેસ્ટોરન્ટ, બેન્કીંગ સંસ્થાઓ, એ.ટી.એમ સેન્ટરો, મલ્ટી પ્લેક્સ થીયેટર, લોજીંગ, બોર્ડીંગ, ધર્મશાળાઓ, સોના ચાંદીની દુકાનો, કોમર્શીયલ સેન્ટરો, વિગેરે જેવા સ્થળો ખાતે સબંધીત માલિકો, ટ્રસ્ટીઓ, વહીવટકર્તાશ્રીઓએ નીચે દર્શાવ્યા મુજબની વ્યવસ્થા કરવાની રહેશે.

(૧) જિલ્લામાં આવેલ તમામ હોટલ/ગેસ્ટ હાઉસ, મોટા રેસ્ટોરન્ટ, બેન્કીંગ સંસ્થાઓ, એ.ટી.એમ. સેન્ટર, મલ્ટીપ્લેક્સ-થીયેટર, લોજીંગ, બોર્ડીંગ, ધર્મશાળાઓ, આંગડીયા પેઢીઓ, ઔધોગિક એકમો, ધાર્મિક સ્થળો, સોના ચાંદીની દુકાનો, કોમર્શીયલ સેન્ટરો, પેટ્રોલપંપો ખાતેના ફીલીંગ સ્ટેશન તથા બાજુમાં આવેલ દુકાનો ઉપર તથા હોટલના ભોજનકક્ષ તથા બાજુમાં આવેલ દુકાનો ઉપર તથા હાઈવે ઉપર આવેલ તમામ ટોલ પ્લાઝાઓ ઉપર વાહનનો રજીસ્ટ્રેશન નંબર સ્પષ્ટ રીતે દેખાય તે રીતે, તેમજ વાહન ચાલક તથા તેની ભાજુમાં બેઠેલી વ્યક્તિનું વિડીયો રેકોર્ડીંગ થઈ શકે તેમજ બેકીંગ સંસ્થાઓ, આંગડીયા પેઢીઓ, સોના-ચાંદીની દુકાનો અને કોમર્શીયલ સેન્ટરોમાં આવતાં-જતા તમામ વ્યક્તિઓ સ્પષ્ટ રીતે ઓળખી શકાય તે રીતે સી.સી.ટી.વી. દેશ, નાઈટવીઝન કેમેરા, હાઈડેફીનેશન સાથે ગોઠવવાના રહેશે.

(૨) સી.સી.ટી.વી (નાઈટવિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રોકોર્ડીંગ સિસ્ટમની વ્યવસ્થા કરવાની રહેશે.

(૩) સી.સી.ટી.વી કેમેરાનો ડેટા ઓછામાં ઓછા ૧૫ દિવસ સુધી સંગ્રહ કરવા તથા તે જોવાની જવાબદારી જે તે જગ્યાના સંચાલકશ્રીની રહેશે.

(૪) બિલ્ડીંગના બહારના ભાગે પી.ટી.ઝેડ કેમેરા ગોઠવવાના રહેશે.

(૫) તમામ પાર્કિંગની જગ્યાઓમાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૬) રીસેપ્શન સેન્ટર, લોભી, બેઝમેન્ટ તથા જાહેર પ્રજા માટે જ્યાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપૂર્ણ કવરેજ થાય તે રીતે કેમેરાઓ ગોઠવવા.

જાહેરનામાંના અમલ અંગે ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડ/રજીસ્ટરો વિગેરેની ચકાસણી પો.સ.ઈ.થી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારી જ કાર્યવાહી કરી શકશે.

આ હુકમનો અમલ હુકમ થયા તારીખથી બે માસ સુધી અમલમાં રહેશે.

આ હુકમ અન્વયે પંચમહાલ જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે અને તે હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૨મી મે, ૨૦૨૫ના રોજ મારી સહી અને કચેરીનો સિકકો કરવામાં આવ્યો.

જાહેર હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ હેઠળ.

નં.એમએજી/જાહેરનામું/૧૩૪૮ થી ૧૩૫૯/૨૦૨૫.–પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ તેમના ક્રમાંક: એસ.ઓ.જી./જા.ઘ./૪૭૨/૨૦૨૫ તા.૦૯/૦૫/૨૦૨૫ થી જણાવ્યા મુજબ તાજેતરમાં ગુપ્તચર ખાતાના અહેવાલ અનુસાર તથા અગાઉ પુલવામા ખાતે સી.આર.પી.એફ. ના કાફલા ઉપર થયેલ આંતકી હુમલાઓ, અસામાજિક તત્વો દ્વારા જમ્મુ કશ્મીર ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટ તથા મહારાષ્ટ્ર રાજ્યના પુના શહેરના ભરચક વિસ્તાર જંગલી મહારાજ રોડ ઉપર લગભગ ૪૦ મીનીટના સમયગાળામાં અને ફક્ત એક કિલોમીટરના દાયરામાં ''Low Intensity'' ના ચાર સીરીયલ બ્લાસ્ટ કરવાનો પ્રયત્ન કરવામાં આવેલ તથા તે બોમ્બ એ.ટી.એસ. દ્વારા ડીફ્યુઝ કરવામાં આવેલ તદઉપરાંત નવી દિલ્હી ખાતે માનનીય વડાપ્રધાનશ્રીના નિવાસસ્થાન નજીક ઈઝરાઈલી એમ્બેસીના વાહન ઉપર તા.૧૩/૦૨/૨૦૧૨ના રોજ આંતકવાદી હુમલો કરવામાં આવેલ, તેમજ તા.૦૭/૦૯/૨૦૧૧ ના રોજ દિલ્હી હાઈકોર્ટના બહારના ભાગે બોમ્બ બ્લાસ્ટ થયેલ તથા ગુજરાત રાજયમાં ૧૭ જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ થયેલ છે અને અમદાવાદ શહેર, સુરત શહેરમાં જુલાઈ-૨૦૦૮માં થયેલ બોમ્બ ધડાકા ઉપરથી જણાય છે કે આવા ત્રાસવાદી, અસામાજીક તત્વો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી, પોતે નક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જીંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે. આગામી દિવસોમાં ધાર્મિક તહેવારો જેવા કે, બુધ્ધપુર્ણિમા, બકરી ઈદ, મહોરમ, ગુરૂપુર્ણિમાં જેવા તહેવારો આવતાં હોય જેથી પારસ્થિતિને ધ્યાને રાખી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળાય નહિ તે જરૂરી છે. આ બાબત ધ્યાને લઈ તમામ અસામાજીક પ્રવૃત્તિઓ મહદઅંશે અંકુશમાં લઈ શકાય તે અંગે પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ જાહેરનામું બહાર પાડવા માંગણી કરેલ છે. કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ જોતાં ઉક્ત માંગણી વ્યાજબી જણાય છે.

કોઈ ત્રાસવાદી, અસામાજીક તત્વો રહેણાંક તથા ઔદ્યોગિક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર જનતાની સંપતિને નુકશાન પહોંચાડવાની કોશિશ કરે છે. આવી જગ્યા વિગેરેનો બહારના રાજયના માણસો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. આ માટે ત્રાસવાદી તત્વો શહેરમાં તથા જીલ્લાના અલગ-અલગ વિસ્તારોમાં મજુરી, કડીયાકામ, ઈટોના ભઠઠા, હોટલ, ધાબા, રેસ્ટોરન્ટસ, ગેસ્ટહાઉસ, ફેકટરી, કારખાના, નાના-મોટી ખાણીપીલીની દુકાનો, લારીઓ તથા કલરકામ કરતાં કારીગરો તરીકે રોજગારીઓ મેળવી આપી રહેણાંક તથા ઔદ્યોગિક વિસ્તારોમાં મકાન/એકમો ભાડે રાખી રહેતા હોય છે તેવું અગાઉ બનેલા કિસ્સાઓમાં જાણવા મળ્યુ છે.

આ બાબતે જીલ્લાના અલગ-અલગ વિસ્તારમાં મકાનો, એકમો તથા દુકાનો ભાડે આપતા માલિકો એ આવા શંકાસ્પદ વ્યકિતઓથી તંત્રને નિયમિત રીતે માહિતગાર કરવા અગર ન કરે તો તેના ઉપર નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

આથી હું જે. જે. પટેલ (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ પંચમહાલ હુકમ કરૂ છું કે, પંચમહાલ જિલ્લાના વિસ્તારમાં કોઈ રહેલાંક તેમજ ઔદ્યોગિક માલિક અગર તો આ માટે આવા એકમ, દુકાન, મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જયારે એકમ, દુકાન, મકાન ભાડે આપે ત્યારે સબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને એકમ, દુકાન, મકાન ભાડે આપી શકશે નહીં. ભાડે આપેલ એકમ, દુકાન, મકાનની વિગત, ભાડુઆત અને સંબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોષ્ટક મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

મિલ્કત ભાડે આપવા અંગેની પોલીસને જાણ કરવા માટેનું નિયત ફોર્મ પંચમહાલ જિલ્લામાં ભાડે આપેલ હોય તેની વિગતો
ઔધોગિક એકમો સહિત ભાડે આપેલ હોય તેની વિગત. (ઔધોગિક એકમ/મકાન/ટેનામેન્ટ/ફલેટ/ડુપ્લેક્ષ/દુકાન/ઓફીસ/ગોડાઉન/શેડ પ્લોટ વિગેરે મિલકત)
પોલીસ ઈન્સપેકટરશ્રી / પોલીસ સબ ઈન્સપેકટરશ્રી,.....પોલીસ સ્ટેશન, તા.....
મકાન માલિકનું નામ શ્રી/શ્રીમતિ.....
જન્મ તારીખ (ઉમર)....., સરનામું.....
ફોન નં. (ઘર), ...(ઓફીસ).....(મો).....,

મિલ્કત ભાડે રાખનારનું નામ શ્રી/શ્રીમતિ.....,
જન્મ તારીખ (ઉમર)....., ભાડે રાખેલ મિલકતનું સરનામું.....
(ભાડે રાખેલ મલિકત) નાં ફોન નંબર.....(મો).....
કેટલા ટાઈમ માટે ભાડે આપેલ તે સમયગાળો. રીન્યુઅલ તારીખ.....
ભાડુઆતનું કાયમી વસવાટનું સરનામું (વતનનું.)
ફોન નં. (ઘર)..... (ઓફીસ)..... (મો.).....
નોકરી/ધંધો/વ્યવસાયનું સરનામું.....
ભાડું કેટલું રૂ..... ડિપોઝીટ રૂ.....

-: નિયમો :-	
૧	આ ફોર્મ કાળી સહીવાળી પેનથી ભરવાનું રહેશે.
૨	આ ફોર્મ સંપુર્ણ ભરીને મિલ્કત માલિક અથવા ભાડુઆતે કલાક ૧૮.૦૦ થી ૧૯.૦૦ સુધી જે તે પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાનું રહેશે.
૩	આ ફોર્મ સંપુર્ણ ભરાયા પછી તેની બે નકલ કાઢવાની રહેશે જે તે પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. જેની એક નકલ પોલીસ સ્ટેશનના સહી-સિક્કા સાથે પરત આપશે જે સાચવી રાખવાની રહેશે.
૪	તમારી મિલ્કત કોઈનો કબજો સુપ્રત કરતા હોય, જાત તપાસ કરવી આવશ્યક છે.
૫	સીંગલ યુવક યુવતીઓને મિલ્કત ભાડે આપો ત્યારે તેના વાલીના સંમતિપત્ર અથવા તો કંપનીનો નિમણુંકપત્ર, અભ્યાસ કરતો હોય તો તેનો પુરાવો મેળવવાનો રહેશે જે આ સાથે સામેલ કરવું.
૬	ભાડે રાખનારે તેમનું ડ્રાઇવીગ લાયસન્સ, પાનકાર્ડ, ચુંટણી કાર્ડ,કંપનીનો લેટરપેડ ૨જૂ કરવાના રહેશે.
૭	આ સાથે રૂા. ૩૦૦/- ના રટેમ્પ પેપર ઉપર ભાડાના એગ્રીમેન્ટની નોટરી કરેલ ઝેરોક્ષ કોપી સાથે આપવાની રહેશે.
૮	મિલ્કત ખાલી કરો ત્યારે લેખિતમાં પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની રહેશે.
૯	ઘણા કિસ્સામાં ધ્યાન ઉપર આવેલ છે કે, કરાર મુજબ ભાડુઆત ૧૧-માસ બાદ પણ મકાન ખાલી કરતા નથી. જેથી કરાર મુજબ ભાડુઆતે પોલીસ સ્ટેશનમાં તેની જાણ કરવાની રહેશે.
૧૦	બને ત્યાં સુધી મિલ્કત સાક્ષી/એજન્ટ/સબંધીઓને વચ્ચે રાખી આપવી.
૧૧	આ ફોર્મ પંચમહાલ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનમાં એકસરખુ રહેશે, અને દરેક પોલીસ સ્ટેશનમાં થાણા ઈન્ચાર્જશ્રીએ માન્ય રાખવાનું રહેશે.
	એજન્ટનું નામ શ્રી/શ્રીમતિ.....
	એજન્ટનું સરનામું.....
	ફોન નંબર (ઘર) (ઓફીસ) (મો)
	ભાડુઆતના સબંધીની વગિત અને સરનામું,
	(૧)
	ફોન નંબર (ઘર) (ઓફીસ) (મો)
	(૨)
	ફોન નંબર (ઘર) (ઓફીસ) (મો)

ભાડુઆતનો પાસપોર્ટ સાઈઝનો ફોટો	એક મકાન માલીકનો પાસપોર્ટ સાઈઅઝનો ફોટો	પોલીસ સ્ટેશનનો સહી સિક્કો અને તારીખ
ભાડુઆતની સહી	મિલ્કત માલિકની સહી	એજન્ટની સહી

આ હુકમનો અમલ હુકમ થયા તારીખથી બે માસ સુધી અમલમાં રહેશે.

આ હુકમ અન્વયે પંચમહાલ જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે અને તે હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૨મી મે, ૨૦૨૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જાહેર હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ હેઠળ.

નં.એમએજી/જાહેરનામું/૧૩૬૦ થી ૧૩૭૨/૨૦૨૫.–પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ તેમના ક્રમાંક: એસ.ઓ.જી./જા.દ./૪૭૩/૨૦૨૫ તા.૦૯/૦૫/૨૦૨૫ થી જણાવ્યા મુજબ તાજેતરમાં ગુપ્તચર ખાતાના અહેવાલ અનુસાર તથા દેશના અલગ અલગ રાજ્યોમાં તથા ગુજરાતમાં ભુતકાળમાં અનેક રાષ્ટ્ર વિરોધી બનાવો જેવા કે ત્રાસવાદ, બોમ્બ બ્લાસ્ટ થયેલ છે. આવા બનાવોને અંજામ આપતા આરોપીઓમાં મોટે ભાગે રાજય બહારના હોય છે. આવા આરોપીઓ શરૂઆતમાં એક આમ નાગરીક તરીકે દુકાનો, એકમો કામ કરવા સારૂ રોજગારી મેળવવાના બહાને રોજગારી મેળવી રોકાઈ અને સ્થાનિક ભૌગોલિક પરિસ્થિતિથી વાકેફ થઈ અને ત્રાસવાદી, ભાંગફોડીયા પ્રવૃત્તિ, ચોરી, લુંટ, ધાડ, હત્યા જેવાં ગંભીર પ્રકારના ગુનાઓને અંજામ આપી, રોજગારી મેળવી હોય તે જગ્યાએથી નાસી જતા હોય છે. તપાસ કરનાર એજન્સીએ જ્યારે ગુનાનો ભેદ ઉકેલવાની નજીક સુધી પહોંચે ત્યારે વ્યકિતનું પુરેપુરૂ નામ સરનામું, વતનનું સરનામું તેમજ તેને કામદાર તરીકે લાવનાર એજન્ટનું નામ સરનામું તેમજ તેનો અગાઉનો પૂર્વ ઈતિહાસ વિગેરે માહિતી કામદાર તરીકે રાખનાર પાસે ઉપલબ્ધ હોતી નથી, જેના કારણે આવા કૃત્યો કરનાર ઈસમો ઝડપથી પકડી શકાતા નથી. આવા ઈસમો નકક્કી કરેલ કૃત્યને અંજામ આપી નિર્દોષ માણસોની જીંદગીની ખુવારી કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે. આગામી દિવસોમાં ધાર્મિક તહેવારો જેવા કે, બુધ્ધપુર્ણિમા, બકરી ઈદ, મહોરમ, ગુરૂપુર્ણિમાં જેવા તહેવારો આવતાં હોય જેથી પારસ્થિતિને ધ્યાને રાખી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળાય નહિ તે જરૂરી છે.

અસામાજીક તત્વો વ્યવસાયિક જગ્યાઓએ નોકરીના બહાના હેઠળ આશરો મેળવી સર્વે કરી ભવિષ્યમાં જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરતા હોવાનું ધ્યાને આવેલ છે. આવા ઈસમો માનવ જીંદગીની ખુવારી અને જાહેર જનતાની સંપતિને નુકશાન પહોંચાડવાની કોશિશ કરે છે અને સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની અસામાજીક પ્રવૃત્તિઓની અંજામ આપતા હોય છે. આવા અસામાજીક તત્વો શહેરમાં તથા જિલ્લાના અલગઅલગ વિસ્તારામાં મજૂરી, કડીયાકામ, ઈટોના ભઠ્ઠા, હોટલ, ધાબા, રેસ્ટોરન્ટ, ગેસ્ટહાઉસ, ફેકટરી, કારખાના, ખાણીપીણીની દુકાનો, લારીઓ તથા કલરકામ કરતા કારીગર તરીકે રોજગારીઓ મેળવતા હોય છે. આવા સંકાસ્પદ વ્યકિતઓથી તંત્રને નિયમિત રીતે માહિતગાર કરે તેવા શુભ આશયથી તથા જો તેમ ન કરે તો તેના ઉપર થોડાક નિયંત્રણો મુકવા જાહેરનામું પ્રાસધ્ધિ કરવા દરખાસ્ત કરેલ છે. કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ જોતાં આ કામે નિયંત્રણ મુકતું જાહેરનામું બહાર પાડવું વ્યાજબી જણાય છે.

આથી હું જે. જે. પટેલ (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ પંચમહાલ હુકમ કરૂ છું કે, પંચમહાલ જિલ્લા હદ વિસ્તારમાં જિલ્લા તથા રાજય બહારના મજુરો, કડીયાકામ, ઈટોના ભઠ્ઠા, હોટલ, ધાબા, રેસ્ટોરન્ટ, ગેસ્ટહાઉસ, ફેકટરી, કારખાના, ખાણીપીણીની દુકાનો, લારીઓ તથા કલરકામ વિગેરે સ્થળોએ કારીગર તરીકે કામગીરી કરી રોજગારીઓ મેળવતા હોય તેવા ઈસમાને તેઓને કામે રાખનાર જે તે એકમના માલિક, એજન્ટ, દલાલ કે મકડદમ વિગેરેએ સબંધીત કામદાર/કારીગર મજુરને લગતી માહિતી નીચેના દર્શાવેલ નિયત નમુનાના ફોર્મમાં ભરી સબંધીત પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

રાજય જિલ્લા બહારના મજુરો કામદારો તરીકે રાખવા અંગે માલિકે સબંધિત પોલીસ સ્ટેશન ખાતે તેની નોંધણી અંગેનું નિયત ફોર્મ.

(૧)	કામદાર તરીકે રાખનાર વ્યક્તિનું નામ	:-	
	સરનામું	:-	
	આઈ.ડી.પ્રુફ	:-	
	મોબાઈલ નંબર	:-	
(૨)	કામદાર તરીકે રહેનાર વ્યક્તિનું નામ	:-	
	સરનામું	:-	
	આઈ.ડી.પ્રુફ	:-	
	મોબાઈલ નંબર	:-	
(૩)	કામદાર તરીકે લાવનાર એજન્ટ, દલાલ, મુકાદમનું નામ	:-	
	સરનામું	:-	
	આઈ.ડી.પ્રુફ	:-	

	મોબાઈલ નંબર	:-	
(૪)	કામદાર તરીકે અગાઉ રાખેલ હોય તો તેની પુરી વિગત	:-	
	સરનામું	:-	
	આઈ.ડી.પ્રુફ	:-	
	મોબાઈલ નંબર	:-	
(૫)	કામદાર તરીકે રાખેલ વ્યક્તિનું કાયમી વસવાટનું નામ	:-	
	સરનામું	:-	
	પોલીસ સ્ટેશનનું નામ	:-	
	કામદારના વ્યવસાયનું નામ	:-	
	અભ્યાસ	:-	
	કેટલા સમય માટે રોકાનાર છે	:-	
	કામદાર તરીકે રાખનારની સહી	:-	
	કામદાર તરીકે લાવનાર એજન્ટ, દલાલ, મુકાદમની સહી	:-	
	કામદારની સહી	:-	

તારીખ :-

નોંધ :- ઉપરોકત નિયત નમુના મુજબના ફોર્મમાં જણાવેલ વિગત જે તે કામદારને રાખનાર માલિકે કામદારને રાખ્યા ૨૪ કલાકમાં સબંધિત પાલીસ સ્ટેશનમાં લેખિતમાં આપવાની રહેશે.

આ હુકમનો અમલ હુકમ થયા તારીખથી બે માસ સુધી અમલમાં રહેશે.

આ હુકમ અન્વયે પંચમહાલ જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે અને તે હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૨મી મે, ૨૦૨૫ના રોજ મારી સહી અને કચેરીનો સિકકો કરવામાં આવ્યો.

જાહેર હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ હેઠળ.

નં.એમએજી/જાહેરનામું/૧૩૭૩ થી ૧૩૮૫/૨૦૨૫.–પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ તેમના ક્રમાંક: એસ.ઓ.જી./જા.દ./૪૭૪/૨૦૨૫ તા.૦૯/૦૫/૨૦૨૫ થી જણાવ્યા મુજબ ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અનુસાર અને વિવિધ જગ્યાઓએ આંતકવાદી તત્વોએ બોમ્બ બ્લાસ્ટ ધ્વારા જાનહાની માલ મિલકતોને નુકસાન પહોંચાડી ભયનો માહોલ સર્જવાની ઘટના ઘટેલ છે. ત્રાસવાદી/અસામાજીક તત્વો પંચમહાલ જીલ્લાની હોટલો, ગેસ્ટહાઉસ, ધર્મશાળામાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાન્તીનો ભંગ કરી શકે તેમજ માનવ જીંદગીની ખુવારી અને જાહેર સંપતિને નુકશાન પહોંચાડવાની કોશિશ કરતા હોય છે. રાજયના કે રાજય બહારના રાજયોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળામાં રૂમો ભાડે રાખીને રહેતા હોય છે. તે જગ્યાઓ વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. આવા ગંભીર પ્રકારના ગુન્હાઓ ઉપર અંકુશ મેળવવા સારૂ હોટલ, ગેસ્ટહાઉસ, ધર્મશાળામા ભાડે આપતા માલીકો રૂમ ભાડેથી આપે ત્યારે નીચે મુજબની શરતોનું પાલન કરે તો ગંભીર પ્રકારના બનતા ગુન્હાઓ ઉપર અંકુશ લાવી શકાશે તેમજ લોકોની જાનમાલને નુકશાન થતુ અટકાવી શકાશે. આગામી દિવસોમાં ધાર્મિક તહેવારો જેવા કે, બુધ્ધપુર્ણિમા, બકરી ઈદ, મહોરમ, ગુરૂપુર્ણિમાં જેવા તહેવારો આવતાં હોય જેથી લોકોની સુરક્ષાને ધ્યાને રાખી જણાવેલ શરતો મુજબ જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિકક્ષશ્રી, પંચમહાલ ગોધરા ખાસ દરખાસ્ત કરેલ છે.

ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં, સુરક્ષા અને સલામતીની દ્રષ્ટિએ નીચે મુજબની શરતો મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પાત્ર જણાય છે.

આથી હું જે. જે. પટેલ (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ પંચમહાલ જિલ્લાની હોટલો, ગેસ્ટહાઉસ, ધર્મશાળાઓ, મુસાફરખાના, અગત્યની સંસ્થાઓ, મંદિર, મસ્જિદ, મદ્રેસાના માલિકો, ટ્રસ્ટીઓ, સંચાલકોને નીચેની શરતોનું અક્ષરસ: પાલન કરવા આદેશ કરૂ છું.

- વિદેશી નાગરીક આવે ત્યારે તેનો પાસપોર્ટ વિઝા અને ભારતમાં આવ્યા અંગેની ડીટેઈલ સહીતની કોપી લેવી.
- યોગ્ય પ્રફોર્મા મુજબનુ રજીસ્ટર બનાવી આવતા જતા તમામ અતિથિઓની રજીસ્ટરમાં નોંધણી કરવી.
- દેશી/વિદેશી નાગરીકને પાસપોર્ટ, વિઝા અને ભારતના સરનામાં અને વિદેશ નાગરીક તરીકે નોંધણી કરાવેલ હોય તો રેસીડેન્સીયલ પરમીટની કોપી મેળવવી અને રેકર્ડમાં રાખવી.
- દેશી/વિદેશી નાગરીકને લગતા નિયમ મુજબ સી-ફોર્મ ફોરેનર્સ રજીસ્ટ્રેશન રૂલ્સ સને.૧૯૩૯ મુજબના નમુનાના ફોર્મમાં પોલીસ અધિક્ષકશ્રી પંચમહાલ ગોધરાની ફોરેનર્સ બ્રાન્ચમાં ૨૪ કલાકમાં રીપોર્ટ સહીત રજુ કરવાના રહેશે.
- દેશી/વિદેશી વિઝીટરનું બુકીંગ કરાવનારના નામ, સરનામાં ટેલીફોન સહીતના નક્કર પુરાવા મેળવવા.
- કોઈપણ મુસાફરની શંકાસ્પદ હીલચાલ જણાયેથી તાત્કાલીક પોલીસ વિભાગને જાણ કરવી.
- કોઈપણ બહારના રાજયના મુસાફરો રોકાણ કરે ત્યારે સંસ્થાના જવાબદાર વ્યક્તિએ તે બાબતની જાણ અને ઉપર જણાવેલ શરતો મુજબ પુરાવા સહીત સમય મર્યાદામાં સ્થાનિક પોલીસને રજુ કરવા.
- અજાણ્યા દેશી/વિદેશી નાગરીકોને હોટલો, ગેસ્ટહાઉસ, ધર્માદાત પ્રવેશ આપવો નહી.

આ હુકમનો અમલ હુકમ થયા તારીખથી બે માસ સુધી અમલમાં રહેશે.

આ હુકમ અન્વયે પંચમહાલ જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે અને તે હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૨મી મે, ૨૦૨૫ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જાહેરનામું

-: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે :-

PAN/OTH/e-file/454/2025/1013/Extra Chitnis.-પંચમહાલ-ગોધરા જીલ્લામાં નવા બંધાતા મકાનોમાં તેમજ નગરપાલિકા/ગ્રામ પંચાયત વિસ્તારમાં મજુરી કામ અને ટેલિફોન કંપનીમાં દ્વારા ખોદાતા ખાડાઓની મજુરી કામ મેળવી તેમજ અન્ય મજુરી કામ કરવા બહાના હેઠળ ઈસમો રોકાણ કરી સ્થાનિક પરિસ્થિતિનું સર્વે કરી માહિતગાર થઈ મિલ્કત વિરૂધ્ધના ગુનાઓ આચરતા હોય છે. તેમજ લેબર કોન્ટ્રાકટર/મુકાદમ/રોજગારી આપનાર સંસ્થા/એકમો તરફથી શ્રમિકો/કામદારોનો કોઈ પુર્વ ઈતિહાસ, નાગરિકત્તા તથા ઓળખ કર્યા સિવાય રોજગારી આપી દેવામાં આવે તો તે દેશની આંતરિક સુરક્ષા માટે યોગ્ય અને ઈચ્છનિય નથી. જેથી સરકારશ્રી કક્ષાએથી પન રોજગારી આપતી સંસ્થાઓ/એકમો/સંસ્થાઓમાં રોજગારી આપતી વખતે તેઓના પૂર્વ ઈતિહાસ, નાગરિકતા અને ઓળખ અંગે વેરીફાય/ચોકસાઈ કરવા અંગે જરૂરી કાર્યવાહી કરવા સુચના થઈ આવેલ છે. જેમાં દેશની સાંપ્રત પરિસ્થિતિને જોતા પરપ્રાંતિય/દેશની બહારના અસામાજીક પ્રવૃત્તિ ધરાવતા ઈસમો જિલ્લામાં કામના બહાને આશરો મેળવે અને જીલ્લાની શાંતિ અને સલામતિનું વાતાવરણ બગાડે તે શક્યતા નકારી શકાય નહી. જેથી પંચમહાલ-ગોધરા જીલ્લામાં લેબર કોન્ટ્રાકટર/મુકાદમ/રોજગારી આપતી સંસ્થાઓ તથા એકમોએ જે શ્રમિકો/કામદાનાઓએ પોતાની પાસે જે રાખેલ હોય અને કામકાજ માટે સપ્લાય કરતા હોય તેઓની તમામ વિગતો (પુર્વ ઈતિહાસ/નાગરિકતા/ઓળખ) ભરી સ્થાનિક પોલીસ સ્ટેશનોને દિન-૭ માં જાણ કરવાની રહેશે. તેમજ આ શ્રમિકો/કામદારો જયારે કામ છોડીને અન્ય જીલ્લામાં જાય ત્યારે પણ ફરજીયાત પણે સ્થાનિક પોલીસને જાણ કરવાની રહેશે. જેથી પંચમહાલ-ગોધરા જીલ્લાના નાગરિકોની જાન-માલની સલામતી તથા સુરક્ષા માટે આ કામદારો પુરા પાડતા કોન્ટ્રાક્ટર/મુકાદમ તેમજ સંસ્થાઓ/એકમો જે શ્રમિકો-કામદારોને રોજગારી પુરી પાડે છે. તે તમામે ફરજીયાત પણે સ્થાનિક પોલીસ ને જાણ કરે તે સારૂ પોલીસ અધિક્ષકશ્રી પંચમભલ ગોધરાએ પત્ર નં.એલ.આઈ.બી./જાહેરનામું/૧૬૧૯/૨૦૨૫ તા.૧૫/૦૫/૨૦૨૫ થી જાહેરનામું પાડવા વિનંતી કરેલ છે.

આથી હું જે. જે. પટેલ (જી.એ.એસ) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ-ગોધરા, ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબની કાર્યવાહી કરવા ફરમાવું છું.

"પંચમહાલ જિલ્લામાં આવેલ કારખાનેદારો, મકાન બાંધકામ બિલ્ડર્સ, ઉદ્યોગો, બેંકિંગ, ફાયનાન્સ તથા પ્રાઈવેટ સેકટરના એકમોના માલિકો/મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં ઘરઘાટી નોકર, ડ્રાઈવર, રસોઈયા, વોચમેન, માળી કર્મચારી, કારીગરો, શ્રમિકો, કામદારો વિગેર જે હાલમાં કામ ઉપર છે તેમની સ્થાનિક પોલીસ સ્ટેશનમાં જાહેરનામું પ્રસિધ્ધ થયેથી દિન-૭માં ફરજીયાત પણે નોંધણી કરાવવાની રહેશે. વધુમાં હવે પછીથી કામ ઉપર રાખવામાં આવનાર તમામ કાયમી, હંગામી, રોજીંદા કે કોન્ટ્રાકટના કર્મચારી/કારીગરો/શ્રમિકો વિગેરે નવા કામદારો કામ ઉપર આવ્યેથી દિન-૦૭ માં નોંધણી સ્થાનિક પોલીસ સ્ટેશનમાં કરાવવાની રહેશે."

અ.નં.	વિગત
૧	એકમનું નામ સરનામું મોબાઈલ નંબર (માલિક/સંકળાયેલ વ્યક્તિનું નામ સરનામું મો.નં.)
૨	કામ ઉપર રાખેલ નોકર, ડ્રાઈવર, રસોઈયા, વોચમેન, માળી કર્મચારી, કારીગરો, શ્રમિકો, કામદારો વિગેરનું પુર નામ, ઓળખપત્ર, હાલનું પુરૂ સરનામું તથા કાયમી સરનામું, મોબાઈલ નંબર
૩	નોકરી/કામગીરીએ રાખ્યા તારીખ
૪	કોની ભલામણથી નોકરી કામગીરીએ રાખેલ છે તેનું નામ, સરનામું, મોબાઈલ નંબર
૫	કામ ઉપર રાખેલ વ્યકિતનો ફોટો તથા ઓળખપત્ર

આ હુકમનો ભંગ અથવા ઉદાઈન કરનાર ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે પોલીસ વિભાગના હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરનો હોદો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનાં ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા.૧૬/૦૫/૨૦૨૫ થી તા.૧૬/૦૭/૨૦૨૫ (બન્ને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

આજ તારીખ: ૧૭મી મે, ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

જાહેરનામું

-: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે :-

PAN/OTH/e-file/454/2025/0773/Extra Chitnis.-પંચમહાલ જિલ્લાના જેલ વિભાગ હસ્તકની ગોધરા સબ જેલ ગોધરા શહેર વિસ્તારમાં તેમજ કાલોલ સબ જેલ કાલોલ તાલુકામાં આવેલ છે. જેમાં હત્યા, અપહરણ, બળાત્કાર, નકલ ચલણીનોટ, નકલી દસ્તાવેજો, છેતરપીંડી, પોકસો એકટ, એન.ડી.પી.એસ એક્ટ, પશુ અત્યાચાર જેવાં ગંભીર ગુનાના પુરૂષ તેમજ સ્ત્રી કેદીઓને રાખવામાં આવે છે. સદર કેદીઓ યેનકેન પ્રકારે જેલની બહારની રાષ્ટ્ર વિરોધી પ્રવૃતિ કરતા ઈસમો, સંસ્થા સાથે મોબાઈલ ફોન, દુરસંચારના અન્ય ગેઝેટ્સનો ઉપયોગ કરી સંપર્ક કરી તેઓની સાથે સાંઠ-ગાંઠ કરી સમાજ તથા રાષ્ટ્ર વિરોધી ગુનાઓને અંજામ આપી શકે છે. પોતાના કેસના સાક્ષીઓ/સાહેદોને ધાકધમકી/લોભ-લાલચ, પ્રલોભન આપવા જેવી પ્રવૃતિઓ પણ કરી શકે છે. આવા બનાવો રાજયની જેલમાં અગાઉ બની ચુક્યા છે. અત્રેની જેલમાંથી પણ ભૂતકાળમાં મોબાઈલ ફોન મળવાના બનાવો બની ચુકયા છે. જેથી જેલમાં મોબાઈલ ફોન, દુરસંચારના અન્ય ગેઝેટ્સનો ઉપયોગ પ્રતિબંધિત કરવો અનિવાર્ય જણાતો હોય આ કામે ઈ.ચા. અધિક્ષકશ્રી, ગોધરા સબ જેલએ તેમના પત્ર જાવક નં.એસ.જે./૧૫૨/૨૦૨૫ તા.૦૧/૦૨/૨૦૨૫ એ ગોધરા સબ જેલ માટે જાહેરનામું બહાર પાડવા અત્રે દરખાસ્ત કરેલ છે.

ઉકત વિગતો જોતાં આ કામે જેલમાં શિસ્ત અને સલામતી જળવાઈ રહે તે માટે ગોધરા સબ જેલ તેમજ કાલોલ સબ જેલમાં મોબાઈલ ફોન સુરસંચારના અન્ય ગેઝેટસનો ઉપયોગ ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ હેઠળ મળેલ સત્તાએ પ્રતિબંધિત કરવું અનિવાર્ય જણાય છે.

// હુકમ //

વાસ્તે, હુ જે. જે. પટેલ (જી.એ.એસ) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મેળેલ સત્તાની રૂએ આથી ગોધરા સબ જેલ તેમજ કાલોલ સબ જેલ પ્રિમાઈસીસમાં (સંકુલમાં) સલામતી અને સુરક્ષાના કારણોને ધ્યાને લઈ આ પ્રિમાઈસીસમાં કોઈપણ વ્યક્તિ મોબાઈલ ફોન, સીમકાર્ડ, આઈપેડ કે દૂર સંચાર માધ્યમના અન્ય ગેઝેટસ સાથે પ્રવેશ ન કરવા તેમજ આવા કોઈ સાધનો ગેઝેટ્સ સાથે જેલના પ્રતિબંધિત વિસ્તારમાં ઉપયોગ ન કરવા ફરમાવું છું.

// અપવાદ //

કોઈ પણ જાહેર રાજ્ય સેવક કે જે પોતાની ફરજના ભાગરૂપે બંધાયેલ છે તેવી વ્યક્તિને તેની ફરજ દરમ્યાન આ હુકમ લાગુ પડશે નહી.

// અમલવારીનો સમય //

આ હુકમની અમલવારી તા.૧૩/૦૫/૨૦૨૫ ના ૦૦:૦૦ કલાકથી તા.૧૩/૦૮/૨૦૨૫ ના ૨૪:૦૦ કલાક સુધીની અત્રેની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં રહેશે.

// શિક્ષા //

આ હકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ગણાશે. તેવા ઈસમો વિરુધ્ધ ફરીયાદ દાખલ કરવા હોદાની રૂએ અધિક્ષકશ્રી ગોધરા/કાલોલ સબ જેલ તેમજ પંચમહાલ જિલ્લામાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીને અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૪/૦૫/૨૦૨૫ ના રોજ મારા સહી સીક્કા કર્યા.

જે. જે. પટેલ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
પંચમહાલ ગોધરા.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) મુજબનું.

PAN/OTH/e-file/454/2025/0906/Extra Chitnis.-પંચમહાલ જિલ્લાના પાવાગઢ યાત્રાધામ ખાતે મુખ્યત્વે રવિવારના દિવસોમાં યાત્રાળુઓ/લોકોની ખૂબ જ મોટી સંખ્યામાં અવર જવર રહેતી હોઈ તે દરમ્યાન અકસ્માત કે જાનહાનિ ન સર્જાય તેમજ પાવાગઢથી માંચી સુધીનો રસ્તો ખૂબ જ વાંકો-ચુકો, ચઢાણ ઉતરાણવાળો તથા સાંકડો હોય ટ્રાફીકનું નિયમન કરવું જરૂરી છે. જાહેર હિતમાં પાવાગઢ તળેટીથી માંચી સુધીના રસ્તાઓ ઉપર ભારે તેમજ હળવા વાહનોની અવર જવર ઉપર તથા ચીજવસ્તુઓ સાથે અથવા ચીજવસ્તુઓ વગર ગધેડાઓ દોરી જનારા કે અન્ય પશુઓ ઉપર તરફ દોરી જનારા પર નિયંત્રણ કરવું જરૂરી જણાતું હોઈ પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાએ તેઓના તા.૦૭/૦૫/૨૦૨૫ ના પત્ર ક્રમાંક: એલઆઈબી/પાવાગઢ/જાહેરનામુ/૧૫૦૫/૨૦૨૪ થી મળેલ દરખાસ્ત મુજબ તા.૧૧/૦૫/૨૦૨૫ થી બે માસ માટે આગામી દિવસોના દર શનિવારના ૨૩:૦૦ કલાકથી અને રવિવારના સાંજના ૧૯:૦૦ કલાક સુધીના સમય માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે જાહેરનામું બહાર પાડવા માટે વિનંતી કરેલ છે.

(૧) પાવાગઢ તળેટીથી માંચી જવાના માંચી સુધીના રસ્તા ઉપર ભારે તથા હળવા વાહનો જેવા કે ટ્રકો, ટેક્ષી ટેમ્પા, જીપો, લકઝરી બસો, મેટાડોર, ઓટો રીક્ષા તથા કોઈ પણ પ્રકારના દ્વિચક્રિય વાહનો વિગેરે વાહન ચાલકોએ વાહન સાથે રવિવારના દિવસો દરમ્યાન અવર-જવર કરવી નહીં.

(૨) હાલોલ ટીંમ્બી ત્રણ રસ્તાથી, જેપુરા ચોકડી, વડાતળાવ ચોકડી, ઢીંકવા ચોકડી તેમજ ધનકુવા ચોકડીથી પાવાગઢ ખાતે પ્રવેશતા ખાનગી વાહનોના પ્રવેશ ઉપર પ્રતિબંધ.

(૩) આ પ્રતિબંધ આવશ્યક ચીજ વસ્તુઓનું પરિવહન કરતા વાહનો એસ.ટી.બસો, સરકારી ફરજ ઉપરના વાહનો તથા આરોગ્ય સેવાઓના ઉપયોગમાં લેવાનાર વાહનોને લાગુ પડશે નહિં.

વિભાગીય નિયામકશ્રી, એસ.ટી.ગોધરાએ અગાઉ સમયગાળા દરમ્યાન આ બાબતે પ્રસિધ્ધ કરેલ જાહેરનામાં સંદર્ભે યાત્રાધામ પાવાગઢ ખાતે શનિવાર, રવિવાર, પૂનમ અને તહેવારના દિવસોમાં મોટી સંખ્યામાં યાત્રાળુઓ આવતાં હોઈ ખાનગી વાહનો જેમ કે સ્થાનિક જીપ ગાડીઓના કારણે પાવાગઢ તળેટીથી માંચી જવાના રસ્તે આડેધડ પાર્કિંગના કારણે ટ્રાફિક જામ થતો હોય છે. એસ.ટી.વિભાગ દ્વારા શનિવાર, રવિવાર, પૂનમ અને તહેવારના દિવસો દરમ્યાન નિયમિત બસો સિવાય એકસ્ટ્રા બસોની પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે. પરંતુ ખાનગી વાહનો દ્વારા ખોટો જગ્યાએ પાર્કિંગ કરવાથી જામ થતાં ટ્રાફિકના કારણે યાત્રાળુઓને એસ.ટી.બસોનો લાભ આપી શકાતો નથી. તેમ જણાવેલ છે.

જે અન્વયે અત્રેની કચેરીના ક્રમાંક: નં.એમએજી/જાહેરનામું/પાવાગઢ-રવિવાર/૫૮૧ થી ૫૮૩/૨૦૨૫ તા.૨૦/૦૨/૨૦૨૫ થી પ્રતિબંધાત્મક જાહેરનામું બહાર પાડેલ હતું.

ઉપરોકત કચેરીઓ તરફથી મળેલ અહેવાલ વંચાણે લેતાં પાવાગઢ ખાતે તળેટીથી માંચી સુધીના રૂટ ઉપર ભારે તેમજ હળવા વાહનો જેવા કે ટ્રક, ટેક્ષી, ટેમ્પો, જીપ, લકઝરી બસ, મેટાડોર, ઓટોરીક્ષા, દ્વિચક્રિય વાહનો સહિત ઈંધણથી ચાલતા તમામ પ્રકારના વાહનો અવર જવર કરી ખોટી રીતે રસ્તાની વચ્ચે વાહનો પાર્ક કરી દેતાં હોવાનું ધ્યાને આવેલ છે તેમજ સદર રસ્તો પણ વાકો ચુકો હોવાના કારણે અકસ્માત સર્જાય તેવી પૂરેપૂરી સંભાવના રહેલ છે. જે માટે આવા વાહનો તથા ચીજ વસ્તુઓ સાથે અથવા ચીજ વસ્તુઓ વગર પશુઓ દોરી જનારાઓ કે તે દ્વારા માલ સામગ્રી વહન કરનારાઓ ઉપર નિયંત્રણ કરવું અને તે માટે ટ્રાફીકનું નિયમન કરવું જાહેર હિતમાં આગામી સમય માટે પણ જરૂરી જણાય છે.

આથી ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે મળેલ અધિકારની રૂએ હું આશીષ કુમાર (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ-પંચમહાલ ગોધરા આ જાહેરનામું પ્રસિધ્ધ કર્યા તા.૧૧/૦૫/૨૦૨૫ થી બે માસ એટલે કે તા.૧૩/૦૭/૨૦૨૫ દરમ્યાન આવતાં તમામ રવિવારના ૦:૦૦ કલાકથી ૨૪:૦૦ કલાક સુધીના સમયગાળા માટે નીચે મુજબની વિગતોની અમલવારી કરવા ફરમાવુ છું.

(૧) પાવાગઢ ખાતે તળેટીથી માંચી સુધી જવાના રસ્તા ઉપર ટેક્ષી પાસીંગ સિવાયના તમામ ભારે તથા હળવા ખાનગી વાહનો અવર જવર કરી શકાશે. માંચી ખાતે પાર્કિંગ સ્થળ ખાતે જગ્યાની ઉપલબ્ધતાં ધ્યાને લીધા બાદ આવા ખાનગી વાહનો તળેટીથી માંચી સુધી જઈ શકશે. પાર્કિંગ સ્લોટ ફુલ થયેથી કોઈપણ ઉકત નિર્દિષ્ટ કોઈપણ વાહન તળેટીથી માંચી સુધી અવર જવર કરી શકશે નહી.

(૨) કોઈપણ પ્રકારના વાહનો અથવા પશુઓ દ્વારા સાધન સામગ્રી, ચીજ વસ્તુઓનું વહન કરી શકાશે નહિ. પશુઓ દોરી જનારાઓએ માંચીથી દુધીયા તળાવ પાવાગઢ સુધીના રસ્તા ઉપર અવર જવર કરવી નહિ.

(૩) હાલોલ ટીંમ્બી ત્રણ રસ્તાથી જેપુરા ચોકડી, વડાતળાવ ચોકડી, -ઢીંકવા ચોકડી તેમજ ધનકુવા ચોકડીથી પાવાગઢ ખાતે પ્રવેશતા ખાનગી ભારે વાહનોના પ્રવેશ ઉપર પ્રતિબંધ રહેશે. વાહનોનું પાર્કિંગ પંચમહોત્સવ વાળી ખાલી જગ્યાએ અને એસ.ટી. બસનો પોઈન્ટ વડાતળાવ રાખવો.

(૪) આ પ્રતિબંધ આવશ્યક ચીજ વસ્તુઓનું પરિવહન કરતા વાહનો, એસ.ટી.બસો, સરકારી કરજ ઉપરના વાહનો તથા આરોગ્ય સેવાઓના ઉપયોગમાં આવનાર વાહનોને લાગુ પડશે નહિ.

પોલીસ અધિક્ષકશ્રીએ આ જાહેરનામાની ગુજરાત પોલીસ અધિનિયમની જોગવાઈઓ મુજબ પુરતી પ્રસિધ્ધિ કરવાની રહેશે તથા તે અંગેનો અહેવાલ મોકલવાનો રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંધન કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ: ૦૯ મી-મે-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કર્યો.

આશીષ કુમાર (આઈ.એ.એસ.),
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પંચમહાલ ગોધરા.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

-: ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ- ૩૭(૩) અન્વયે :-

નં.એમએજી/જી.પી.એ/.કા.વ્ય./હુકમ/વશી. ૪૦૧૭ થી ૪૦૪૬/૨૦૨૫.–હાલ ગુજરાત રાજયમાં ઠેર ઠેર ગેરકાયદેસર મંડળી રચી ધરણા/ઉપવાસ પર બિન પરવાનગીથી બેસવાની ઘટનાઓ વારંવાર બનવા પામેલ છે. નવસારી જિલ્લામા પણ નાગરીકો પોતાની માંગણી રજુઆત તરફ ધ્યાન ખેંચવા માટે અથવા તો ચોકકસ ઈરાદાથી જિલ્લા સેવા સદનના પ્રાંગણ અને પ્રાંગણને અડીને પસાર થતા સંકળાયેલ મુખ્ય રોડ ઉપર પ્રતિક ઉપવાસ, આમરણાંત ઉપવાસ અને ભુખ હડતાલનું ઓચિંતું અને મનસ્વી આયોજન કરી આ કચેરીમાં તેમજ જાહેરમાર્ગ પર બાધા સર્જે છે. જેના પરિણામે કચેરીમાં આવતા અરજદારો અને સામાન્ય જનતા માટે દુવિધા સર્જાય છે. જેથી નવસારી જિલ્લામા જાહેર સુલેહશાંતિ અને સલામતિને હાનિ ન પહોંચે અને લોકોમાં સંવાદિતા યથાવત જળવાઈ રહે તે હેતુસર સાવચેતીના ભાગરૂપે આગોતરા પગલાં ભરી, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ નીચે હુકમ કરવો આવશ્યક અને ઉચિત જણાય છે.

વાસ્તે, હું યોગરાજસિંહ બી. ઝાલા, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જિલ્લો-નવસારી, ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૩) થી ઉપલબ્ધ જોગવાઈઓ અન્વયે મને મળેલ સત્તાની રૂએ તા.૦૭/૦૫/૨૦૨૫ ના કલાક ૦૦:૦૦ થી તા.૨૧/૦૫/૨૦૨૫ના કલાક ૨૪:૦૦ (બંને દિવસો સહિત) સુધી કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીની કચેરી, નવસારી, જિલ્લાની તમામ પ્રાંત કચેરીઓ તથા નવસારી જિલ્લા પંચાયત, પોલીસ અધિક્ષકશ્રી,નવસારીની કચેરી તથા તાલુકા ખાતે આવેલ તાલુકા મામલતદારશ્રીની કચેરી, તાલુકા વિકાસ અધિકારીશ્રીની કચેરી, જીલ્લાની તમામ મહાનગરપાલિકા તેમજ નગરપાલિકા તથા પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડ તેમજ કમ્પાઉન્ડ બહારની ૨૦૦ મીટરની ત્રિજયાના હદ વિસ્તારમાં પ્રતિક ઉપવાસ, આમરણાંત ઉપવાસ અને ધરણા/ભુખ હડતાલ ઉપર બેસવા કે ચાર કરતા વધુ માણસોએ એકત્રિત થવા કે સભા/સરઘસ જેવા કૃત્યો કરવા સામે પ્રતિબંધ ફરમાવું છું.

અપવાદ :- આ હુકમ જે વ્યકિત સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય, જેઓ ફરજ ઉપર હોય તેમને તથા મરણોત્તર તેમજ લગ્ન અંગેના સરઘસને લાગુ પડશે નહિ.

શિક્ષા :- આ હુકમનો ભંગ / ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ કલમ-૧૩૫ મુજબ સજાને પાત્ર થશે. નવસારી જિલ્લામાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ થી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૫/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

યોગરાજસિંહ બી. ઝાલા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયેનું.

નં.એમએજી/શ્રમિક નાગરિકતા અને ઓળખ/જાહેરનામું/વશી.૩૪૧૦ થી ૩૪૪૨/૨૦૨૫.–સુરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આવેલ અલગ અલગ ઔધોગિક એકમોમાં અને અન્ય ખાનગી એકમો તરફથી મોટી સંખ્યામાં અસંગઠિત શ્રમિકો/કામદારોને રોજગારી આપવામાં આવે છે. રોજગારી આપતી વખતે રોજગારી આપનાર સંસ્થા/એકમો તરફથી શ્રમિકો/કામદારોનો કોઈ પૂર્વઈતિહાસ અથવા ઓળખ પ્રસ્થાપિત કરવા માટેની પ્રક્રિયા અપનાવવામાં આવતી નથી. જેના કારણે અસામાજીક તત્વો, ગુનાહિત ઈતિહાસ ધરાવતી વ્યક્તિઓ અને ભારતીય નાગરિકતા નહીં ધરાવતી વ્યક્તિઓને રોજગારી આપી દેવામાં આવે છે. જે આપણા દેશ અને રાજયની આંતરિક સુરક્ષા માટે યોગ્ય અને ઇચ્છનીય નથી. જેથી, ઉપરોકત બાબતે કોઈપણ સંસ્થા/એકમ તરફથી શ્રમિકો/કામદારોને રોજગારી આપવામાં આવે ત્યારે આ શ્રમિકો/કામદારોનો પૂર્વ ઈતિહાસ, નાગરિકતા અને ઓળખ અંગે જરૂરી ચકાસણી કરી/કરાવી તે અંગેની જાણ નજીકના પોલીસ સ્ટેશનને કરવામાં આવે તે જરૂર જણાય છે.

વાસ્તે, હું વિજય રબારી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત, ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે,

(૧) પોલીસ કમિશ્નરશ્રી, સુરત શહેરની હકૂમત ન હોય તેવા સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં આવેલ તમામ કારખાનેદાર, મકાન બાંધકામ બીલ્ડર્સ, ટેક્ષટાઈલ ઉધોગ, હિરા ઉધોગ તથા અન્ય નાના-મોટા તમામ ઉધોગ સાથે સંકળાયેલા પ્રાઈવેટ સેકટરના માલીકો/મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં કર્મચારીઓ, કારીગરો, મજુરો હાલમાં કામ ઉપર છે તેવા કાયમી, હંગામી, રોજીંદા કે કોન્ટ્રાકટના કર્મચારી/કારીગરો/મજુરોની પૂર્વ ઈતિહાસ, નાગરિકતા અને ઓળખ તૈયાર કરી સંબંધિત પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

(૨) સુરત જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં તમામ કારખાનેદાર, મકાન બાંધકામ બીલ્ડર્સ, ટેક્ષટાઈલ ઉધોગ, હિરા ઉધોગ તથા અન્ય ઉધોગ સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેકટરના માલીકો/મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં કર્મચારીઓ, કારીગરો, મજુરો હવે પછી કામ ઉપર રાખશે ત્યારે આવા કામ ઉપર રાખેલા કાયમી, હંગામી, રોજીંદા કે કોન્ટ્રાકટના કર્મચારી/કારીગરો/મજુરોની પૂર્વ ઈતિહાસ, નાગરિકતા અને ઓળખ તૈયાર કરી સંબંધિત પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

ઉપરોકત મુદ્રા નંબર : ૧ અને ૨ ની માહીતી નીચે દર્શાવેલ કોલમ મુજબ આપવાની રહેશે.

	માલિકનું નામ, સરનામુ, ધંધાની વિગત, ટેલીફોન/ મોબાઈલ નંબર	કર્મચારી/ કારીગર/ મજુરનું પુરૂ નામ, ઓળખ, ચિન્હો, હાલનું પુરૂ સરનામુ, ટેલીફોન નંબર	કર્મચારી/ કારીગર/ મજુરની નાગરિકતા ની વિગત	અન્ય દેશની નાગરીકતા ધરાવતા કર્મચારી/ કારીગર/ મજુરની વિઝાની વિગત	કામે રાખેલ નોકરના મૂળ વતનનું સરનામુ, ટેલીફોન નંબર	કર્મચારી/ કારીગર/ મજુરને નોકરીએ રાખ્યાની તારીખ	કર્મચારી/ કારીગર/ મજુર અગાઉ જે સ્થળે કામ કરતો હોય તે માલીકનું પુરૂ નામ, સરનામુ	કર્મચારી/ કારીગર/ મજુરને કોના રેફરન્સ/ પરિચયથી નોકરીએ રાખેલ છે તે સ્થાનિક રહીશનું પુરૂ નામ, સરનામુ	કર્મચારી/ કારીગર/ મજુરના બે થી ત્રણ સગા સંબંધિઓના પુરા નામ, સરનામા વતન સહિતના	કર્મચારી/ કારીગર/ મજુરનો ફોટો	હથિયાર ધરવતા હોય તો તેની વિગત
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨

:: અમલવારીનો સમય ::

આ હુકમ તા.૧૩/૦૫/૨૦૨૫ કલાક : ૦૦:૦૦ થી તા.૧૧/૦૭/૨૦૨૫ કલાક : ૨૪:૦૦ સુધી બન્ને દિવસો સહીત અમલમાં રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત જીલ્લા(ગ્રામ્ય)માં ફરજ બજાવતા આસિસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :૧૩/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

:: જાહેરનામું ::

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયેનું ::

નં.એમએજી/તહેવાર/વશી.૩૪૪૩ થી ૩૪૭૦/૨૦૨૫.–સુરત ગ્રામ્ય જીલ્લામાં પહલગામ ખાતે થયેલ પ્રવાસીઓ ઉપર થયેલ હુમલાબાદ ભારતીય સેના દ્વારા કરવામાં આવેલ ઓપરેશન સિંદુરની મળેલ સફળતાને વધાવવા/ઉજવણી કરવા સારૂ વિવિધ સંઘઠનો દ્વારા આગમી દિવસોમાં તિરંગા યાત્રા જેવા કાર્યક્રમો યોજવામાં આવે તેવી શક્યતા છે અને સુરત ગ્રામ્ય જીલ્લામાં બનતા ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે. અને આવા હથિયારોથી ગુન્હા બનતા હોવાથી કોઈપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે ઈચ્છનીય છે.

સબબ, હું વિજય રબારી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે નીચેના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું છું.

::પ્રતિબંધિત કૃત્યો::

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, ઘોડા, બંદુક, છરા, લાકડા કે લાકડી, લાઠી, શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઇ પણ સાધન સાથે લઇ જવું નહી

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓનો ફેંકવાના કે ઘકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહીં એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી.

(ઘ) કોઈ શબ, આકૃતિ અથવા પુતળા દેખાડવા નહી.

(ચ) જેનાથી સુરૂચિનો અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા હાવભાવ કરવા નહીં તથા તેવી ચેષ્ટા કરવી નહી તથા તેવા ચિત્રો, પત્રિકા કે પ્લેકાર્ડ અથવા બીજા કોઇ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી નહી બતાવવી નહી અથવા તેનો ફેલાવો કરવો નહી.

(છ) કોઇ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઇ જવી નહી.

(જ) લોકોને અપમાન કરવાના ઈરાદાથી જાહેરમાં બુમો પાડવી નહી, ગીતો ગાવા નહી કે વાદ્ય વગાડવું નહી.

આ હુકમ નીચે દર્શાવેલ વ્યકિત/વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યકિતને કે જેને ઉપરી અધિકારીએ સરકારી ફરજ બજાવવા આવું કોઇ હથિયાર લઇ જવાની આજ્ઞા આપેલ હોય.

(૨) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી સુરત, જિલ્લા પોલીસ વડાશ્રી(રૂરલ), સુરતએ અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે પોલીસ અધિકારીને તથા જેને શારીરીક અશકિતને કારણે લાકડી, લાઠી લઈ જવાની જરૂરીયાત હોય તેવી વ્યકિત/વ્યકિતઓ.

(૩) આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રાને લાગુ પડશે નહી.

-:: વિસ્તાર ::-

"જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લા માટે"

-:: અમલવારીનો સમય ::-

આ હુકમની અમલવારી તા.૧૪/૦૫/૨૦૨૫ થી તા.૨૭/૦૫/૨૦૨૫ સુધી કરવાની રહેશે.

-:: શિક્ષા ::-

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ તથા ભારતના ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજજાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરના ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૩/૦૫/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

:: જાહેરનામું ::

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૩) અન્વયેનું ::

નં.એમએજી/જાહેરનામું/વશી.૩૪૭૧ થી ૩૪૯૮/૨૦૨૫.–સુરત જિલ્લામાં પહલગામ ખાતે થયેલ પ્રવાસીઓ ઉપર થયેલ હુમલાબાદ ભારતીય સેના દ્વારા કરવામાં આવેલ ઓપરેશન સિંદુરની મળેલ સફળતાને વધાવવા/ઉજવણી કરવા સારૂ વિવિધ સંઘઠનો દ્વારા આગમી દિવસોમાં તિરંગા યાત્રા જેવા કાર્યક્રમો યોજવામાં આવે તેવી શક્યતા છે. જેથી કોઈપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી તથા જાહેર સુલેહ શાંતિ અને સલામતિ જળવાઇ રહે તે સારૂ જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લામાં કેટલાક પ્રતિબંધો ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

સબબ, હું વિજય રબારી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

:: પ્રતિબંધિત કૃત્યો ::

જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લામાં પરવાનગી વગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં અને કોઈ પણ જાતની સભા-સરઘર કાઢવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

:: અપવાદ ::

આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રાને લાગુ પડશે નહી.

-:: વિસ્તાર ::-

"જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લા માટે"

-:: અમલવારીનો સમય ::-

આ હુકમની અમલવારી તા.૧૪/૦૫/૨૦૨૫ થી તા.૨૭/૦૫/૨૦૨૫ સુધી કરવાની રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૩) તથા ભારતીય ન્યાય સંહિતા(BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજજાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરના ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

સદરહું જાહેરનામાંને ઉપર બતાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવા સ્થળે ચોંટાડીને તથા લાઉડ સ્પીકર સાથેના વાહનો ધ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપર બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ રોજ તા.૧૩/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યો.

જાહેરનામું

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયેનું ::

નં.એમએજી/ફટાકડા ફોડવા-ડ્રોન પ્રતિબંધ/વશી ૩૫૯૩ થી ૩૬૨૬/૨૦૨૫.-પોલિસ અધિક્ષકશ્રી, સુરત ગ્રામ્યના તા.૧૯/૦૫/૨૦૨૫ના પત્ર થી તાજેતરમાં કાશ્મીરના પહેલગામ ખાતે થયેલ આતંકવાદી હુમલા અન્વયે કરવામાં આવેલ કાર્યવાહી અનુસંધાને ભારતના સરહદી રાજયોમાં હુમલાઓ વિગેરેના સમાચાર ઈલેકટ્રોનિક/પ્રિન્ટ મિડીયાના માધ્યમથી લોકો સુધી પહોંચી રહેલ છે. આવા પ્રસંગે લગ્ન વિગેરેમાં ફોડવામાં આવતા ફટાકડા, રોકેટ વિગેરેને કારણે લોકોમાં ભયનો માહોલ બનવાની અને આ અનુસંધાને કોઈ અફવા ફેલાય તો કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતીને અસર થવાની સંભાવના છે. જેથી લગ્ન, વરઘોડા વિગેરેમાં ફટાકડા ફોડવા ઉપર પ્રતિબંધ ફરમાવતુ તથા અગત્યની સરકારી કચેરીઓ, વાઈટલ ઈન્સ્ટોલેશન સ્થળોની સુરક્ષા કરવાની જવાબદારી પોલીસની છે. UAV (Unmanned Aerial Vehicle) કે જેમાં રીમોટ કંટ્રોલ સંચાલિત કેમેરા લગાડેલા ડ્રોન અથવા એરિયલ મિસાઈલ, હેલીકોપ્ટર, રીમોટ કંટ્રોલ માઈક્રોલાઈટ એરક્રાફ્ટ કે પેરાગ્લાઈડર જેવા સંસાધનોથી દેશ-વિરોધી સંગઠનો, આંતકવાદીઓ અને ભાંગફોડીયા તત્વો ગેરલાભ લઈને સુરત ગ્રામ્ય જિલ્લાની સુરક્ષાને હાની પહોંચાડવાની શકયતા નકારી શકાય નહીં, તેમજ તાજેતરમાં જમ્મુ-કાશ્મીરમાં બનેલ ડ્રોન હુમલાના બનેલ બનાવ તથા આ પ્રકારના સંસાધનોથી અસામાજિક તત્વો સુરત ગ્રામ્ય જિલ્લામાં આંતક ફેલાવી, સુલેહ શાંતિ જોખમાય તેમજ લોકોના જાનમાલને નુકશાન કરે તેવી શક્યતા રહેલી છે. જેથી હાલની યુધ્ધની સ્થિતીને ધ્યાનમાં રાખીને

ડ્રોન ઉડાડવા ઉપર પ્રતિબંધ ફરમાવતુ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા - ૨૦૨૩ની કલમ ૧૬૩ મુજબનું જાહેરનામું આગામી તા.૧૫/૦૫/૨૦૨૫ સુધી અમલમાં રહે તે રીતેનુ બહાર પાડવા દરખાસ્ત કરેલ છે. જે વ્યાજબી જણાય છે.

વાસ્તે, હું વિજય રબારી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લાના વિસ્તારમાં કોઈ પણ સમયે તમામ પ્રકારના ફટાકડા ફોડવા તથા તમામ પ્રકારના ડ્રોન ઉડાડવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું

:: અમલવારીનો સમય ::

આ હુકમ તા.૨૧/૦૫/૨૦૨૫ થી તા.૩૦/૦૫/૨૦૨૫ ના કલાક: ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત જીલ્લા(ગ્રામ્ય)માં ફરજ બજાવતા આસિસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજરોજ તારીખ:-૨૦/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યો છે.

વિજય રબારી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરત.

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૧૬૩ અન્વયે બહાર પાડેલ.

નં.એમએજી/વશી/૯૯૨/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરના પત્ર ક્રમાંક:LIB/જાહેરનામું/૮૮૯/૨૦૨૫, તા.૧૪/૦૫/૨૦૨૫ અન્વયે છોટાઉદેપુર જિલ્લાના હદ વિસ્તારમાં આવેલ અલગ-અલગ ઔદ્યોગિક એકમોમાં અને અન્ય ખાનગી એકમો તરફથી મોટી સંખ્યામાં સંગઠીત શ્રમિકો/કામદારોને રોજગારી આપવામાં આવે છે. અવાર-નવાર ધાડ, લુંટ વિગેરે ગંભીર પ્રકારના બનાવો બનતા હોય છે. ગુજરાત રાજ્ય બહારથી મજૂરો કડીયાકામ, ઈંટોના ભઠ્ઠા, હોટલ-ધાબા, રેસ્ટોરન્ટ, ફેકટરી, કારખાનામા, સોના-ચાંદી દાગીનાના કારીગરો નાનીમોટી ખાણીપીણીની દુકાનો, લારીઓ ઉપર કામ ધંધા રોજગાર મેળવવા અર્થે આવતા હોય છે. અને આ મજૂરો/કારીગરો જે તે સાઈડ (સ્થળ)/હોટલ-ધાબા/રેસ્ટોરન્ટ/ફેક્ટરી/કારખાનામાં રહેતા હોય છે. આ મજૂરો/કારીગરોને જે તે વિસ્તારના કોન્ટ્રાક્ટરો/મુકાદમો/હોટલ-ધાબા/રેસ્ટોરન્ટ/ફેકટરી/કારખાના માલિકો દ્વારા લાવવામાં આવતા હોય છે, જેઓને રોજગારી આપતી વખતે રોજગારી આપનાર સંસ્થા/એકમો તરફથી શ્રમિકો/કામદારોનો કોઈ પૂર્વ ઈતિહાસ અથવા ઓળખ પ્રસ્થાપિત કરવા માટેની પ્રક્રિયા અનુસરવામાં આવતી નથી. જેના કારણે અસામાજિક તત્વો ગુનાહિત ઈતિહાસ ધરાવતી વ્યકિતઓ અને ભારતીય નાગરિકતા નહી ધરાવતી વ્યકિતઓને રોજગારી આપી દેવામાં આવે છે. જે દેશારાજ્યની આંતરિક સુરક્ષા માટે અનિચ્છનિય છે તે ઈસમોને લાવનાર કોન્ટ્રાક્ટરો/મુકાદમો/હોટલ-ધાબા/રેસ્ટોરન્ટ/ફેક્ટરી/કારખાના માલિકો ઉપર ચોકકસ પ્રકારનાં નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

જેથી ઉપરોકત હકીકત ધ્યાને લઈ છોટાઉદેપુર જિલ્લાના કાર્યક્ષેત્રમાં કોઈપણ સંસ્થા/એકમ તરફથી શ્રમિકો/કામદારોને રોજગારી આપવામાં આવે ત્યારે સંસ્થા/એકમો દ્વારા આ શ્રમિકો/કામદારોનો પૂર્વ ઈતિહાસ, નાગરિકતા અને ઓળખ અંગે પોલીસ વેરીફિકેશનની કાર્યવાહી કરવા વ્યવસ્થા ગોઠવવી જરૂરી જણાઈ આવે છે, જેથી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે સારૂ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરની માંગણી અન્વયે હું શૈલેષ ગોકલાણી, GAS, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર માન.જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુરનાઓના હુકમ નં.એમએજી/વશી/૨૯૦૨ થી ૨૯૦૩/૨૦૨૪, તા.૦૬/૦૯/૨૦૨૪ થી મને મળેલ સત્તાની રૂએ આથી નીચે પ્રમાણે હુકમ કરૂ છું.

(૧) કોઈપણ સંસ્થા/એકમ તરફથી શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનાર તમામનાં નામ, સરનામાં / સંપર્ક નંબર સાથેનું સુવાચ્ય રજીસ્ટર તથા રજીસ્ટરમાં પુરૂષ શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનારનો ડાબા હાથનો અંગુઠો અને સ્ત્રી શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનારનો જમણા હાથના અંગુઠાના નિશાન સાથેનું રજીસ્ટર રોજગારી આપનાર કોઈપણ સંસ્થા/એકમે નિયમીતપણે નિભાવવાનું રહેશે.

(૨) દરેક શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનારની સંપૂર્ણ ઓળખ, નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબર તેમજ તેઓના પરિચિત સગા, સબંધીઓના નામ/સરનામા અને ટેલીફોન/મોબાઈલ નંબરની સંપૂર્ણ સુવાચ્ય વિગતો પણ રજીસ્ટરમાં નોંધવાની જવાબદારી જે તે રોજગારી આપનાર કોઈપણ સંસ્થા/એકમના માલીકોએ નિયમિતપણે નિભાવવાની રહેશે.

(૩) દરેક શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનારના ઓળખકાર્ડ (ચુંટણીકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, આધાર કાર્ડ) વિગેરેની ફોટો કોપી જે તે સંસ્થા એકમ ખાતે સુરક્ષિત રાખવાની રહેશે.

(૪) દરેક શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનારના રજીસ્ટર વ્યવસ્થિત બનાવી, તમામની ફોટો ઓળખકાર્ડ (ચુંટણીકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, આધાર કાર્ડ) સહિતની યાદી રોજગારી આપનાર કોઈપણ સંસ્થા/એકમે સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે અચુક આપવાની રહેશે.

(૫) કામે રાખેલ શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનાર પૈકી છુટા થાય તો તેની વિગત તથા નવા ઉમેરાયેલા નામોની યાદી ફોટો ઓળખકાર્ડ (ચુંટણીકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, આધાર કાર્ડ) સહિત તુરંત જ જિલ્લા શ્રમ અધિકારીશ્રી, છોટાઉદેપુરને તથા જે તે વિસ્તારના નજીકના પોલીસ સ્ટેશનને પુરી પાડવાની રહેશે.

(૬) કોઈપણ લેબર કોન્ટ્રાક્ટરો નોંધણી કરાવ્યા સિવાય ઔદ્યોગિક એકમોને શ્રમિકો/કામદારો/રોજગારી પુરા પાડી શકશે નહીં, તેવી જ રીતે ઔદ્યોગિક એકમ પણ નોંધણી સિવાયના લેબર કોન્ટ્રાક્ટરોથી શ્રમિકો/કામદારો/રોજગારી મેળવી શકશે નહી.

// અમલવારીનો વિસ્તાર //

જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુરના હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

// અમલવારીનો સમય //

સદરહુ જાહેરનામું તા.૧૬/૦૫/૨૦૨૫ થી તા.૧૫/૦૭/૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત)

// સજા //

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ઈસમ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તા.૧૭/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જાહેરનામુ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે બહાર પાડેલ.

નં.એમએજી/વશી/૯૫૪/૨૦૨૫.-હાલની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લેતાં, અમુક વ્યક્તિઓ, વેપારીઓ અને સંસ્થાઓ દ્વારા છોટાઉદેપુર જીલ્લામાં પેટ્રોલ, ડીઝલ અને અન્ય દૈનિક જરૂરિયાતો સહિત આવશ્યક ખાદ્યચીજો અને ઈંધણના સંગ્રહખોરી અને અનધિકૃત સંગ્રહ કરવામાં છે. જેના કારણે આવશ્યક ચીજવસ્તુઓની કૃત્રિમ અછત ઉભી થાય છે અને એટલી મોંઘવારી વધે છે. સામાન્ય જનતાને આવશ્યક ખાદ્ય ચીજવસ્તુઓ માટે તકલીફ પડે છે અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ બગડે છે. આવી પ્રવૃત્તિઓની જો તાત્કાલિક તપાસ ન કરવામાં આવે તો, સામાન્ય જનજીવનને મુશ્કેલી પહોંચાડે છે.જેના કારણે જાહેર સુલેહશાંતિનો ભંગ થાય છે. આમ, જાહેર-વ્યવસ્થા ન ખોરવાય તે માટે સમગ્ર છોટાઉદેપુર જિલ્લામાં સંગ્રહખોરી કરવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું શૈલેષ ગોકલાણી (GAS) નિવાસી અધિક કલેકટર અને અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર, આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, ૧૯૫૫ અને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા- ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ સમગ્ર છોટાઉદેપુર જીલ્લામાં નીચે મુજબનો હુકમ કરુ છું.

૧. કોઈપણ વ્યક્તિ, વેપારીઓ, જથ્થાબંધ વેપારી, છૂટક વિક્રેતાઓ અથવા વ્યાપારી સંસ્થાઓ આવશ્યક ચીજવસ્તુઓ, ચોખા, ઘઉ, કઠોળ, ખાંડ, ખાદ્ય તેલ, શાકભાજી, દૂધની બનાવટો, દવાઓ, પેટ્રોલ અને ડીઝલ સહિતની ઈંધણ સહિતની ખાદ્ય ચીજવસ્તુઓના સંગ્રહ અથવા સંગ્રહખોરીમાં સામેલ થશે નહી.

૨. તમામ વેપારીઓ અને સ્ટોકિસ્ટોએ તેમના વર્તમાન સ્ટોક જિલ્લા પુરવઠા અધિકારી, છોટાઉદેપુરને જાહેર કરવાના રહેશે.

૩. નાગરિકો સંગ્રહખોરી, બ્લેક માર્કેટિંગ અથવા ભાવમાં ચાલાકીની કોઈપણ ઘટનાની જાણ જિલ્લા પુરવઠા અધિકારી, છોટાઉદેપુરને કરી શકે છે. (આવશ્યક ચીજવસ્તુઓ/પેટ્રોલ/ડીઝલાવગેરે માટે).

// વિસ્તાર//

સમગ્ર છોટાઉદેપુર જીલ્લો અથવા જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી,છોટાઉદેપુરની હુકમતનો સમગ્ર વિસ્તાર

// સમયગાળો //

આ જાહેરનામું તા.૧૦/૦૫/૨૦૨૫ થી તા.૦૯/૦૭/૨૦૨૫ સુધી(બન્ને દિવસો માટે) અમલમાં રહેશે.

// સજા //

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ઈસમ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે. આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તા.10/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

શૈલેષ ગોકલાણી (GAS),
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
છોટાઉદેપુર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું. ::

ક્રમાંક:ફજદ/જાહેરનામું/વશી-૧૨૯૩ થી ૧૩૨૨/૨૦૨૫.– પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ-આહવાના પત્ર નં. એલઆઈબી/ફટાકડા-ડ્રોન ઉ. પ્રતિ.જાહે./૧૦૮૩/૨૦૨૫, તા.૨૩/૦૫/૨૦૨૫ મુજબ હાલની પરિસ્થિતિને ધ્યાને લઈ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ સુલેહ શાંતિનો ભંગ ન થાય તે માટે સમગ્ર ડાંગ જિલ્લામાં મોટા અવાજવાળા ફટાકડા ફોડવા તથા ડ્રોન ઉડાડવા ઉપર પ્રતિબંધ ફરમાવવા માટે દરખાસ્ત થઈ આવેલ છે.

વાસ્તે હું, એસ. ડી. તબિયાર (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ સમગ્ર ડાંગ જિલ્લાના વિસ્તારમાં મોટા અવાજવાળા ફટાકડા ફોડવા અને ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ ફરમાવું છું.

:: પ્રતિબંધિત સમય ::

આ હુકમ તા.૨૮/૦૫/૨૦૨૫ થી તા.૧૧/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

:: વિસ્તાર::

સમગ્ર ડાંગ જિલ્લો

:: શિક્ષા::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા માટે ડાંગ જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષકશ્રી થી હેડ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે. ઉપરોકત મુજબનુ કૃત્ય કરનારા ઈસમો સામે ઉપર મુજબનો કોઈ પણ સામાન પોલીસ તપાસ અર્થે કબજે લઈ શકશે.

આજ તા.૨૮/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કા હેઠળ હુકમ કર્યો.

જાહેરનામું

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું. ::

નં.જે.એમએજી/ડ્રોન ફટાકડા/પ્રતિબંધ/વશી-૧૧૬૨ થી ૧૧૯૧/૨૦૨૫.–પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ-આહવાના પત્ર નં. એલઆઈબી/ફટાકડા-ડ્રોન ઉ. પ્રતિ.જાહે./૯૭૮/૨૦૨૫, તા.૦૯/૦૫/૨૦૨૫ મુજબ હાલમાં દેશમાં યુધ્ધનો માહોલ ચાલી રહેલ હોઈ, જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ સુલેહ શાંતિનો ભંગ ન થાય તે માટે ડાંગ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તમામ પ્રકારના ડ્રોન ઉડાડવા પર તેમજ તમામ પ્રકારના ફટાકડા ફોડવા પર પ્રતિબંધ ફરમાવવા માટે દરખાસ્ત થઈ આવેલ છે.

વાસ્તે હું, એસ. ડી. તબિયાર(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ સમગ્ર ડાંગ જિલ્લાના વિસ્તારમાં તમામ પ્રકારના ડ્રોન ઉડાડવા પર અને ફટાકડા ફોડવા પર પ્રતિબંધ ફરમાવું છું.

:: પ્રતિબંધિત સમય ::

આ હુકમ તા.૦૯/૦૫/૨૦૨૫ થી તા.૨૪/૦૫/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

:: વિસ્તાર::

સમગ્ર ડાંગ જિલ્લો

:: શિક્ષા::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા માટે ડાંગ જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષકશ્રી થી હેડ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે. ઉપરોકત મુજબનુ કૃત્ય કરનારા ઈસમો સામે ઉપર મુજબનો કોઈ પણ સામાન પોલીસ તપાસ અર્થે કબજે લઈ શકશે.

આજ તા.૦૯/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કા હેઠળ હુકમ કર્યો.

જાહેરનામું

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું. ::

નં.જે.એમએજી/ડ્રોન ફટાકડા/પ્રતિબંધ/વશી-૧૧૯૨ થી ૧૨૨૨/૨૦૨૫.– પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ આહવાના પત્ર ક્રમાંક:નં.LIB/શ્રમિક-કામ.પો.વેરી./૧૦૦૦/૨૦૨૫, તા.૧૨/૦૫/૨૦૨૫ના પત્રથી જીલ્લામાં આવેલ અલગ અલગ એકમો, ખાનગી એકમો, કોન્ટ્રાકટરો, ઈંટનાં ભઠ્ઠા તથા તમામ પ્રકારના ધંધા રોજગાર ધરાવતા એકમો તરફથી અસંગઠિત શ્રમિકો /કામદારોને રોજગારી આપવામાં આવે છે. રોજગારી આપતી વખતે રોજગારી આપનાર સંસ્થા/એકમો/માલિકો તરફથી શ્રમિકો/કામદારોના કોઈ પૂર્વ ઈતિહાસ અથવા ઓળખ પ્રસ્થાપિત કરવા માટેની પ્રક્રિયા અપનાવવામાં આવતી ન હોવાના કારણે અસામાજીક તત્વો, ગુનાહિત ઈતિહાસ ધરાવતી વ્યકિતઓ અને ભારતીય નાગરિકતા નહિ ધરાવતી વ્યકિતઓને રોજગારી આપી દેવામાં આવે છે. જે આપણા દેશ અને રાજયની આંતરિક સુરક્ષા માટે યોગ્ય નથી.

જેથી જીલ્લામાં આવેલ અલગ અલગ એકમો, ખાનગી એકમો, કોન્ટ્રાકટરો, ઈંટનાં ભઠ્ઠા તથા તમામ પ્રકારનાં ધંધા રોજગાર ધરાવતા એકમો તરફથી અસંગઠિત શ્રમિકો/કામદારોને રોજગારી આપવામાં આવે ત્યારે દરેક શ્રમિકો/કામદારોની સાચી ઓળખ પ્રસ્થાપિત થાય તેવા તમામ જરૂરી ડોક્યુમેન્ટો તથા તેમના વતનમાં નજીકનાં સગા-સબંધીના નામ સરનામાં અને સંપર્ક નંબરની સાચી વિગત જે તે સંસ્થા/એકમો/માલિકો દ્વારા નજીકનાં સબંધિત પોલીસ સ્ટેશનોમાં ફરજિયાત જમા કરાવવા ફરજ પાડતુ જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું, એસ. ડી. તબિયાર (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રુએ હુકમ કરૂં છું કે, ડાંગ જિલ્લામાં આવેલ અલગ અલગ એકમો, ખાનગી એકમો, કોન્ટ્રાકટરો, ઈંટનાં ભઠ્ઠા તથા તમામ પ્રકારનાં ધંધા રોજગાર ધરાવતા એકમો તરફથી અસંગઠિત શ્રમિકો /કામદારોને રોજગારી આપવામાં આવે ત્યારે દરેક શ્રમિકો/કામદારોની સાચી ઓળખ પ્રસ્થાપિત થાય તેવા તમામ જરૂરી ડોક્યુમેન્ટો તથા તેમના વતનમાં નજીકનાં સગા-સબંધીના નામ સરનામાં અને સંપર્ક નંબરની સાચી વિગત જે તે સંસ્થા/એકમો/માલિકો દ્વારા નજીકનાં સબંધિત પોલીસ સ્ટેશનોમાં ફરજિયાત જમા કરાવવાના રહેશે.

::અમલવારીનો સમય::

આ હુકમ તા.૧૩/૦૫/૨૦૨૫ના ક.૦૦/૦૦ થી તા.૧૧/૦૭/૨૦૨૫ ક.૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

::વિસ્તાર::

સમગ્ર ડાંગ જિલ્લો

:: શિક્ષા ::

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લઘન કરવા બદલ ફરિયાદ માંડવા ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૭/૦૫/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી સિક્કો કરી આપેલ છે.

એસ. ડી. તબિયાર,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ડાંગ-આહવા,

વંચાણમાં લીધું:-

(૧) પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના તા.૦૯/૦૫/૨૦૨૫ના પત્ર ક્રમાંક:એલ.આઈ.બી./NO ડ્રોન ફલાય/જાહેરનામું/૩૬૪૯/૨૦૨૫.

(૨) પોલીસ ઈન્સ્પેકટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના તા.૦૯/૦૫/૨૦૨૫ના પત્ર ક્રમાંક: એલ.આઈ.બી./ફટાકડા પ્રતિબંધ/જાહેરનામું/૩૬૫૦/૨૦૨૫.

જાહેરનામું:-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)ની કલમ-૧૬૩ હેઠળનું.

નં.ડીસી/એમએજી/જાહેરનામું/NO ડ્રોન લાય-ફટાકડા પ્રતિબંધ/એસ.આર.૮૫/૨૦૨૫.–આમુખ-(૧) અને આમુખ-(૨) ના પોલીસ ઈન્સ્પેકટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના તા.૦૯/૦૫/૨૦૨૫ ના પત્રથી હાલના ભારત-પાકિસ્તાન યુદ્ધ માહોલ જેવી સ્થિતિમા સુરક્ષા સંબંધિત સંવેદનશીલ પરિસ્થિતિને ધ્યાને લેતા અમદાવાદ ગ્રામ્ય વિસ્તારોમાં તેમજ જાહેર સમારંભ દરમિયાન અજાણ્યા ડ્રોન ઉડાન દ્વારા વિઘ્ન સર્જાવાનો ખતરો છે, જેને કારણે આતંકવાદી પ્રવૃત્તિઓ કે ગેરકાયદેસર નિરીક્ષણ જેવી પ્રવૃત્તિ થઈ શકે છે. જેથી ડ્રોન દ્વારા ફોટોગ્રાફી, વિડિઓ રેકોર્ડિંગ જેવી પ્રવૃત્તિઓથી જાહેર સ્થળો તથા વ્યકિતગત ગોપનીયતાની ભંગ થઈ શકે તેમ છે. જેથી અગામી દીવસો માટે કાયદો અને વ્યવસ્થાની જાણવણી માટે તા.૧૦/૦૫/૨૦૨૫ થી તા.૧૫/૦૫/૨૦૨૫ સુધીના સમયગાળા માટે સમગ્ર અમદાવાદ ગ્રામ્ય (પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદની હકુમત સિવાયના) સમગ્ર જીલ્લામાં "NO DRONE FLYING ZONE " તેમજ તમામ પ્રકારના ફટાકડા ફોડવા પર પ્રતિબંધ ફરમાવવા માટે દરખાસ્ત થઈ આવેલ છે. આમ, હાલની યુધ્ધની પરિસ્થિતી ધ્યાને લેતાં લોકોમાં કોઇ પણ રીતે ભય ન ફેલાય અને કોઇ પણ પ્રકાર રીતે જાહેર-વ્યવસ્થા ન ખોરવાય તે માટે અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં તમામ પ્રકારના ડ્રોન ઉડાડવા કે ફટાકડા ફોડવા પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

આથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ની કલમ-૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ (અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટની હકુમત સિવાયના) અમદાવાદ જિલ્લા ગ્રામ્ય પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદની હકુમત સિવાયના સમગ્ર વિસ્તારમાં તમામ પ્રકારના ડ્રોન ઉડાડવા પર અને ફટાકડા ફોડવા પર પ્રતિબંધ ફરમાવું છું.

-:: સમયગાળો ::-

આ જાહેરનામું તા.૧૦/૦૫/૨૦૨૫ ના સવારના ૦૦:૦૦ કલાક થી તા.૧૫/૦૫/૨૦૨૫ના ૨૪:૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

-:: શિક્ષા ::-

આ જાહેરનામાંનો કોઈ પણ ખંડનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતા વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીના દરજ્જાથી પોલીસ હેડ કોન્સ્ટેબલ સુધીના હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રી / કર્મચારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામા આવે છે.

આજ રોજ તા.૦૯/૦૫/૨૦૨૫ના રોજ સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ માટે બહાર પાડવામાં આવેલ છે.

વંચાણે લીધું:-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અમદાવાદ (ગ્રામ્ય)ની કચેરીના પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના પત્ર ક્રમાંક:એલ.આઈ.બી./CUET (UG)-025/પરીક્ષા જાહેરનામુ/૩૬૬૫/૨૦૨૫, તા.૦૯/૦૫/૨૦૨૫

જાહેરનામું:-

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે.

નં.ડીસી/એમએજી/જાહેરનામું/પરીક્ષા/એસ.આર. ૮૬/૨૦૨૫.—આમુખ-(૧) ના પોલીસ ઈન્સ્પેક્ટશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના તા.૦૯/૦૫/૨૦૨૫ના પત્રથી જણાવ્યા મુજબ, રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી નવી દિલ્હી દ્વારા આગામી તા.૧૩/૦૫/૨૦૨૫ થી તા.૦૩/૦૬/૨૦૨૫ (કલાક ૯/૦૦ થી ૧૨/૦૦ તથા કલાક ૧૫/૦૦ થી ૧૮/૦૦) દરમ્યાન CUET (UG)-2025 પરીક્ષા અત્રેના અમદાવાદ ગ્રામ્ય જીલ્લાના બોપલ પો.સ્ટે.ની હદમાં આવેલ ION Digital Zone IDZ Bopal હોલમાર્ક ઈન્ફોટેક, તુલીપ ઈન્ટરનેશનલ સ્કુલ સામે, સ્ટરલીંગ સીટી બોપલ ખાતે યોજાનાર છે. આ પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રની આસપાસના વિસ્તારમાં સુલેહ શાંતિ જળવાઈ રહે અને પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી શાંત અને સૌહાદપુર્ણ વાતાવરણમાં ગેરરીતી કર્યા વગર તેમજ કોઈપણ પ્રકારના પ્રલોભનથી દોરવાયા વગર પરીક્ષા આપી શકે તે માટે પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરની હદ સિવાયના ભોપલ પો.સ્ટે.ની હદમાં આવેલ ઉક્ત પરીક્ષા કેન્દ્રની આજુબાજુના ૨૦૦ મીટરની ત્રીજ્યાના વિસ્તારમાં આવેલ સાયબર કાફે, ફોટોકોપી, પ્રિન્ટીંગની દુકાનો બંધ રાખવા, પરીક્ષા સ્થળોની આજુબાજુ મોટા મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા ઉપર તથા સક્ષમ અધિકારી સિવાયના તમામ માટે મોબાઈલ અને અન્ય ઈલેકટ્રોનીક મિડીયા / વિજાણું ઉપકરણ લઈ જવા પર પ્રતિબંધ ફરમાવવા તેમજ પરીક્ષા કેન્દ્રની આજુબાજુના ૧૦૦ મીટરની ત્રીજયાના વિસ્તારને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરી નીચે મુજબના કૃત્યો કરવાનો પ્રતિબંધ ફરમાવવાનું પ્રવર્તમાન સંજોગોમાં આવશ્યક જણાય છે.

આથી હું બી. આર. સાગર, અધિક જિલલા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩થી મને મળેલ અધિકારની રૂઈએ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરની હદ સિવાયના સમગ્ર અમદાવાદ જીલ્લાના મહેસુલી વિસ્તારમાં નીચેના કૃત્યો કરવાનો પ્રતિબંધ ફરમાવુ છું.

પ્રતિબંધિત વિસ્તાર:

(૧) પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ ૧૦૦ મીટરની ત્રીજ્યામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ/વિસ્તાર

(૨) સાયબર કાફે, ફોટોકોપી, પ્રિન્ટીંગની દુકાન માટે પરીક્ષા કેન્દ્રની ચોતરફ ૨૦૦ મીટરની ત્રીજ્યાનો વિસ્તાર

પ્રતિબંધિત કૃત્યો:

(૧) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સંબધિત કામગીરીમાં રોકાયેલા ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈપણ બિનધિકૃત માણસોએ પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવા ઉપર

(૨) પરીક્ષા સ્થળે ઈલેક્ટ્રોનીક આઈટમ જેવી કે મોબાઈલ ફોન, પેજર, ઈલેક્ટ્રીક ડાયરી, સ્માર્ટ વોચ, ઈયરફોન કે અન્ય ઈલેકટ્રોનીક ઉપકરણો લઈ દાખલ થવા ઉપર

(૩) પરીક્ષાર્થીઓની શાંતી અને લેખનકાર્યમાં અડચણ, વિશેષ ધ્યાનભંગ થાય તેવું કોઈપણ કૃત્ય કરવા/કરાવવા ઉપર

(૪) પરીક્ષા સ્થળે ચોરી કરવા/કરાવવાના હેતુથી પુસ્તક, કાપલીઓ, નકલો લઈ જવા ઉપર

(૫) પ્રતિબંધીત વિસ્તારમાં આવેલ નકલ કરવાના કેન્દ્રો/દુકાનો પર ફોટોકોપી/પ્રિન્ટીંગ મશીન, ફેક્સ મશીન પરીક્ષા સમયે ચાલુ કરવા/કરાવવા ઉપર

(૬) પરીક્ષા સ્થળે કોઈપણ પ્રકારનું હથિયાર લઈ દાખલ થવા ઉપર

(૭) પરીક્ષા સ્થળની આરસપાસના પ્રતિબંધીત વિસ્તારમાં આવેલ પાનબીડીના ગલ્લા તથા ચા-પાણીના કેન્દ્રો પરીક્ષા સમય દરમ્યાન ચાલુ કરવા/કરાવવા ઉપર

(૮) પ્રતિબંધીત વિસ્તારમાં ચર કે તેથી વધુ માણસોએ એકઠા થવા ઉપર

(૯) પ્રતિબંધીત વિસ્તારમાં જાહેર વાહન વ્યવહાર અવરોધાય તે રીતે વાહનો ઉભા રાખવા કે પાર્ક કરવા/કરાવવા ઉપર

(૧૦) પરીક્ષા સ્થળો પર ગેરરીતી થાય તેવું કોઈપણ સાધન અથવા વસ્તુ લઈ જવા પર પ્રતિબંધ ફરમાવવા

(૧૧) પરીક્ષા સ્થળની આજુબાજુ મોટા મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ ફરમાવવા

અપવાદ

આ હુકમ ફરજ પરના પોલીસદળ / હોમગાર્ડના કર્મચારીઓ / અધિકારીઓ તથા પરીક્ષાના અનુસંધાને ફરજ ઉપર બોલાવેલ કર્મચારી / અધિકારીશ્રીઓને લાગુ પડશે નહી.

સમયગાળો

આ હુકમ નીચે મુજબની તારીખ માટે જણાવેલ પ્રતિબંધિત સમયગાળા સુધી અમલમાં રહેશે.

તારીખ	પ્રતિબંધિત સમયગાળા
તા.૧૩/૦૫/૨૦૨૫ થી તા.૦૩/૦૬/૨૦૨૫	શિફ્ટ ૧: સવારના ૦૯:૦૦ થી બપોરના ૧૨:૦૦ કલાક શિફ્ટ ૨: બપોરના ૦૩:૦૦ થી સાંજના ૬:૦૦ કલાક

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજવતાં પોલીસ અધિક્ષકશ્રીનાં દરજજાથી પોલીસ સબ ઈન્સપેકટર સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ -૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૨/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

-:જાહેરનામું:-

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે.

નં.ડીસી/પીઓએલ/એમએજી/શસ્ત્રો/હથિયાર/એસ.આર.-૮૮/૨૦૨૫.–આગામી દિવસોમાં આવનાર તહેવારોને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો ગુજરાત પોલીસ અધિનિયમ-૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદૂક, ખંજર, અસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળું પડતું હોય તેવું ચપ્પુ ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું અણીવાળું ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી, લાઠી અથવા શારીરિક નુકશાન પહોંચાડવાના ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(૨) કોઈપણ રીતે શરીરને હાનીકારક એવી કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું,

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(૪) સળગતી મશાલ અથવા પેટાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(૫) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવાની

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાદ્ય વગાડવાની

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓનો અભિપ્રાય પ્રમાણે સુરૂચી અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વગેરે કરવાની અને તે ચિત્રો, નિશાનીઓ વગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

-:વિસ્તાર:-

અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર

-:અપવાદ:-

આ હુકમનો નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરો અથવા કામગીરીમાં હોય તેમજ ઉપરી અધિકારીશ્રીએ આવા કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિ. સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહિ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવી. મેજિસ્ટ્રેટશ્રી, એક્ઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, પોલીસ અધિક્ષકશ્રી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલી હોય તે વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

આ જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સપેક્ટર સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા.૨૦/૦૫/૨૦૨૫ ના કલાક ૦૦.૦૦ થી તા.૦૩/૦૬/૨૦૨૫ ના કલાક ૨૪.૦૦ સુધી (બંન્ને દિવસો સહિત) ૧૫ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા.૧૬/૦૩/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

-:જાહેરનામું:-

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે.

નં.ડીસી/પીઓએલ/એમએજી/સભા-સરઘસ/એસ.આર.-૮૯/૨૦૨૫.—આગામી દિવસોમાં આવનાર તહેવારોને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની જાણવણી માટે હું બી. આર. સાગર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો ગુજરાત પોલીસ અધિનિયમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તા.૨૦/૦૫/૨૦૨૫ ના કલાક ૦૦.૦૦ થી તા.૦૩/૦૬/૨૦૨૫ ના કલાક ૨૪.૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહિ અગર કોઈ સભા કરવી કે બોલાવવી નહી તેમજ કોઈ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર:- અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર

ખુલાસો:- આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફુટપાથ, ગલીઓ તથા પેટા ગલીઓનો સમાવેશ પણ થાય છે.

અપવાદ:- આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેવી ફરજ ઉપર હોય અથવા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજુરી મેળવી હોય તેવા સભા સરઘસોને લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સપેક્ટર સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા.૨૦/૦૫/૨૦૨૫ ના કલાક ૦૦.૦૦ થી તા.૦૩/૦૬/૨૦૨૫ ના કલાક ૨૪.૦૦ સુધી (બંન્ને દિવસો સહિત) ૧૫ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા.૧૬/૦૩/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

વંચાણમાં લીધું:-

(૧) પોલીસ ઈન્સ્પેકટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના તા.૧૬/૦૫/૨૦૨૫ના પત્ર ક્રમાંક : એલ.આઈ.બી./પ્રોટ/નો ફલાય ઝોન/૩૮૧૩ /૨૦૨૫

જાહેરનામું:-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)ની કલમ-૧૬૩ અન્વયેનો.

નં.ડીસી/એમએજી/જાહેરનામું/નો ડ્રોન ફલાય ઝોન/એસ.આર.૯૦/૨૦૨૫.—આમુખ-(૧) ના પોલીસ ઈન્સ્પેકટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના તા.૧૬/૦૫/૨૦૨૫ ના પત્રથી ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી નાઓ તા.૧૭/૦૫/૨૦૨૫ ના રોજ અમદાવાદ ગ્રામ્ય જિલ્લાના બોપલ પોલીસ સ્ટેશનની હદના લપકામણ ગામ, જી.અમદાવાદ ખાતે ત્રીરંગા યાત્રા, બાઈક રેલીના કાર્યક્રમમાં પધારનાર છે.

જેથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ તા.૧૭/૦૫/૨૦૨૫ ના રોજ સવારના કલાક ૦૬:૩૦ થી કલાક ૧૪:૦૦ સુધી બોપલ પો.સ્ટે.ની હદના કાર્યક્રમવાળી જગ્યા તથા તેની ચારેય બાજુના બે કિલોમીટરના એરીયા વિસ્તારને "NO DRONE FLYING ZONE" તરીકે જાહેર કરવા સબંધિત એરપોર્ટ ઓથોરીટી તરફ જરુરી સુચના આપવા વિનંતી કરેલ છે.

આથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ની કલમ-૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ સમયે તથા સ્થળને "NO DRONE FLYING ZONE" જાહેર કરૂ છું. જે દરમ્યાનમાં રીમોટ કંટ્રોલથી ચલાવવામાં આવતા ડ્રોન (DRONE), કવાડ કોપ્ટર (QUADCOPTER), પાવર્ડ એરક્રાફટ (POWERED AIRCRAFT) તેમજ માનવ સંચાલિત માઈક્રો લાઈટ એરક્રાફટ (MICROLIGHT AIRCRAFT), હેંગ ગ્લાઈડર / પેરાગ્લાઈડર (HANG GLIDER / PARA GLIDER), પેરા મોટર (PARAMOTOR), તેમજ હોટ એર બલુન (HOT AIR BALLOONS) તથા પેરા જમ્પીંગ (PARA JUMPING) ચલાવવાની / કરવાની મનાઈ ફરમાવુ છું.

-:: અપવાદ ::-

પોલીસ વિભાગ અને સુરક્ષાબળો ધ્વારા ઉપરોક્ત સંસાધનોના ઉપયોગ કરવા આ જાહેરનામામાંથી મુક્તિ આપું છું.

-:: વિસ્તાર ::-

બોપલ પો.સ્ટેની હદના ઉપરોકત કાર્યક્રમવાળી જગ્યા તથા તેની ચારેય બાજુના બે કિલોમીટરના એરીયા વિસ્તાર.

-:: સમયગાળો ::-

આ જાહેરનામુ તા.૧૭/૦૫/૨૦૨૫ ના સવારના ૦૬:૩૦ કલાક થી ૧૪:૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

-:: શિક્ષા ::-

આ જાહેરનામાંનો કોઈ પણ ખંડનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતા વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીના દરજ્જાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીના હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રી / કર્મચારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામા આવે છે.

આજ રોજ તા.૧૬/૦૫/૨૦૨૫ ના રોજ સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ માટે બહાર પાડવામાં આવેલ છે.

વંચાણમાં લીધું:-

(૧) પોલીસ ઈન્સ્પેકટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના તા.૧૭/૦૫/૨૦૨૫ના પત્ર ક્રમાંક : એલ.આઈ.બી./પ્રોટ/નો ફલાય ઝોન/૩૮૩૮ /૨૦૨૫.

જાહેરનામું:-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)ની કલમ-૧૬૩ અન્વયેનો.

નં.ડીસી/એમએજી/જાહેરનામું/નો ડ્રોન ફલાય ઝોન/એસ.આર.૯૧/૨૦૨૫.–આમુખ-(૧) ના પોલીસ ઈન્સ્પેકટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના તા.૧૭/૦૫/૨૦૨૫ ના પત્ર ક્રમાંક : એલ.આઈ.બી./પ્રોટ/નો ફલાય ઝોન/૩૮૩૮/૨૦૨૫ થી માન. અમીતભાઈ શાહ કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકાર મંત્રી શ્રી નાઓ તા.૧૮/૦૫/૨૦૨૫ ના રોજ કલાક ૧૪/૩૦ થી ૧૭/૦૦ વાગે હેલીકોપ્ટર મારફતે અત્રેના સાણંદ ટાઉન તેમજ સાણંદ જી.આઈ.ડી.સી પો. સ્ટે. વિસ્તારમાં ત્રિરંગા યાત્રા અનુસંધાને પધારનાર છે તેમજ કાર્યક્રમ પુર્ણ કરી પરત જનાર છે.

જેથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ તા.૧૮/૦૫/૨૦૨૫ ના રોજ સવારના કલાક ૦૬:૩૦ થી કલાક ૧૯:૦૦ સુધી સાણંદ ટાઉન તેમજ સાણંદ જી.આઈ.ડી.સી પો. સ્ટે.ની હદના ઉપરોક્ત જણાવેલ કાર્યક્રમવાળી જગ્યા તથા તેની ચારેય બાજુના બે કિલોમીટરના એરીયા વિસ્તારને "NO DRONE FLYING ZONE" તરીકે જાહેર કરવા સબંધિત એરપોર્ટ ઓથોરીટી તરફ જરુરી સુચના આપવા વિનંતી કરેલ છે.

આથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ની કલમ-૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ સમયે તથા સ્થળને "NO DRONE FLYING ZONE" જાહેર કરૂ છું. જે દરમ્યાનમાં રીમોટ કંટ્રોલથી ચલાવવામાં આવતા ડ્રોન (DRONE), કવાડ કોપ્ટર (QUADCOPTER), પાવર્ડ એરક્રાફટ (POWERED AIRCRAFT) તેમજ માનવ સંચાલિત માઈક્રો લાઈટ એરક્રાફટ (MICROLIGHT AIRCRAFT), હેંગ ગ્લાઈડર / પેરાગ્લાઈડર (HANG GLIDER / PARA GLIDER), પેરા મોટર (PARAMOTOR), તેમજ હોટ એર બલુન (HOT AIR BALLOONS) તથા પેરા જમ્પીંગ (PARA JUMPING) ચલાવવાની / કરવાની મનાઈ ફરમાવુ છું.

-:: અપવાદ ::-

પોલીસ વિભાગ અને સુરક્ષાબળો ધ્વારા ઉપરોક્ત સંસાધનોના ઉપયોગ કરવા આ જાહેરનામામાંથી મુક્તિ આપું છું.

-:: વિસ્તાર ::-

સાણંદ ટાઉન તેમજ સાણંદ જી.આઈ.ડી.સી પો.સ્ટે. ની હદના ઉપરોકત કાર્યક્રમવાળી જગ્યા તથા તેની ચારેય બાજુના બે કિલોમીટરના એરીયા વિસ્તાર.

-:: સમયગાળો ::-

આ જાહેરનામુ તા.૧૮/૦૫/૨૦૨૫ ના સવારના ૦૬/૦૦ કલાક થી ૧૯/૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

-:: શિક્ષા ::-

આ જાહેરનામાંનો કોઈ પણ ખંડનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતા વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીના દરજ્જાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીના હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રી / કર્મચારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામા આવે છે.

આજ રોજ તા.૧૭/૦૫/૨૦૨૫ ના રોજ સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ માટે બહાર પાડવામાં આવેલ છે.

વંચાણ :-

૧. ચીફ ઓફિસરશ્રી, વિરમગામ નગરપાલિકા ના તા.૧૨/૦૮/૨૦૨૪ ના પત્ર No.VRGNP/0040/08/2024

૨. પોલીસ અધિક્ષકશ્રી, અમદાવાદ (ગ્રામ્ય), અમદાવાદ નો તા.૨૧/૦૯/૨૦૨૪ નો પત્ર ક્રમાંક : એલ.આઈ.બી./ભારેવાહન/જાહેરનામું/ અભિપ્રાય /૩૮૧૩/૨૦૨૪

૩. અત્રેની કચેરીના તા.૧૪/૧૦/૨૦૨૪ ના પત્ર ક્રમાંક. નં.ડીસી/એમએજી/વિરમગામ સીટી વિસ્તાર/ભારે વાહન પ્રતિબંધ/જાહેરનામું/મુક્તિ/ એસ. આર.નં.૧૦૦/૨૦૨૪

૪. અત્રેની કચેરીના તા.૦૨/૦૧/૨૦૨૫ ના પત્ર ક્રમાંક. નં.ડીસી/એમએજી/વિરમગામ સીટી વિસ્તાર/ભારે વાહન પ્રતિબંધ/જાહેરનામું/મુક્તિ/ એસ. આર.નં.૦૨/૨૦૨૫

હુકમ :-

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનો.

નં.ડીસી/એમએજી/વિરમગામ સીટી વિસ્તાર/ભારે વાહન પ્રતિબંધ/જાહેરનામું/એસ.આર.નં.૯૨/૨૦૨૫.–આમુખ-૧ ની વિગતે વિરમગામ નગરપાલિકાના સામાન્ય સભા ઠરાવ નં-૧૩, તા.૧૨/૦૭/૨૦૨૪ થી શહેરના સીટી વિસ્તારોમાં ભારે વાહનોના પ્રતિબંધ માટે દરખાસ્ત કરવા ઠરાવેલ છે. શહેરના સીટી વિસ્તારમાં ટ્રાફિક તેમજ અકસ્માત બનાવો ન બને તે માટે નગરપાલિકાના ઠરાવ અનુસાર જાહેરનામુ પ્રસિધ્ધ કરવા જણાવેલ છે.

આમુખ-૨ થી પોલીસ અધિક્ષકશ્રી, અમદાવાદ (ગ્રામ્ય), અમદાવાદ દ્વારા વિરમગામ સીટીના (૧) રૈયાપુર ત્રણ રસ્તાથી, ભરવાડી દરવાજા, વિરમગામ કોર્ટ, બાબા સાહેબ આંબેડકર રેલવે ઓવરબ્રિજ થઈ પંચમુખી સર્કલ સુધી તથા (૨) ગંગાનગર ત્રણ રસ્તા, રાજીવનગર બાય પાસ, મુનસર થઈ તાલુકા સેવા સદન સુધી તથા (૩) નગરપાલિકા કચેરી, ગોલવાડી દરવાજા થઈ ભરવાડી દરવાજા સુધી તથા (૪) ગોલવાડી દરવાજા થી રેલવે સ્ટેશન સુધી તથા (૫) માંડલ ભજીયા (દિનેશ ફરસાણ) થી નીલકી રેલવે ઓવરબ્રિજ (બાબા સાહેબ આંબેડકર રેલવે ઓવરબ્રિજ) સુધી તથા (૬) જુની મીલની ચાલી થી ભરવાડી દરવાજા અને જુની મીલની ચાલી થી કોર્ટ સુધી આ કુલ ૦૬ માર્ગો ઉપર સવારના ૦૭/૦૦ થી રાત્રીના કલાક ૨૨/૦૦ સુધી ભારે - વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ જાહેર કરવા અને જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે. જેથી વિરમગામ સીટી વિસ્તારમાં ટ્રાફિક અકસ્માત ના બનાવો ના બને તે માટે ભારે વાહનોના પ્રવેશવા ઉપર પ્રતિબંધ ફરમાવવો ઉચિત જાણતો હોય નીચે મુજબનો હુકમ કરવો આવશ્યક જણાય છે.

આમુખ-૩ થી એક્યુલાઈફ હેલ્થકેર, ગામ-સચાણા, તા.વિરમગામ ની ૦૬ સ્ટાફ બસને સરદહુ જાહેરનામા માંથી મુક્તિ આપવામાં આવેલ છે.

આમુખ-૪ થી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ વિરમગામ ખાતે કૃષિ પેદાશ લેવા વેચવા માટે આવતા ભારે વાહનોને ગંગાસર ત્રણ રસ્તાથી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ વિરમગામ સુધી છૂટછાટ આપવામાં આવેલ છે.

સબબ હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ થી અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી વિરમગામ સીટીના ઉપરોક્ત સ્થળો ઉપર ભારે વાહનોના પ્રવેશબંધીનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા આથી નીચે મુજબ હુકમ કરું છું.

-:જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર:-

વિરમગામ સીટીના (૧) રૈયાપુર ત્રણ રસ્તાથી, ભરવાડી દરવાજા, વિરમગામ કોર્ટ, બાબા સાહેબ આંબેડકર રેલવે ઓવરબ્રિજ થઇ પંચમુખી સર્કલ સુધી તથા (૨) ગંગાનગર ત્રણ રસ્તા, રાજીવનગર બાય પાસ, મુનસર થઇ તાલુકા સેવાસદન સુધી તથા (૩) નગરપાલિકા કચેરી, ગોલવાડી દરવાજા થઇ ભરવાડી દરવાજા સુધી તથા (૪) ગોલવાડી દરવાજાથી રેલવે સ્ટેશન સુધી તથા (૫) માંડલ ભજીયા (દિનેશ ફરસાણ) થી નીલકી રેલવે ઓવરબ્રિજ (બાબા સાહેબ આંબેડકર રેલવે ઓવરબ્રિજ) સુધી તથા (૬) જુની મીલની ચાલીથી ભરવાડી દરવાજા અને જુની મીલની ચાલીથી કોર્ટ સુધી

-:જાહેરનામા મુજબ પ્રતિબંધિત કૃત્યો:-

ઉપરોક્ત પ્રતિબંધિત વિસ્તારોમાં તમામ પ્રકારના મોટા/ભારે ફોરવ્હિલ વાહનો અને તેનાથી વધુ વ્હિલવાળા વાહનો જેવા કે મીની ટેમ્પો, ટેમ્પો, મીની ટ્રક, ટ્રકોને પ્રવેશવા ઉપર પ્રતિબંધ ફરમાવવા હુકમ કરવામાં આવે છે.

-:જાહેરનામા મુજબ અપવાદ:-

ઉપરોક્ત પ્રતિબંધિત વિસ્તારોમાં સરકારી વાહનો/ સરકારી કામેપ રોકાયેલ વાહનો, આકસ્મિક સંજોગોને પહોંચી વળવા ઉપયોગ માં લેવાતા વાહનો જેવા કે એમ્બુલન્સ, અગ્નિશામક વાહન તેમજ ફૂડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા ના ભારે વાહનો કે જે સરકારશ્રી ની વિવિધ પોષણલક્ષી યોજનાઓ જેવી કે મધ્યાહન ભોજન યોજના, એ.પી.એલ/ બી.પી.એલ/ અંત્યોદયકાર્ડ ધારકો તેમજ અન્ય યોજનાઓમાં વિતરણ કરવાનું અનાજના ટ્રાન્સપોર્ટેશન માટે ઉપયોગમાં લેવાતા ભારે વાહનો, એક્યુલાઈફ હેલ્થકેર, ગામ-સચાણા, તા.વિરમગામ ની આમુખ-૩ થી મુક્તિ આપેલ ૦૬ સ્ટાફ બસો ઉપર પ્રતિબંધ લાગુ પડશે નહીં. તેમજ આમુખ-૪ થી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ વિરમગામ ખાતે કૃષિ પેદાશ લેવા વેચવા માટે આવતા ભારે વાહનોને ગંગાસર ત્રણ રસ્તાથી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ વિરમગામ સુધી છૂટછાટ આપવામાં આવેલ છે.

-:જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો:-

આ હુકમ તા.૨૧/૦૫/૨૦૨૫ થી તા.૧૯/૦૭/૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત) ૬૦ દિવસ માટે દરરોજ સવારના ૦૭:૦૦ કલાકથી રાત્રીના ૨૨:૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

-:જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ:-

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ સજા/દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ (ગ્રામ્ય) વિસ્તારમાં ફરજ બજાવતા પોલીસ સબ ઇન્સ્પેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૯/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

બી. આર. સાગર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

જાહેરનામું

-:: ટ્રાફીક નિયમન અંગે પ્રતિબંધ/ડાયવર્ઝન અંગેનું ::-

નં.ડીસીબી/એમએજી/જી.પી.એ./૨જી.નં.૬૩/૨૦૨૫.-પ્રોજેકટ ડાયરેકટરશ્રી લાર્સન અને ટુબ્રો લિમિટેડ કનૂસ્ટ્રકશન, હેવી સિવિલ ઈનૂફાસ્ટ્રકચરના Ref.No:LTC/MAHSR/Pkg-C4/Sec-1/PL/2024/0440a, તા.૦૫/૦૨/૨૦૨૫ના પત્રથી ક્રોસિંગ બ્રીજના સુપરસ્ટ્રકચરના કામ માટે ચાર મહિના (તા.૧૧/૦૨/૨૦૨૫ થી તા.૦૯/૦૬/૨૦૨૫ સુધી) વાપી-સેલવાસ રોડ પાસેના ક્રોસીંગ બ્રીજ #663ને હંગામી બંધ કરી ડાયવર્ઝન આપવા અંગે દરખાસ્ત કરેલ હતી. સદરહુ દરખાસ્ત અન્વયે સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી પારડી પાસે પોલીસ વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી તથા વિભાગીય નિયામકશ્રી એસ.ટી. વિભાગના તમામ અધિકારીશ્રીઓ સાથે સંયુક્ત સ્થળ તપાસ કરી સદર ડાયવર્ઝન આપવા જાહેરનામુ બહાર પાડવા અભિપ્રાય મંગાવતા તેઓ તરફથી વાપી-સેલવાસ રોડ પાસેના ક્રોસીંગ બ્રીજ #663ને હંગામી ધોરણે બંધ કરી " વાપી-સેલવાસ વર્તમાન રોડથી અંદાજિત ૨૫૦ મીટર સુધી" ડાયવર્ઝન આપવા જાહેરનામુ બહાર પાડવા હકારાત્મક અભિપ્રાય ધ્યાને લઈ અત્રેથી તા.૦૯/૦૬/૨૦૨૫ સુધી જાહેરનામું બહાર પાડેલ છે. પ્રોજેકટ ડાઈરેકટરશ્રી લાર્સન અને ટુબ્રો લિમિટેડ કનૂસ્ટ્રકશન, હેવી સિવિલ ઈનૂફાસ્ટ્રકચરના Ref.No:LTC/MAHSR/Pkg-C4/Sec-1/Admn/2025/0503,તા.૩૧/૦૫/૨૦૨૫ના પત્રથી જણાવ્યા મુજબ ઉપરોક્ત કામગીરી નિયત સમયમાં પૂર્ણ થયેલ ન હોય જાહેરનામાની મુદત લંબાવવા વિનંતી કરેલ છે. જે ધ્યાને લેતા સદર વાપી-સેલવાસ રોડ પાસેના ક્રોસીંગ બ્રીજ #663ને હંગામી બંધ કરી ડાયવર્ઝન આપવું હિતાવહ જણાય છે.

વાસ્તે, હું એમ. ડી. ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (૨૨ માં)ની કલમ-૩૩ ની પેટા કલમ-૧ (બી) અન્વયે મળેલ સત્તાની રૂએ, તા.૧૦/૦૬/૨૦૨૫ થી તા.૩૧/૦૭/૨૦૨૫ સુધી પ્રોજેકટ ડાયરેકટરશ્રી લાર્સન અને ટુબ્રો લિમિટેડની દરખાસ્ત મુજબ ક્રોસીંગ બ્રીજ #663 ના કામ માટે વાપી-સેલવાસ ઉપરના તમામ પ્રકારના આવન-જાવન ઉપર પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાતાં ટ્રાફિક નિયમન અને કાયદો અને વ્યવસ્થાને લક્ષમાં રાખી આથી નીચે જણાવ્યા અનુસાર ડાયવર્ઝન અંગેનું જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

-:: પ્રતિબંધીત માર્ગ ::-

ક્રોસીંગ બ્રીજ #663ના સુપરસ્ટ્રકચરના કામ માટે વાપી-સેલવાસ રોડ પરથી તમામ પ્રકારના વાહનોના આવન-જાવન માટે પ્રતિબંધીત માર્ગ તરીકે જાહેર કરવામાં આવે છે.

-:: ડાયવર્ઝન અંગેની વિગત ::-

વાપી-સેલવાસ વર્તમાન રોડની સમાંતર તૈયાર કરેલ ડાયવર્ઝન રૂટ થી આવન-જાવન કરી શકાશે.

-:: અમલવારી ::-

આ હુકમ તા.૧૦/૦૬/૨૦૨૫ થી તા.૩૧/૦૭/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

-:: શિક્ષા ::-

આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ની કલમ - ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે અને આ હુકમનો ભંગ થયેથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરથી નાયબ પોલીસ અધિક્ષક સુધીનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓને ફરિયાદ માંડવા આથી અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૪/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૭(૧) અન્વયે કાઢેલો

નં.ડીસીબી.એમએજી/જીપીએ/૨જી.૬૪/વશી. ૬૯૪૩ થી ૭૦૦૩/૨૦૨૫.-ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ની કલમ - ૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું એમ.ડી.ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ, આગામી સમયમાં બકરી ઈદના તહેવારની ઉજવણી થનાર હોય જેથી પોલીસ અધિક્ષકશ્રી વલસાડની દરખાસ્ત ધ્યાનમાં લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ, સલામતી જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તા.૦૬/૦૬/૨૦૨૫ થી તા.૨૦/૦૬/૨૦૨૫ સુધી નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની

(ગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બતાવવા તથા ફેલાવો કરવાની

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યક્તિઓ કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોઈ.

(૨) પોલીસ અધિક્ષકશ્રી વલસાડ અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોઈ તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિત.

(૪) સરકારશ્રી દ્વારા આયોજીત વિવિધ કાર્યક્રમો કે અભિયાન.

આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને - ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ના કાયદાની કલમ - ૧૩૫ (૧) તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ મુજબ શિક્ષાને પાત્ર થશે અને આ હુકમનો ભંગ થયેથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરથી નાયબ પોલીસ અધિક્ષક સુધીનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓને ફરિયાદ માંડવા આથી અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ: ૦૫/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૭(૩) અન્વયે કાઢેલો

નં.ડીસીબી.એમએજી/જીપીએ/૨જી.૬૫/વશી. ૭૦૦૪ થી ૪૦૬૪/૨૦૨૫.-ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ની કલમ - ૩૭(૩) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું એમ.ડી.ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ, આગામી સમયમાં બકરી ઈદના તહેવારની ઉજવણી થનાર હોય જેથી પોલીસ અધિક્ષકશ્રી વલસાડની દરખાસ્ત ધ્યાનમાં લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ, સલામતી જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું એમ.ડી.ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને -૧૯૫૧ નો ૨૨ માં)ની કલમ - ૩૭ ની પેટા કલમ - ૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સક્ષમ અધિકારીની મંજુરી વિના વલસાડ જિલ્લામાં તા.૦૬/૦૬/૨૦૨૫ થી તા.૨૦/૦૬/૨૦૨૫ સુધી અનઅધિકૃત રીતે/ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહી, સરઘસ કાઢવું નહીં કે દેખાવ કરવા નહીં.

આ હુકમ સ્મશાન યાત્રા કે એસ.ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, અગર સક્ષમ અધિકારીશ્રીની લેખિત પરવાનગી મેળવનાર બોનોફાઈડ વ્યક્તિઓ તથા સરકારશ્રી દ્વારા આયોજીત કાર્યક્રમો તથા અભિયાનને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને - ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ના કાયદાની કલમ - ૧૩૫ (૧) તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ મુજબ શિક્ષાને પાત્ર થશે અને આ હુકમનો ભંગ થયેથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરથી નાયબ પોલીસ અધિક્ષક સુધીનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓને ફરિયાદ માંડવા આથી અધિકૃત કરવામાં આવે છે.

આથી હું એમ.ડી.ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ ફરમાવું છું કે, આ હુકમની વર્તમાનપત્રો દ્વારા તેની જાહેરાત કરી બહોળી પ્રસિધ્ધ કરવી.

આજ તારીખ:૦૫/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

એમ.ડી.ચુડાસમા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
વલસાડ

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામુ

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું ::

નં.ડીસીબી/એમએજી/જાહેરનામું/ ગ્રા.પં.ચુંટણી/રજી.૬૬/વશી. ૭૧૦૩ થી ૭૨૫૪/૨૦૨૫.-રાજય ચૂંટણી આયોગ ગાંધીનગર દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ નો વિગતવાર કાર્યક્રમ તા.૨૮/૦૫/૨૦૨૫ થી જાહેર કરવામાં આવેલ છે અને તે મુજબ મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫(રવિવાર) ના રોજ યોજાનાર છે. રાજય ચૂંટણી આયોગ ગાંધીનગરના આદેશ ક્રમાંકઃ-રાચપ-ચટણ-સીઓસી-સ્થા. સ્વ.૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા.૧૭/૧૧/૨૦૨૧ થી આપેલ સુચના મુજબ ચુંટણી જાહેર થયા પછી કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે આદર્શ આચાર સંહિતાના અમલ માટે વિવિધ પ્રતિબંધાત્મક હુકમો કરવાના રહે છે.

સદરહું ચૂંટણી દરમ્યાન હિંસક બનાવોમાં તેમજ કાયદો અને વ્યવસ્થાને બગાડતા કૃત્યોમાં હથિયારોનો ઉપયોગ થાય તેવી શકયતા રહે છે જેથી ચુંટણી પ્રક્રિયા દરમ્યાન હથિયારોનો ગેરકાયદેસર રીતે ઉપયોગ ન થાય તે માટે સમગ્ર વલસાડ જિલ્લાના ગ્રામ પંચાયત ચુંટણી હેઠળના વિસ્તારમાં હથિયારો સાથે હરવા ફરવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાતા અત્રેના તા.૩૧/૦૫/૨૦૨૫ના જાહેરનામા ક્રમાંક-ડીસીબી/એમએજી/જાહેરનામુંગ્રા. પં.ચુંટણી /રજી.૬૨/વશી.૬૬૪૩ થી ૬૮૫૦/૨૦૨૫ થી પ્રથમ તબક્કે હથિયારની હેરફેર ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. પરંતુ ગ્રામ પંચાયત ચુંટણી સ્થાનિક લેવલે યોજાતી હોઈ સ્થાનિક લેવલે કોઈ ઘર્ષણ ઉભું ન થાય અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ચુંટણી હેઠળના વિસ્તારમાં રહેતા પરવાનેદારોના હથિયાર જમા લેવા જરૂરી જણાય છે.

વાસ્તે, હું ભવ્ય વર્મા (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે,

(૧) સમગ્ર વલસાડ જિલ્લાના ગ્રામ પંચાયત ચુંટણી હેઠળના વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની વ્યાખ્યામાં આવતું કોઈપણ હથિયાર ધારણ કરવું નહીં અથવા આવા હથિયાર સાથે હરવું ફરવું નહીં.

(૨) સમગ્ર વલસાડ જિલ્લામાંથી કે બહારના જિલ્લામાંથી મેળવેલ પરવાના ધારણ કરનાર વ્યકિતઓએ સમગ્ર વલસાડ જિલ્લાના ગ્રામ પંચાયત ચુંટણી હેઠળના વિસ્તારમાં વસવાટ કરતા હોય તો તેઓએ પણ હથિયાર/હથિયારો ધારણ કરવા નહી અથવા હથિયાર/હથિયારો સાથે જાહેરમાં હરવું ફરવું નહીં તેમજ આ આદેશ સમગ્ર વલસાડ જિલ્લાના ગ્રામ પંચાયત ચુંટણી હેઠળના વિસ્તારમાં રહેતા અને સમગ્ર વલસાડ જિલ્લાની મુલાકાતે આવેલ તમામ હથિયાર પરવાના ધારકોને પણ લાગુ પડશે.

(૩) ગ્રામ પંચાયત ચુંટણી હેઠળના વિસ્તારમાં રહેતા પરવાનેદારોએ આર્મ્સ એકટ હેઠળ મંજુર કરવામાં આવેલ પરવાનાવાળા દરેક પ્રકારના હથિયાર કે હથિયારો દિન-૦૫ માં જે-તે પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાના રહેશે. સંબંધકર્તા પોલીસ સ્ટેશનોએ તથા પોલીસ હેડક્વાર્ટરે સંબંધિત પોલીસ સ્ટેશનના વિસ્તારમાં રહેતા હથિયાર પરવાનો ધરાવતા વ્યક્તિઓ દ્વારા ગ્રામ પંચાયત ચુંટણી હેઠળના વિસ્તારમાં હથિયાર કે હથિયારો જમા કરાવવામાં આવે તે માટે પગલા લેવા તેમજ તમામ હથિયારો જમા થઈ ગયા અંગેની જાણ અત્રેની કચેરીને કરવાની રહેશે.

(૪) જે હથિયાર પરવાનાઓની મુદત પૂર્ણ થઈ ગયેલ હોય અને રીન્યુઅલ અર્થે અત્રેની કચેરીમાં રજૂ કરેલ હોય તેવા હથિયાર પરવાના હેઠળના હથિયારો પરવાનાની ઝેરોક્ષ નકલ, રીન્યુ અરજી રજૂ કર્યાની આ કચેરીની પહોંચ તથા રીન્યુ ફી ભર્યા અંગેના ચલણની નકલની ખરાઈ કરી જમા લેવાના રહેશે અને તેવી જ રીતે ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયે પરત સોંપવાના રહેશે.

અપવાદઃ-

ઉપરોક્ત ક્રમાંક નં. (૧) થી (૪) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(અ) સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમને ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય તે વ્યકિતઓને.

(બ) રાષ્ટ્રિયકૃત તેમજ સહકારી બેંકો અને સેન્ટ્રલ ગવર્મેન્ટ તેમજ રાજય સરકારના જાહેર સાહસોની સુરક્ષા અર્થે રાખેલ સીકયુરીટી ગાર્ડ તેમજ સમગ્ર વલસાડ જિલ્લાના વિસ્તારમાં આવેલ સોના-ચાંદીની દુકાનોની સલામતીની ફરજ બજાવતા ગાર્ડને (વ્યકિતઓને) તથા પેટ્રોલપંપ પર ફરજ બજાવતા સુરક્ષાકર્મીઓ તેમજ મોટા ઔદ્યોગિક એકમો કે જે કંપનીના નામે હથિયાર પરવાનો ધરાવતા હોય તેઓને કામકાજના સમય દરમ્યાન હથિયાર સુરક્ષા અર્થે રાખવાની છુટ રહેશે.

(ક) નેશનલ રાયફલ એસોસીયેશનના રમતવીરો.

આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષા થઈ શકશે. જાહેરનામાંનો ભંગ થયેથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રી કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓને ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તા.૧૦/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યો.

ભવ્ય વર્મા,
જિલ્લા મેજીસ્ટ્રેટ
વલસાડ

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૭(૩) અન્વયે કાઢેલો

નં.ડીસીબી.એમએજી/જીપીએ/૨જી.૪૬/વશી. ૪૩૮૪ થી ૪૪૪૦/૨૦૨૫.-ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ની કલમ - ૩૭(૩) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું એ.કે.કલસરીયા, ઈ.ચા. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ, હાલ વેકેશન હોય હરવા ફરવાના સ્થળોએ વધુ ભીડ થતી હોય જેથી પોલીસ અધિક્ષકશ્રી વલસાડની દરખાસ્ત ધ્યાનમાં લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ, સલામતી જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું એ.કે.કલસરીયા, ઈ.ચા. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને -૧૯૫૧ નો ૨૨ માં)ની કલમ - ૩૭ ની પેટા કલમ - ૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સક્ષમ અધિકારીની મંજુરી વિના વલસાડ જિલ્લામાં તા.૨૨/૦૫/૨૦૨૫ થી તા.૦૫/૦૬/૨૦૨૫ સુધી અનઅધિકૃત રીતે/ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહી, સરઘસ કાઢવું નહીં કે દેખાવ કરવા નહીં.

આ હુકમ સ્મશાન યાત્રા કે એસ.ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, અગર સક્ષમ અધિકારીશ્રીની લેખિત પરવાનગી મેળવનાર બોનોફાઈડ વ્યક્તિઓ તથા સરકારશ્રી દ્વારા આયોજીત કાર્યક્રમો તથા અભિયાનને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને - ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ના કાયદાની કલમ - ૧૩૫ (૧) તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ મુજબ શિક્ષાને પાત્ર થશે અને આ હુકમનો ભંગ થયેથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરથી નાયબ પોલીસ અધિક્ષક સુધીનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓને ફરિયાદ માંડવા આથી અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ:૨૦/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

એ.કે.કલસરીયા,
ઈ.ચા. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
વલસાડ

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :–

(૧) ફડચા અધિકારી શ્રી પરસાંતજ સેવા સહકારી મંડળી લી. (ફડચામાં)મુ.પરસાંતજ તા.ખેડા જી.ખેડા અને ધી ખેડા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. નડીયાદના પત્ર ક્રમાંક : કેડીસીસી/એગ્રે.ઓ/રીકવરી/૨૪-૨૫/૪૮૨૦ નો મંડળીને પુન :જીવીત કરવા અંહેનો અહેવાલ

(૨) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ-૨/૭૦/૨૦૧૩નો મંડળીને ફડચામાં લઈ જવાની આખરી હુકમ

(૩) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૯.

(૪) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક જીએચકેએચ/૫૧/૨૦૦૫/એન.એસ. બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા.૨૧/૦૭/૨૦૧૧.

પ્રસ્તાવના

જા.નં.સરમ/૦૧/ગ-૨/૨૩૭/૨૦૨૫ ધી પરસાંતજ સેવા સહકારી મંડળી લી. મું. પરસાંતજ તા.ખેડા જી.ખેડાને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ અન્વયે નોંધણી નંબર-૨૨૨૧૫ તા.૨૯/૦૫/૧૯૫૫ થી નોંધાયેલ સેવા સહકારી મંડળી છે. આમુખ-૩ થી ઉકત સંસ્થાને કલમ-૧૦૭ હેઠળ તા.૧૨/૦૨/૨૦૧૩ ના આખરી હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ. જે હુકમને અધિક રજિસ્ટ્રાર અપીલ સમક્ષ પડકારવામાં આવેલ જેનો નિકાલ થયા બાદ ફડચા અધિકારીશ્રી દ્વારા તા.૦૪/૦૨/૨૦૨૫ ના રોજ ચાર્જ સંભાળેલ હતો.

સદર સંસ્થાને પુનઃજીવીત કરવા સંદર્ભે વંચાણે લીધા ક્રમાંક-૧ થી ફડચા અધિકારીશ્રીએ જરુરી ભલામણ સહ અહેવાલ કરેલ છે. મંડળીના ૪૦ જેટલા સભાસદોએ તા.૧૫/૦૩/૨૦૨૫ ના રોજ ફડચા અધિકારીની રુબરુમાં મીટીંગ ભરી મંડળીને પુનઃજીવીત કરવા બાબતે કરેલ રજૂઆત મુજબ મંડળી ફડચામાં જવાને કારણે સભાસદોને ધિરાણ તથા ખાતર મેળવવામાં પડતી મુશ્કેલીઓને ધ્યાને લઈને મંડળી પુનઃ જિવીત કરવાનો તથા મંડળી કાર્યક્ષમ બની શકાશે તેવો અભિપ્રાય આપેલ છે.

ઉપરોકત તમામ હકીકતો આમુખ-૩ મુજબ ધી પરસાંતજ સેવા સહકારી મંડળી લી. મું.પરસાંતજ તા.ખેડા જી.ખેડાને પુનઃજીવીત કરતો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું સ્તુતિ રાવલ, જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ નડીયાદ મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૯ અન્વયે પ્રાપ્ત થયેલ સત્તાની રુએ ધી પરસાંતજ સેવા સહકારી મંડળી લી. મું.પરસાંતજ તા.ખેડા જી.ખેડાને પુનઃજીવીત કરવાનો નીચેની શરતોએ હુકમ કરુ છું.

(૧) મંડળીએ પોતાનો વહીવટ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ તથા મંજુર થયેલ પેટાનિયમ મુજબ કરવાનો રહેશે.

(૨) મંડળીએ પ્રોજેકટ રીર્પોટ એક માસ ની અંદર અત્રે મોકલી આપવાનો રહેશે.

(૩) હિસાબી વર્ષ પૂર્ણ થયે મંડળીનું વૈધાનિક ઓડીટ કરાવી મંડળીમાં પ્રગતિ અંગેનો અહેવાલ અત્રે મોકલવાનો રહેશે.

નડીયાદ તાઃ ૨૯મી માર્ચ ૨૦૨૫

વંચાણે લીધા :–

(૧) અત્રેની કચેરીના વચગાળા હુકમ ક્રમાંક ફડચ/૦૧/ગ-૨/૨૦૨/૨૦૨૪ તા.૨૮/૦૨/૨૦૨૫

(૨) ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ અને ૧૦૮ ની જોગવાઈઓ.

(૩) કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક જીએચ કેએચ/૫૧/૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ તા.૨૧/૦૭/૨૦૧૧ થી મળેલ અધિકાર

પ્રસ્તાવના

જા.નં.ફડચ/૦૧/ગ-૨/૨૪૪/૨૦૨૫ ધી પીજ ભાગોળ ગ્રાહક સહકારી ભંડાર લી. નડીયાદ મું. તા.નડીયાદ જી.ખેડા કે જેનો નોંધણી ક્રમાંક ભં-૯૩૮૩ તા.૨૨/૦૧/૧૯૮૦ છે. તેના આ કચેરી ના વંચાણે લીધા ક્રમાંક -૧ મુજબ વચગાળાનો આદેશ થયેલ છે. જે આટોપી લેવાનો આદેશ સામે મંડળીએ વાંધો વિરોધ કે રજુઆત કરવી હોય તો આદેશ થયાથી એક માસની અંદર રજુઆત કરવા જણાવેલ હતું પરંતુ મંડળી તરફેથી કોઈ રજુઆત થયેલ નથી આમ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ અન્વયે ની મંડળીને આટોપી લેવા સંબધે અંતીમ આદેશ કરતા પૂર્વે મંડળીને પુરતી તકો આપવામાં આવેલ મંડળીના સભ્યો/હોદ્દેદારો ને મંડળી ચલાવવામાં કોઈ રસ જણાતો નથી. ઉકત વિગતો જોતાં મંડળીને આટોપી લેવાનું અનિવાર્ય હોવાથી નીચે મુજબ નો અંતીમ આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી હું સ્તુતી રાવલ, જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, નડીયાદ મને મળેલ સત્તાની રૂએ ધી પીજ ભાગોળ ગ્રાહક સહકારી ભંડાર લી. નડીયાદ મું.તા.નડીયાદ જી.ખેડા કે જેનો નોંધણી ક્રમાંક ભં-૯૩૮૩ તા.૨૨/૦૧/૧૯૮૦ થી નોંધયેલ સહકારી મંડળીને અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ મુજબ ના કારણોસર આટોપી લેવા કરવામાં આવેલ ઉકત વંચાણે લીધા ક્રમાંક ૧ મુજબનો વચગાળાનો હુકમ કાયમ કરુ છુ. અને સદરહું કાયદાની કલમ-૧૦૮ અન્વયે મંડળી ના ફડચા અધિકારી તરીકે શ્રી એસ.એમ.મલેક ઈ.ચા.સહકારી અધિકારી ગ્રેડ-૨ (ફડચો) લગત સદર કચેરી ની નિમણુંક કરવામાં આવે છે.

(૧) ફડચા અધિકારીશ્રીએ સદરહું મંડળીની ફડચાની કામગીરી ૫ (પાંચ) વર્ષ ની મુદત માં પુર્ણ કરવાની રહેશે.

(૨) ફડચા અધિકારીશ્રીએ સદરહું મંડળીનો હવાલો તાત્કાલીક મેળવી લઈ મંડળીના દેવા-લેણાં ની ખાતરી કરી , સૌ પ્રથમ સરકારી બાકી લેણાં, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ,શેરફાળાની ચુકવણી કરવા સુચના છે.

નડીયાદ તાઃ ૩૦/૦૪/૨૦૨૫

વંચાણે લીધા :–

(૧) અત્રેની કચેરીના વચગાળા હુકમ ક્રમાંક ફડચ/૦૧/ ગ-૨/૬૧૯/૨૦૨૪ તા.૧૩/૧૨/૨૦૨૪

(૨) ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ અને ૧૦૮ ની જોગવાઈઓ.

(૩) કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક જીએચ કેએચ/૫૧/૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ તા.૨૧/૦૭/૨૦૧૧ થી મળેલ અધિકાર

પ્રસ્તાવના

જા.નં.ફડચ/૦૧/ગ-૨/૨૪૫/૨૦૨૫ ધી જયભવાની નર્મદા સિંચાઈ સહકારી મંડળી લી. મું.ભાનેર તા.કઠલાલ જી.ખેડા કે જેનો નોંધણી ક્રમાંક પી-૭૦૭૮ તા.૧૯/૦૯/૨૦૧૧ છે. તેના આ કચેરી ના વંચાણે લીધા ક્રમાંક -૧ મુજબ વચગાળાનો આદેશ થયેલ છે. જે આટોપી લેવાનો આદેશ સામે મંડળીએ વાંધો વિરોધ કે રજુઆત કરવી હોય તો આદેશ થયાથી એક માસની અંદર રજુઆત કરવા જણાવેલ હતું પરંતુ મંડળી તરફેથી કોઈ રજુઆત થયેલ નથી આમ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ અન્વયે ની મંડળીને આટોપી લેવા સંબધે અંતીમ આદેશ કરતા પૂર્વે મંડળીને પુરતી તકો આપવામાં આવેલ મંડળીના સભ્યો/હોદ્દેદારો ને મંડળી ચલાવવામાં કોઈ રસ જણાતો નથી. ઉકત વિગતો જોતાં મંડળીને આટોપી લેવાનું અનિવાર્ય હોવાથી નીચે મુજબ નો અંતીમ આદેશ કરવામાં આવે છે.

હુકમ

આથી હું સ્તુતી રાવલ, જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, નડીયાદ મને મળેલ સત્તાની રૂએ ધી જયભવાની નર્મદા સિંચાઈ સહકારી મંડળી લી. મું.ભાનેર તા.કઠલાલ જી.ખેડા કે જેનો નોંધણી ક્રમાંક પી-૭૦૭૮ તા.૧૯/૦૯/૨૦૧૧ થી નોંધયેલ સહકારી મંડળીને અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ મુજબ ના કારણોસર આટોપી લેવા કરવામાં આવેલ ઉકત વંચાણે લીધા ક્રમાંક ૧ મુજબનો વચગાળાનો હુકમ કાયમ કરુ છુ. અને સદરહું કાયદાની કલમ-૧૦૮ અન્વયે મંડળી ના ફડચા અધિકારી તરીકે શ્રી એસ.એમ.મલેક ઈ.ચા.સહકારી અધિકારી ગ્રેડ-૨ (ફડચો) લગત સદર કચેરી ની નિમણુંક કરવામાં આવે છે.

(૧) ફડચા અધિકારીશ્રીએ સદરહું મંડળીની ફડચાની કામગીરી ૫ (પાંચ) વર્ષ ની મુદત માં પુર્ણ કરવાની રહેશે.

(૨) ફડચા અધિકારીશ્રીએ સદરહું મંડળીનો હવાલો તાત્કાલીક મેળવી લઈ મંડળીના દેવા-લેણાં ની ખાતરી કરી , સૌ પ્રથમ સરકારી બાકી લેણાં, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ,શેરફાળાની ચુકવણી કરવા સુચના છે.

નડીયાદ તાઃ ૦૩જી એપ્રિલ ૨૦૨૫

સ્તુતી રાવલ
જીલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ, નડીયાદ

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

જાહેરનામું

નોંધણીનંબરઃ-નધણ/વીએલડી/સા(હા)-૨૦૨૫૦૦૨૮૪/ ૧૦૧/૩૫૦/૨૦૨૫ આથી જાહેર કરે છે સન સેરેનીટી એ-બી વીંગ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી.નવા સર્વે નં.૨૬૭૩/૨૬૭૫ સન સીગનેચર-૨ ની બાજુમાં સેલવાસ રોડ, ડુંગરા વાપી તા.વાપી જિ.વલસાડને

સને ૧૯૬૨ ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવેલ છે.

વલસાડ, તાઃ ૦૨જી એપ્રિલ ૨૦૨૫

જાહેરનામું

નોંધણી નંબરઃ-નધણ/વીએલડી/સા(હા)-૨૦૨૫૦૦૨૮૫/ ૯૯/૩૪૯/ ૨૦૨૫ આથી જાહેર કરે છે શ્રીજી પેલેસ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી.નવા સર્વે નં.૪૦૪/૨/૩ ટાંકી ફળિયા ભીખી માતા મંદિર પાસે ગીતાનગર વાપી તા.વાપી જિ.વલસાડને

સને ૧૯૬૨ ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવેલ છે.

વલસાડ, તાઃ ૦૨જી એપ્રિલ ૨૦૨૫

જાહેરનામું

નોંધણીનંબરઃ-નધણ/વીએલડી/સા(હા)-૨૦૨૫૦૦૨૮૬/ ૧૦૩/૩૮૮/૨૦૨૫ આથી જાહેર કરે છે રાજમોહન કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી.વાવચોકડી આસુરા, તા.ધરમપુર જિ. વલસાડને

સને ૧૯૬૨ ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવેલ છે.

વલસાડ, તાઃ ૦૨જી એપ્રિલ ૨૦૨૫

જે.એન.પટેલ
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ (હા) વલસાડ

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :–

(૧) અત્રેની કચેરીના તા.૨૫/૦૭/૨૦૧૭ હુકમ ક્રમાંકઃ-ઉખસ/ ફડચ/૦૧/૯૫/૮૯૮/૨૦૧૭ ના રોજ નો ફડચાનો અંતિમ હુકમ.

(૨) ફડચા અધિકારીનો પત્ર તા.૦૧/૦૩/૨૦૨૫ પત્ર ક્રમાંક ફડચ/૦૧/૭/૨૦૨૫

(૩) તા.૨૯/૧૨/૨૦૨૪ ના રોજ મળેલ ઠરાવની નકલ

(૪) ગુજરાત રાજય સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૯ તથા ગુજરાત રાજય સહકારી મંડળી નિયમોના નિયમ-૧૦ ની જોગવાઈ.

(૫) નામદાર ગુજરાત સહકારીશ્રી કૃષિ સહકાર વિભાગના તા.૨૧/૭/૧૧ના જાહેરનામાં ક્રમાંક જીએચકેએચ/૫૧/૨૦૦૫ /એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, અન્વયે મળેલ સત્તાઓ.

પ્રસ્તાવના

જા.નં:- ઉખસ/ફડચ//૦૧/૧૬/૩૬૮/૨૦૨૫ આમુખ-૧થી વંચાણે લીધેલ હુકમથી મ.સ, ઓઝરડા દુધ સહકારી મંડળી લી.મુ. ઓઝરડા તા.કપરાડા જિ.વલસાડને અત્રેની કચેરીના તા.૨૫/૦૭/૨૦૧૭ હુકમ ક્રમાંક ઉખસ/ફડચ/૦૧/૯૫/૮૯૮/૨૦૧૭ થી ફડચામાં લઈ જવામાં આવેલ છે. અને ફડચા અધિકારીશ્રી એ સદરહું સંસ્થાનો હવાલો સંભાળી લીધેલ હતો.

આમુખ-૨થી વંચાણે લીધેલ ફડચા અધિકારી લગત વલસાડ જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી. આલીપુરે મ.સ. ઓઝરડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી.મુ. ઓઝરડા તા.કપરાડા જિ.વલસાડને પુનઃજીવીત કરવા સબંધેની દરખાસ્ત અત્રેની કચેરીને કરેલ છે.

આમુખ-૩ થી વંચાણે લીધેલ મંડળીની તા.૨૯/૧૨/૨૦૨૪ના રોજ મળેલ સભાની પ્રોસીડીગમાં મંડળીને પુનઃજીવીત કરવા ઠરાવ પસાર કરેલ છે. ઉકત ઠરાવમા મંડળી જે બાબતોને લઈ ફડચામા ગયેલ છે. તેનું પુનરાવર્તન ન થાય તે સબંધે સભાસદો સંમત થયેલ છે. સંસ્થાને ફડચામાં લઈ જવાને કારણે સભાસદોને આવકમાં ઘટાડો થયો તેને સભાસદોની આવકમાં વધારો હેતું, મંડળીને પુનઃજીવીત કરવા જણાવેલ છે. મંડળીને પુનઃજીવીત કરવા અંગેની કાર્યવાહી કરવા માટેની ફડચા અધિકારીશ્રી ને સત્તા આપવામાં આવેલ છે.

આમુખ-૪ થી વંચાણે લીધેલ સહકારી કાયદાની કલમ-૧૯ તેમજ ગુજરાત સહકારી મંડળીના નિયમોના નિયમ-૧૦ થી પુનઃરચના અંગેની જોગવાઈ થયેલ છે.

ઉપરોકત પેરા નં-૧ થી ૪ ની તમામ વિગતોને મધ્યે નજર રાખી નીચેની શરતોને આધિન હુકમ કરવામાં આવે છે.

શરતો

૧. મંડળીનો નોંધણી નંબર અને તારીખ યથાવત રહેશે.

૨. મંડળીના પેટા નિયમમાં કોઈ સુધારા-વધારા કે ફેરફાર કરવામાં આવતાં નથી.

૩. પુનઃજીવીત માટેની યોજનાકીય રુપરેખાનું ચુસ્તપણે પાલન કરી મંડળીને અર્થક્ષમ બનાવવાની રહેશે.

૪. મંડળીના પેટા નિયમના ઉદેશો મુજબ કામગીરી તાકીદે હાથ ધરવાની રહેશે. અને તેનો દર માસે પ્રગતિ અહેવાલ અત્રેની કચેરીને નિયમિત મોકલવાનો રહેશે.

૫. શેરમૂડીની રકમમાં કોઈ વધારો-ઘટાડો કરવામાં આવતો નથી.

હુકમ

આથી હું એચ.ડી.કાછડ જિલ્લા રજિસ્ટાર સહકારી મંડળીઓ વલસડ ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ -૧૯ તેમજ ગુજરાત સહકારી મંડળીના નિયમો ૧૯૬૫નાં નિયમોના નિયમ-૧૦ અંતર્ગત આમુખ-૫ થી મને મળેલ સત્તા રુએ મ.સ.ઓઝરડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ.ઓઝરડા તા..કપરાડા જિ.વલસાડ જેનો નોંધણી ક્રમાંક.સે.દુ-૩૭૬૧૯ તા.૩૦/૦૩/૨૦૦૯ છે. જેને પુનઃજીવીત કરવા હુકમ કરુ છું.

વલસાડ તા:-૦૪થી એપ્રિલ ૨૦૨૫

એચ.ડી.કાછડ
જિલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ વલસાડ

જિલ્લા રજીસ્ટ્રાર દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક :CSAHDCSAHAA202500242 ૨૦૨૫ આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી આનંદ રેસીડેન્સી કો.ઓ.હાઉસીગ સર્વિસ સોસાયટી લી. મુ:મણિનગર તા:મણિનગર જિ:અમદાવાદને

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા: ૨૮મી માર્ચ, ૨૦૨૫

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક :CSAHDRSAHAA202500243 ૨૦૨૫ આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ભાગવત એમ્બીટ ઈન્ડસ્ટ્રીયલ કો.ઓ.કોમર્શિયલ સર્વિસ સોસાયટી લી. મુ:કઠવાડા તા: દસક્રોઈ જિ:અમદાવાદને

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા: ૨૮મી માર્ચ, ૨૦૨૫

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક :CSAHDCSAHAA202500244 ૨૦૨૫ આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, પરમ સેરેનીટી કો.ઓ. હાઉસીગ સર્વિસ સોસાયટી લી. મુ:મુઠિયા તા: અસરવા જિ:અમદાવાદને

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા: ૨૮મી માર્ચ, ૨૦૨૫

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક :CSAHDCSAHAA202500250 ૨૦૨૫ આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી સ્વરા સ્કાયવિલે કો.ઓ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. મુ:શેખપુર-ખાનપુર તા: સાબરમતી જિ:અમદાવાદને

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા: ૨૮મી માર્ચ, ૨૦૨૫

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક :CSAHDCSAHAA202500264 ૨૦૨૫ આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, અક્ષત હેઝલ કો.ઓ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. મુ:સોલા તા: ઘાટલોડીયા જિ:અમદાવાદને

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા: ૨૯મી માર્ચ, ૨૦૨૫

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : CSAHDCSAHAA202500280 ૨૦૨૫ આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, અનંતબાગ વિલ્લા કો.ઓ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. મુ:થલતેજ તા:ઘાટલોડીયા જિ:અમદાવાદને

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા: ૦૧લી એપ્રિલ, ૨૦૨૫

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : CSAHDCSAHAA202500281 ૨૦૨૫ આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ધી ઈમ્પીરિયન કો.ઓ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. મુ:શીલજ તા:ઘાટલોડીયા જિ:અમદાવાદને

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા: ૦૧લી એપ્રિલ, ૨૦૨૫

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક :CSAHDCSAHAA202500291 ૨૦૨૫ આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ગજાનન રોયલ કો.ઓ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. મુ:વટવા તા:વટવા જિ:અમદાવાદને

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા: ૦૪થી એપ્રિલ, ૨૦૨૫

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક :CSAHDCSAHAA202500292 ૨૦૨૫ આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ગજાનન બંગ્લોઝ કો.ઓ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. મુ:વટવા તા:વટવા જિ:અમદાવાદને

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા: ૦૪થી એપ્રિલ, ૨૦૨૫

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક :CSAHDCSAHAA202500293 ૨૦૨૫ આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, કોપર ૮૪ કો.ઓ. હાઉસીંગ એન્ડ કોમર્શીયલ સર્વિસ સોસાયટી લી. મુ:ચિલોડા(નરોડા) તા:અમદાવાદ જિ:અમદાવાદને

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા: ૦૪થી એપ્રિલ, ૨૦૨૫

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક : CSAHDCSAHAA202500298 ૨૦૨૫ આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, સિધ્ધિ વિનાયક પ્રોસ્પેરા કો.ઓ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. મુ:બોપલ તા:દસક્રોઈ જિ:અમદાવાદને

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા: ૦૪થી એપ્રિલ, ૨૦૨૫

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંક :CSAHDCSAHAA202500299 ૨૦૨૫ આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, એમ્પ્રલ એલીઝયમ-૨ કો.ઓ.હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. મુ: રાજપુર-હીરપુર તા:મણી-નગર જિ:અમદાવાદને

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તા: ૦૪થી એપ્રિલ, ૨૦૨૫

વી.આર.કપુરીયા
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ, (હાઉસિંગ)
અમદાવાદ

નં.REG-SAB/SE-47745/2025 આથી જાહેર કરે છે કે ધી અદાપુર ગામની સેવા સહકારી મંડળી લી. મુ.અદાપુર તા.હિંમતનગર જિ:સાબરકાંઠા

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

સાબરકાંઠા, તા: ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૫

નં.REG-SAB/SE(M)-47746/2025 આથી જાહેર કરે છે કે ધી કલસ્ટર લેવલ ફેડરેશન મહિલા સહકારી મંડળી લી. મુ.ભવાનગઢ તા.વડાલી, જિ:સાબરકાંઠા

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

સાબરકાંઠા, તા: ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૫

નં.REG-SAB/SE(M)-47747/2025 આથી જાહેર કરે છે કે ધી જય ભવાની સેવા સહકારી મંડળી લી. મુ.નારાજીના મુવાડા(અણીયોડ) તા.તલોદ, જિ:સાબરકાંઠા

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

સાબરકાંઠા, તા: ૦૧લી માર્ચ, ૨૦૨૫

નં.REG-SAB/SE-47748/2025 આથી જાહેર કરે છે કે ધી લાલાની મુવાડી સેવા સહકારી મંડળી લી. મુ.લાલાની મુવાડી, તા. તલોદ, જિ:સાબરકાંઠા

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

સાબરકાંઠા, તા: ૦૧લી માર્ચ, ૨૦૨૫

નં.REG-SAB/SE-47749/2025 આથી જાહેર કરે છે કે ધી પડુસણ સેવા સહકારી મંડળી લી. મુ.પડુસણ, તા.તલોદ, જિ:સાબરકાંઠા

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

સાબરકાંઠા, તા: ૦૧લી માર્ચ, ૨૦૨૫

સહી અવાચ્ય
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ, સાબરકાંઠા
હિંમતનગર

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.10.10 10:17:08 IST